PATANGIANO PASSWORD (Gujarati Edition)

Oza , Durgesh

પતંગિયાનો પાસવર્ડ

દુર્ગેશ ઓઝા



patangiano password
By Durgesh Oza
Published by Gurjar Granthratna Karyalay,

Gandhi Road, Ahmedabad 380 001

પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-380001
ફોન : 079-22144663, 09227044777
e-mail : goorjar@yahoo.com
ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006.
ફોન : 26564279 email : bhagwatioffset@yahoo.com

અર્પણ

* ઉદ્યોગજગતના અગ્રણી, અનેકને રોજગારી અને રચનાત્મક ભાથું પૂરું પાડતા, સેવાપ્રવૃત્તિમાં અગ્રસર, સાહિત્ય અને સંવાદના માણસ, પોરબંદરનું ગૌરવ શ્રી પદુભાઈ રાયચુરાને..

(એમનો શુભેચ્છાસંદેશ: શ્રી દુર્ગેશભાઈની લઘુકથાઓ થોડામાં ઘણું કહી જાય તે પ્રકારે ખૂબ સમજપૂર્વક, ચીવટપૂર્વક વિષયોની પસંદગી કરીને લખાયેલ મેં અનુભવી છે. એમને મારા ખૂબ અભિનંદન. તેઓના પ્રયત્નોનો ધોધ ભલે ના જોવા મળે, પરંતુ સુંદર મનભાવન ઝરણાં મળતાં રહે તેવી શુભેચ્છાઓ.)

* સ્વદેશી અભિયાનનાં પ્રણેતા, પ્રખર ગાંધીજન, સાહિત્ય વગેરે કળાનાં સંવર્ધક, લેખિકા ડૉ. સુરેખાબહેન નંદલાલ શાહ (પોરબંદર) ને..

* સર્જકોને પ્રોત્સાહન આપતા ઉમદા માણસ, લેખક અને સાહિત્યપ્રેમી પ્રો. શ્રી ઉલ્હાસભાઈ બક્ષીને..

* પોરબંદરના જાણીતા કવિ સ્વ. શ્રી રામજીભાઈ પાડલીયા તેમજ એમના સુપુત્ર, ઉમદા ચિત્રકાર શ્રી બલરાજભાઈ પાડલીયાને.

* સંવેદના, માનવતા અને બાળક જેવી સહજતા જેમનામાં સદા જીવે છે એવા સૌ માણસોને તથા એવાં મારાં માતા-પિતા સ્વ.
શ્રી સુધાબહેન ઓઝા તથા સ્વ. શ્રી ભાસ્કરરાય ઓઝાને.

ક્ષણનો સૂરજ

મહેમાને કહ્યું, 'આ આટલાં બધાં સુંદર ફૂલોની સુગંધથી તમારું ફળિયું કેવું મહેકી ઊઠ્યું છે! સુગંધ છેક ઘરમાં પ્રસરી રહી છે!' યજમાન કહે, 'વાત સાચી, તમે જે ફૂલો બતાવ્યાં એ સુંદર જ છે, પણ જે સુગંધ આવે છે તે એ ફૂલોના સમૂહની નથી. એની બાજુમાં જે એક નાનકડું ફૂલ છે, એ એક જ ફૂલની આ સૌરભ છે!'

કપાળમાં રહેલો એક સાવ નાનકડો ચાંદલો સ્ત્રીની શોભા વધારે છે, અનેરી ઓળખ આપે છે. નાનકડો તારો અમાસમાં ચંદ્રની ગેરહાજરી વર્તાવા નથી દેતો. મૂળને પાણી પાઈએ છીએ તો વટવૃક્ષ ખડું થઈ જાય છે. આ બીજનો પ્રતાપ. ભક્તકવિ શ્રી નરસિંહ મહેતાએ કહ્યું છે ને કે 'બીજમાં વૃક્ષ તું...' નાનું પતંગિયું કેવું મનહર ને સુંદર લાગે છે!

લઘુકથાનું કંઈક આવા નાના ફૂલ, બીજ, ચાંદલા, તારા કે પતંગિયા જેવું છે. નાનો પણ રાઈનો દાણો. મુઠ્ઠીમાં ગગન.

આપણે હથેળીમાં જળ લઈ સૂરજને અર્ઘ્ય આપીએ છીએ. એ હથેળી નાની ને જળ લાગે ઓછું, પણ સૂરજ એનાથી સંતુષ્ટ. કદાચ એટલે જ વરસાદ અને પ્રકાશ આવો ધોધમાર ને તેજસ્વી હશે. રવિનું એક જ કિરણ સવાર પડ્યાની નિશાની આપવા પૂરતું છે. લઘુકથાનું કંઈક આવું જ છે. એ તો ક્ષણનો સૂર્ય.

ફળની ભાષામાં કહીએ તો નવલકથા, ટૂંકી વાર્તા ને લઘુકથા એ અનુક્રમે તરબૂચ, કેરી, દ્રાક્ષ છે. દરેકની અલગ મીઠાશ છે, સ્વતંત્ર અસ્તિત્વ છે. ક્રિકેટની ભાષામાં આ અનુક્રમે ટેસ્ટ મૅચ, ૫૦-૫૦ ઓવરની વન-ડે ને ૨૦-૨૦ ઓવરની વન-ડે મૅચ છે. લઘુકથામાં માત્ર સ્થૂળ કદ નાનું છે, હૃદયનું કે ગુણવત્તા વગેરે સારાં તત્ત્વોનું કદ તો વિશાળ. મોટી વાતને કાપકૂપ કરીને ટૂંકમાં રજૂ કરવી એવું PRECIS WRITNG - સારલેખન એ લઘુકથા નથી. લાઘવ છે તે સ્વયંભૂ છે. પહેલેથી જ 'સહજપણે' ઓછા શબ્દોમાં પ્રગટે છે. જોકે વાર્તામાંથી સાર લઈને સારી લઘુકથા સર્જી શકાય. લઘુકથા એવું પ્રાણવાન સાહિત્યસ્વરૂપ છે જે થકી આપણને એના વિસ્તાર દ્વારા બીજી સારી વાર્તાઓ મળી શકે. આમ એમાં કોઈ જડતા કે બાધ નથી, પણ કહેવાનું તાત્પર્ય એ કે લઘુકથા આ કે બીજા કોઈ સાહિત્યપ્રકાર પર આધારિત પરાવલંબી નહિ, પણ સ્વતંત્ર સાહિત્યપ્રકાર છે. આ તો એક તારા, એકતારાનું સંગીત જે સમગ્ર ધરાને દેખાય – સંભળાય છે.

લઘુકથામાં ઘણીબધી બાબતો જોવાની કે મૂકવાની નથી. એમાંથી એનો જે સાર છે, એનું મૂળતત્ત્વ છે એ જ રજૂ કરવાનું છે. આપણે ઘણી વાર એવું સાંભળતા હોઈએ છીએ ને કે 'તમે કેરી ખાવ ને મજા કરો, આંબા ગણો મા. ઝાઝી વાતે ગાડાં ભરાય, હવે ટૂંકમાં સમજી જાવ ને? ટૂંકમાં પતાવો. મૂળ વાત કરો ને?' આ જે મૂળની વાત, તે લઘુકથાની જાત. મહાભારતનો પેલો પ્રસંગ અહીં યાદ આવે છે. નિશાન લેતા પાંડવ-કૌરવ બધાને ગુરુ દ્રોણાચાર્ય પૂછે છે કે 'ત્યાં શું દેખાય છે?' કોઈ કહે છે, `મને ઝાડ દેખાય છે . કોઈને પાંદડાં, કોઈને ચકલી,' પણ અર્જુનને તો ચકલીની આંખ જ દેખાય છે એ જ તો વીંધવાની છે. માણસ પ્રકાશ ફેલાવવા અંધકારને બળપૂર્વક દૂર નથી કરતો. એ માત્ર એક દીવો પ્રગટાવે છે ને એ પણ પોતાનો, ઓરિજિનલ. ને અંધકારનું આપોઆપ વિસર્જન થઈ જાય છે. લઘુકથાસર્જન કંઈક આવું છે.

ધારો કે પચાસ સફરજનનો મોટો ઢગલો છે, પણ લઘુકથા આટલાં બધાં સફરજન નહિ બતાવે. એ કેવાં છે, કેટલાં છે એની ઝાઝી કડાકૂટમાં નથી પડતી. એ બસ એ બધાનો રસ કાઢી દે છે. થોડાં ટીપાં પીતા જ ખબર પડી જાય કે આ સફરજનનો રસ. સૂક્ષ્મ સંવેદન. એને તો બસ આવા રસમાં રસ છે. માહિતીના ખડકલામાં નહિ. ટૂંકી વાર્તા ને લઘુકથામાં શો ફેર

છે? લેખક શ્રી અજય પુરોહિત કહે છે કે 'ફિલ્મોમાં હીરો વિલનને મારીમારીને પાડી દેતો જોવા મળે છે. લાંબી મારામારી. હાથપગમાં મારે, ખભો તોડી નાખે વગેરે.. જ્યારે કરાટેમાં ઓછામાં ઓછો ને મર્મસ્થાને જ પ્રહાર કરવામાં આવે છે. વળી એમાં સામેના માણસને ચીત જ કરવાનો છે. મારી નાખવાનો નથી. હિંસા નહિ, પણ અહિંસા. સ્વરક્ષણ. લાંબી મારામારી નહિ, તોય પ્રભુત્વ તો મેળવવાનું જ છે.' લઘુકથાનું આ કરાટે જેવું.' લાઘવ ખરું, પણ તે સમગ્ર હાર્દને રજૂ કરે છે, તોય કશુંક અધૂરું છે કે છૂટી ગયું એવું ન લાગે. અખિલાઈ. આ છે લઘુકથાની ગુરુતા.

સામાન્ય રીતે લઘુકથાના અંતમાં ચોટ કે ચમત્કૃતિનો પ્રયોગ થાય છે, પણ તે અનિવાર્ય નથી. જે પ્રવાહમાં કૃતિ વહેતી હોય એમાં જ એ પૂરી થાય ને આખી લઘુકથા દ્વારા હૃદય પર સમગ્ર કૃતિનું હાર્દ છવાઈ જાય એમ પણ બને. આમ લઘુકથા એ સ્વતંત્ર સાહિત્યપ્રકાર હોઈ અન્ય સાહિત્યપ્રકારમાં જે વિવિધતાની તકો છે તે અહીં પણ છે. ટૂંકી વાર્તાની જેમ આમાં પણ વિવિધ પ્રયોગો થઈ જ શકે.

લઘુકથાના નામે બોધકથા, પ્રસંગકથા, વ્યંગકથા, ટુચકા વગેરે પણ ચાલ્યું છે, એ બધામાં પ્રસંગ કે બોધ ખુલ્લો, બોલકો. આરંભથી માંડીને અંત સુધી બધું ફોડ પાડીને કહી - સમજાવી દેવાય. એમાં પ્રત્યક્ષ શીખ કે સલાહ હોય. કાંઈ અધ્યાહાર ન રખાય કે એવું રાખવાની નેમ ન હોય; પરંતુ એ લઘુકથા નથી. આ બધા ભળતા માલને લઘુકથાના નામે પધરાવાય એને લીધે 'આ સ્વરૂપમાં ઝાઝો દમ નથી' એવું ખોટું ચિત્રણ પણ ક્યારેક ઊપસે છે. હા, તંત્રી કે સંપાદક પાસેથી લઘુકથાના સ્વીકારની ને એના પ્રત્યે એ માન ને સમજ દાખવે એવી અપેક્ષા રાખતા હોઈએ તો સામે પક્ષે સર્જકની પણ એ જવાબદારી બને છે કે લઘુકથાના નામે એ નિર્ભેળ લઘુકથા જ પીરસે.

'ટૂંકી વાર્તામાં વધુ મહેનત ને લઘુકથામાં સાવ ઓછી, એ તો આમ ચપટીમાં લખાઈ જાય કે રોજિંદાં કાર્યો યંત્રવત્ થાય એમ આ તો કોઈ પણ કરી શકે!' – એ દૃષ્ટિ ઠીક નથી. ટૂંકી વાર્તા કે નવલકથા માટે જેટલો સમય લાગતો હોય છે ને એના કરતાં વધુ સમય, સૂઝ ને મનોમંથનની જરૂર ક્યારેક એક લઘુકથાના સર્જનમાં પડતી હોય છે. એટલે ઊલટું આ સાહિત્યસ્વરૂપને તો વધુ માન દેવું પડે, કરકસર માત્ર શબ્દોમાં છે, અભિવ્યક્તિ ને સર્જનાત્મકતામાં નહિ. ત્યાં કોઈ કસર છોડવાની નથી. આમ લઘુકથા ગરિમામય સાહિત્યપ્રકાર છે. એને અવશ્ય ઉચિત સ્થાન-માન મળે જ. કુમાર, નવચેતન, અખંડ આનંદ જેવાં સામયિકો લઘુકથાને વર્ષોથી સ્થાન-માન દેતાં આવ્યાં છે.

લઘુકથામાં ગુલાબજળ નથી પીવાનું. ગુલાબનું અત્તર બનાવવાનું છે. તમે સેંટ કે સ્પ્રે છાંટો છો તો એકાદ ટીપું જ, પણ તેની સુગંધ આખા શરીરમાં, ચોતરફ ફેલાય છે. બસ, આ ટીપું સર્જાય તો લઘુકથાના ટીપુ સુલતાન થવાય.

જોકે એમાં શબ્દોને સાવ લાડ લડાવાય જ નહિ, જરાય વૈભવ-શણગાર ન જ થાય એવું નથી. એનાથી કૃતિ વધુ ચોટદાર બનતી હોય કે એનું પોત, વાતાવરણ બંધાતું હોય ને લઘુકથાનું તત્ત્વ ને સત્ત્વ વધુ નીખરતું હોય તો એમાં આવા વૈભવને આવકાર છે. લઘુકથામાં આટલા ને આવા જ શબ્દો હોવા જોઈએ એવું કોઈ જડ માળખું નથી. હા, લાઘવ જરૂરી છે, પણ મૂળ વાત અર્ક બનાવવાની છે.

લઘુકથા તો ગાગરમાં સાગર. લઘુસ્વરૂપ એ એનું પોતાનું જ મૂળ રૂપ છે, જે તેની મર્યાદા નહિ, વિશિષ્ટતા છે. ખામી નહિ, ખૂબી છે. સાગરમાં તો માછલાં, શંખલાં વગેરે ઘણુંબધું હોય. પણ લઘુકથાનો સર્જક મરજીવો છે. એ તે બધાને માનથી જોશે, પણ શોધશે ને વીણશે તો મોતી જ. સાગર તેની મર્યાદા છોડતો નથી એટલે જ એ આટલો મસ્ત લાગતો હશે ને આપણે એનાં મોજાંમાં મોજથી ભીંજાવા જતા હશું. એમાં અનેક રત્નો છુપાયેલાં પડ્યાં છે. લઘુકથામાં

અનેક શક્યતાઓ અને ઉમદા ખૂબીઓ છુપાયેલી છે. આ સાહિત્યપ્રકારનું નિજ રૂપ અને એનું ઉન્નત સ્તર પ્રગટે એ રીતે લઘુકથા સર્જવાની મારી નમ્ર પણ સઘન કોશિશ રહી છે. લઘુકથા મારો પહેલો પ્રેમ છે. મારી પ્રથમ કૃતિ ‘કુમાર’ સામયિકમાં ફેબ્રુ. ૧૯૯૧માં પ્રકાશિત થઈ, જે લઘુકથા ‘ભાઈબહેન’ હતી. ત્યારથી મારી આ સર્જનયાત્રા શરૂ થઈ ને હજી ચાલી રહી છે જેમાં લઘુકથા ઉપરાંત ટૂંકી વાર્તા, હાસ્યલેખ, નાટક, અન્ય લેખ વગેરેનો પણ સમાવેશ થાય છે. મારા આ સર્જનમાં અનેક સામયિકો, સમાચારપત્રો, પુસ્તકો, બ્લોગ્સ, આકાશવાણી રેડિયો વગેરેના તંત્રીશ્રીઓ, પ્રકાશકો, વાચકો, સર્જકમિત્રો, ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ - ગાંધીનગર, સ્વજનો ઇત્યાદિનો ફાળો અનેરો છે જે સૌનો હું ઋણસ્વીકાર કરું છું.

પુસ્તકપ્રકાશનમાં અગ્રગણ્ય ‘હર્ષ પ્રકાશન’ દ્વારા મારો આ લઘુકથાસંગ્રહ પ્રકાશિત થઈ રહ્યો છે, ગુણવત્તાને સન્માનતા આ મુઠ્ઠીઊંચેરા પ્રકાશનમાં મારા પુસ્તકને, લઘુકથાઓને સ્થાન-માન મળી રહ્યું છે એનો આનંદ છે, જે બદલ હું શ્રી રોહિતભાઈ શાહ તથા સમગ્ર ગૂર્જર પ્રકાશનનો ઋણસ્વીકાર કરું છું.

પતંગિયું હળવું ને નાનું હોય છે, એટલે જ કદાચ તે આટલું સુંદર હશે ને આમ સહજ, મસ્ત ઊડી શકતું હશે. એનો પાસવર્ડ છે એનું આંતરસત્વ, જે ખૂલે એટલે એની પાંખ ખૂલે. લઘુકથાનું પણ કંઈક આવું જ છે. મારો લઘુકથાસંગ્રહ ‘પતંગિયાનો પાસવર્ડ' આપ સૌ સમક્ષ મૂકતાં હું રાજીપો અનુભવું છું, જેમાં વિવિધ રંગો, વિષયો, પાત્રોને આવરી લેતી લઘુકથાઓનો રસથાળ છે. પ્રતિભાવ મળશે તો જરૂર ગમશે.

૧, જલારામનગર, નરસંગ ટેકરી, – દુર્ગેશ ઓઝા હીરો શોરૂમ પાછળ, (લેખક/ગાયક/નાટ્યકલાકાર)
ડૉ. ગઢવીસાહેબના મકાન પાસે,
પોરબંદર-૩૬૦૫૭૫
મો.૯૮૯૮૧૬૪૯૮૮
E-mail: durgeshoza@yahoo.co.in

અનુક્રમ

38. લગાવ
39. તક
40. થાક
41. સત્ય
42. વિરુદ્ધ
43. બંધનમુક્તિ
44. પ્રેરણા
45. પરિવર્તન
46. ડહાપણ
47. સમકક્ષ
48. શુદ્ધ
49. વૃદ્ધિ
50. પાત્ર
51. ભવિષ્ય
52. પ્રવેશ
53. ધાર્મિક
54. ઝડપ
55. બોજ
56. સૌંદર્ય
57. નજીક
58. શ્રવણ
59. જીવનરસ
60. આરોહણ
61. ચિત્ર
62. હિસાબ
63. રૂપાંતર
64. સમદૃષ્ટિ

વરસાદ

ઘણો લાંબો સમય રાહ જોવડાવ્યા પછી વરસાદ બસ તૂટી જ પડ્યો. મોડો થયાનું વટક વાળવું હોય એમ એ આજે ધોધમાર વરસતો હતો. એકાએક ઊભો થઈને રાકેશ ભાગ્યો ઘરની બહાર... ને...

'વહુ, તારા દીકરાને પાછો બોલાવ. આવા મુશળધાર વરસાદમાં પલળવા ભાગી ગયો! શરદી થાશે કે માંદો પડી જશે. આજકાલના છોકરાંવ..માળા પૂછવાય નથી રોકાતાં! એને બૂમ પાડ.'

પણ આરતીને એનું બચપણ યાદ આવી ગયું. વરસાદનું એને બહુ ઘેલું, ને એમાંય પહેલા વરસાદે તો એ બહેનપણીઓ હારે ઘેલાં કાઢતી. વરસાદ પડે ને એ ઊપડે ઘરની બહાર. જલદી ઘરમાં પાછી આવે તો એ આરતી નહિ. બધાં એની માને સમજાવવા મથતાં કે આ છોકરીને જરા રોકો, ડારો ધો. બહુ ભીંજાઈ જશે તો ક્યાંક... પણ એની મા જવા દેતી. કહેતી, 'વરસાદ તો પ્રસાદ કહેવાય, ને પ્રસાદ ક્યારેય માંદા ન પાડે. તું તારે જા દીકરી.' આરતી બારીમાંથી વરસાદ અને પલળતો એનો દીકરો સાનંદ નીરખી રહી.

વરસાદ તો બરાબરનો જામ્યો. સાસુમાએ ફરી કડક સૂચના આપી. ને, 'ઊભો' રે તારો વારો કાઢું. એય..સાંભળે છે કે નહિ?' એવી બૂમ પાડી આરતી ખુલ્લા પગે દોડી. મા-દીકરા વચ્ચે લાંબો સમય પકડાપકડી ચાલી. માએ ઘણી કોશિશ કરી, પણ હાથમાં આવે તો એ રાકેશ શાનો?

'એ છે જ એવો. હું એને ઓળખું ને? એ એમ સાંભળે?! એને પકડવા જતાં હું...' એવું સાસુમાને કહેતાં આરતી ઘરમાં પ્રવેશી. સાસુમા બોલ્યાં, 'એટલે તું ખાલી હાથે પાછી ફરી..એમ જ ને? પણ તારે છેક ત્યાં સુધી જવાની શી જરૂર હતી? ને ગઈ તો હારે છત્રી ન લઈ જવાય?'

.....પાણીથી લથબથ ભીંજાયેલી આરતી એટલું તો ધીરે દોડતી ને બોલતી હતી કે રાકેશ પકડાય જ નહિ અને...

આરતી ખાલી હાથે પાછી નહોતી ફરી.

('કુમાર' – ડિસેમ્બર – 2012)

અસ્તવ્યસ્ત

'અજય પાછો કહેતો પણ નથી કે અત્યારે ઘર બંધ હશે! ક્યાં ગયો હશે એ, ને ઘર અત્યારે કેમ બંધ? સારું થયું મારી પાસે ઘરની વધારાની ચાવી છે, નહિતર તો...!' એક દિવસ પિયરથી વહેલી ઘેર આવી ગયેલી રાશિએ આમ વિચારી ઘર ખોલ્યું, ને અંદર જઈ જુએ છે તો..આ શું?! એના પોશ એરિયામાં આવડો વિશાળ ડ્રૉઇંગરૂમ બીજા કોઈ ઘરમાં નહોતો. એ જ જો આવો ઢંગધડા વગરનો હોય તો તો એની આબરૂનાં ચીંથરાં જ..!

સૂટકેસ ઉઘાડી.. કપડાં હેંગરને બદલે ઠેકઠેકાણે વેરવિખેર.. એ પણ ચોળાયેલાં ને ગડી કર્યાં વિનાનાં, ખુદ હેંગર નીચે પડ્યાં હતાં! ફોન ક્રેડલ પર નહોતો, પાણીની આડી પડેલી બૉટલ, જેમાંથી મોટા ભાગનું પાણી ઢોળાઈ ગયું હતું, સોફાસેટની ગાદી અડધી જમીન પર ને અડધી સોફા પર.. એક ખુરશી ધરાશાયી ને બીજી આડી. પેકેટમાંની મોટા ભાગની વેફર્સ જમીન પર વેરાયેલી, ટોમેટો કેચઅપની બૉટલનું ઢાંકણું બેશરમ થઈ ક્યાંય દૂર રખડતું હતું. કાચનો ફૂટેલો ગ્લાસ નાનીનાની કરચોમાં ફેરવાયો હતો. નસીબ ફૂટી ગયાં જાણે..!

કબાટ અધખુલ્લો, તેમાંની થોડીક ચીજવસ્તુ નીચે ફર્શ પર આરામ ફરમાવી રહી હતી, વૉશબેસિનનો નૅપકિન સેટી પર પડ્યો હતો ને સેટી પરની રજાઈ વૉશબેસિનની નીચે પડી-પડી ધીરે-ધીરે ભીંજાતી હતી. માણસ એટલો ચીવટવાળો કહેવાય, કેમ કે એના નળમાંથી ઝાઝું નહિ, પણ ટીપું-ટીપું પાણી જ સતત ટપકતું હતું! દાંતિયા ડ્રેસિંગ ટેબલના ડ્રોઅરના બદલે જમીનસ્થ થઈ એની સામે દાંતિયા કરી રહ્યા હતા. બધું વેરણછેરણ!

આ બધું જોઈ પહેલાં તો એ માથું પકડી આડી ખુરસીમાં સીધી બેસી ગઈ. બધું સરખું કરતાં તો ભવ લાગશે એમ લાગ્યું, પણ પછી એણે કમર કસી. મહામહેનતે એણે બધું સરખું કર્યું. થોડી વાર પછી અજય ઘરમાં પ્રવેશ્યો કે..'તમારી આદત ન સુધરી. હજી એવા ને એવા જ રહ્યા. ને આજે તો તમે હદ કરી નાખી. થોડું વેરવિખેર હોય એ તો સમજ્યા, પણ આટલું બધું..? મેં માંડ-માંડ બધું.. કોઈ ચોર લૂંટારુ તો ઘસી નથી આવ્યા ને?'

અજયે આખા રૂમમાં નજર ફેરવી, પગ પછાડ્યા, ને પછી પત્ની સામે જોઈને બરાડ્યો, 'આ તેં શું કર્યું? ને કોને પૂછીને કર્યું? અરે આ બધું વિચારવામાં ને કરવામાં મારા પૂરા પાંચ કલાક ગયા હતા. હમણાં બધા આવશે તો એને શું જવાબ દઈશ? મને એમ કે શાબાશી મળશે. એને બદલે તારે લીધે હવે...! તેં બધું ચોપટ, અસ્તવ્યસ્ત કરી નાખ્યું. અરે, સિચ્યુએશન પ્રમાણે મેં ફિલ્મનો આ સેટ ગોઠવ્યો હતો!!!'

('કુમાર' – માર્ચ – 2016)

ટેવ

'સ્વામીજી, મારો દીકરો ગોળ બહુ ખાય છે. બેય વખત જમવામાં ગોળ, સવારે નાસ્તામાં ગોળ, નિશાળેથી આવીને પણ ગોળ. માપમાં ખાય તો વાંધો ન હોય, પણ આ તો ગોળનાં મોટાં દડબાં! લીલાં શાકભાજીની તો જાણે બાધા! સ્વામીજી, મેં મારા રાજુને બહુ સમજાવ્યો, ધમકાવ્યો પણ પથ્થર ઉપર પાણી. આખો દી' બસ ગોળની આગળપાછળ ગોળ-ગોળ ફર્યા કરે છે. ગરમી નીકળશે, જીવડાં થાશે, શરીર નહિ વળે. હું તો થાકી ગઈ. કાંઈક કરો સ્વામીજી.' કાશીબા આટલું કહેતાં રોઈ પડ્યાં.

'મૈયા, કોચવાઓ મા. આ છેડેથી નહિ તો પેલે છેડેથી ઉપાય કરવાનો. તમે ક્યારેય એને એવું કહીને પડકાર ફેંક્યો છે કે ''તું ગોળ વિના રહી જ ન શકે? એમ કરવાની તારામાં હિંમત જ નથી!'''

'ના સ્વામીજી.'

'બસ મૈયા, તો પછી આ જ પ્રયોગ હવે કરવાનો છે. બાળક હઠીલું હોય છે, એની જીદને આમ પડકારો એટલે પત્યું. એ જે તાકાતથી ગોળને ચોંટ્યો છે, એથી બમણી તાકાત ગોળ વિરુદ્ધ લગાડશે. તમે રાજુને એના પાંચ-છ ભાઈબંધ સાથે અહીં લાવજો. એની ગોળ વગર રહેવાની અશક્તિ પર હસજો, ઠેકડી ઉડાડજો. જવાબમાં હું તરફેણ કરીશ કે ''રાજુ ગોળ વગર પણ રહી શકે છે. જોવું છે તમારે! જાવ, એક મહિનો એ ગોળ નહિ ખાય. તમે બધા સમજો છો શું રાજુને?'' ને પછી ચમત્કાર થશે. આટલાં બધાં વચ્ચે હારવાનું એને કેમ પાલવે? એ એક મહિનાનો પડકાર ઝીલી લેશે. પછી એનામાં ધીરે-ધીરે સંયમ આવતો જશે. ગાડી પાટે ચડી જશે.' ને આ નાટક આબાદ, સફળ રીતે ભજવાયું. રાજુએ તોરમાં ને તોરમાં...! ત્રણ માસ વીત્યા. કાશીબા ડોકાયાં નહિ. અચાનક એ આવ્યાં ને ફરી રોઈ પડ્યાં એટલે. 'મૈયા, પાછો ગોળ ચાલુ કરી દીધો, એમ જ ને! એમાં આમ હિંમત ન..'

'ના સ્વામીજી, વાત એમ નથી. એક મહિનો એણે ગોળ શું ન ખાધો જાણે મોટો સંન્યાસી થઈ ગયો. એક ઉપર બીજા બે મહિના ગયા. હવે એ ગોળને અડતોય નથી! વળી આપણે યુક્તિથી ગોળ છોડાવ્યો એની દાઝમાં કે પરાણે નહિ. એની ગોળ ખાવાની ઇચ્છા અકાળે મરી ગઈ એવુંય નહિ. કોઈ જાતની પીડા વિના હસતાં-હસતાં એ ગોળ
વિના..'

'મૈયા, આ તો સારી વાત. ઊલટું તમારે ગૌરવ લેવું જોઈએ કે તમારો દીકરો સહજપણે..એને બદલે તમે..!'

'સ્વામીજી, મેં મૂઈએ મા થઈ એનો ભાવતો ગોળ છોડાવ્યો. હવે એ ગોળ સામે જોતોય નથી. પહેલાં તો મારે એની પાસે મારું કે ઘરનું કોઈ કામ કરાવવું હોય અથવા એ અમુક કામ ન કરે એવું કરવું હોય ત્યારે હું એને ગોળની લાલચ આપતી, પણ...!'

(`કુમાર' – ઑગસ્ટ – 2005)

ટોચ

અજયે વિજયને મિસ્ડકૉલ કર્યો. વિજયે સામો કૉલ કરતાં જ.. 'વિજય, હું પર્વતની ટોચે પહોંચી ગયો. પાંચ હજાર પગથિયાં હતાં. સગાંવહાલાં બધાં મારી સાથે હતાં, પણ હું એ બધાંને પાછળ રાખી સૌથી પહેલાં પહોંચી ગયો. ઉપર, સાવ ઉપર.. જોયું ને બંદાનું પરાક્રમ? રસ્તામાં જાણીતા ઘણા મળ્યા. પૂછતા હતા કે 'તારો મોટો ભાઈ કાં નથી દેખાતો? નથી આવ્યો?' મેં ખુલાસો કરી દીધો. હા વિજય, તું હારે આવ્યો હોત તો મજા આવત. પણ તારો પગ અચાનક મચકોડાઈ ગયો એટલે શું થાય? જોકે એક રીતે તો એ સારું જ થયું. ખાસ મેં એટલા માટે તને કૉલ કર્યો છે કે પેલા રમેશ પાસેથી આજે વ્યાજની રકમ લેવાની છે. તું ઉઘરાણી પતાવી દે. ખાલી હાથે પાછો ન આવતો. મને તો છેક હવે યાદ આવ્યું, બાકી હું અહીં..!'

'પણ અજય, એણે તો મુદ્દલ ભરી દીધું છે ને વ્યાજ પણ હોય એના કરતાં થોડું વધુ ચૂકવી..!'

'એ હું ને તું જાણીએ છીએ. એ ઘોઘાને એની ક્યાં ખબર છે? ને તું મેં કીધું એટલું કર ને! તને એમાં ઝાઝી ખબર ન પડે. તું ભોળિયો એટલે આમ જ બધા તને છેતરી જાય છે. જો ધંધામાં આવું બધું કરવું પડે.'

વિજય પોતાને ઘરે ગયો. થોડી વારમાં પરત આવી એણે રમેશને પોતાની પાસે બોલાવ્યો. પછી એણે અજયને કૉલ કર્યો. એની વાત સાંભળતાં જ અજયે પગ પછાડ્યા. વિજયને તો માત્ર પગમાં જ દુખતું હતું. આને તો હવે તનમનમાં..! 'વિજય, આ તે શું કર્યું?'

'અજય, રમેશ સામાન્ય ઘરનો છે. પ્રામાણિક, મહેનતુ માણસ, ને એણે બધું જ ચૂકતે કરી દીધું હતું એટલે..'

હજી સગાંવહાલાંમાંથી કોઈ ટોચ પર પહોંચ્યું નહોતું. અજય હજી સૌથી ઉપર હતો. ને વિજય નીચે હતો! એ તળેટીમાંથી આ બધું કરી રહ્યો હતો ને અજયને કહી રહ્યો હતો. જાણે ઉપરથી નીચે પછડાયો હોય એવી અજયની સ્થિતિ. ને આ બાજુ વિજય ઉન્નત નજરે મલકી રહ્યો. રમેશ રાજીનો રેડ!

('કુમાર' – ઑગસ્ટ – 2019)

ભૂમિકા

દસમા ધોરણમાં ભણતી મીના ઘરે આવતાંવેંત હાથમાં રહેલ ટ્રોફી તથા પ્રમાણપત્ર હરખભેર ઊંચાં કરી બોલી ઊઠી, 'પપ્પા, મમ્મી, જુઓ તો ખરાં, હું 'બેટી બચાવો' વાર્તાસ્પર્ધામાં પ્રથમ આવી!' બાપ-દીકરી ભેટી પડે છે. ઊંચાઇ બાપની લગોલગ. મમ્મી કહે, 'દીકરી મીના, તું તો ખાસ્સી મોટી થઈ ગઈ. થોડીવારમાં એવડી મોટી થઈ જઈશ કે લગ્નની શરણાઈ...'

'અરે હજી તો ઘણી વાર છે એને. વિદાયની ઘડી અત્યારમાં યાદ કરાવીને શું કામ..?' પત્નીની ભીની આંખ જોઈને પતિએ પણ આર્દ્ર સ્વરે કહ્યું. મીનાએ હોંશભેર વાત આગળ ચલાવી, 'અરે, તમે સાંભળો તો ખરાં! મારી વાર્તા કંઈક એવી હતી કે.. મા-બાપને એક દીકરી હતી. તેઓ, ખાસ કરીને મા એમ નથી ઇચ્છતી કે બીજીએ દીકરી જન્મે, એટલે આ વખતે તે ગર્ભપરીક્ષણ કરાવે છે.' મીના ત્યાં થોડીવાર વાર્તાને વિરામ આપી બળાપો ઠાલવી રહી,

'પપ્પા, ખરેખર તો જે ગર્ભપરીક્ષણ કરાવે તેના મગજનું જ પરીક્ષણ ન કરાવવું જોઈએ?' નિદાનમાં આવા માણસો સો ટકા પાગલ જ નીકળે. હા, તો હવે આગળ..

પેલાં મા-બાપ દુનિયામાં આવવા થનગનતા આવા જીવને આવવા જ નથી દેતાં. ક્રૂર બની એને..! દુનિયાને એમ ઠસાવવાનું નાટક કરે છે કે આ બધું તો કુદરતી જ થયું. બે વર્ષ પછી એક રોગમાં એની હયાત દીકરી પણ મરણ પામે છે. માની કૂખ હવે સાવ સૂની. એકનું મોત કુદરતી, બીજાનું માનવસર્જિત. બંનેને ખોટું કર્યાનો ભાન અને એનો પસ્તાવો થાય છે. બેય દૂર-દૂર બહારગામ ચાલ્યાં જાય છે, ને ત્યાં અનાથાશ્રમમાંથી એક બાળકીને દત્તક લઈ તેને જીવની જેમ ઉછેરે છે. તે દીકરી પપ્પાની પડતી વખતે મદદરૂપ થાય છે. હિંમત રાખવાનું પ્રોત્સાહન પૂરું પાડી નવજીવન બક્ષે છે. ઘરનાં બધાં કામ કુશળતાપૂર્વક અને પ્રેમથી કરે છે. આ બધું જોઈને મા-બાપને પોતાની બંને દીકરી યાદ આવે છે. આ દીકરીને તેઓ ફૂલની જેમ રાખે છે, દિલ ફાડીને પ્યાર કરે છે, વહાલ વરસાવે છે. દત્તક પુત્રીને ખબર પણ નથી પડવા દેતાં કે પોતે એનાં સગાં મા-બાપ નથી. બધાંના જીવનમાં આનંદ પ્રસરી જાય છે...'

મીનાની વાર્તા સાંભળી માબાપની આંખ ભીની..! આ જોઈ મીના બોલી, 'કેમ બાકી મારી વાર્તા હૃદયસ્પર્શી ને રચનાત્મક છે ને? મારે આ વાર્તા પર નાટક લખી તેને ભજવવું છે. તમે બેય એમાં મા-બાપની ભૂમિકા ભજવશો?' બેય થોડીવાર મૂંગામંતર. 'ના, ના' એમ હાથથી ઇશારો કરી મનોમન કહી રહ્યાં કે 'હવે બીજી વાર અભિનય નથી કરવો.' પછી મા-બાપે પ્રેમવશ દીકરીને ચૂમીઓથી નવડાવી દીધી.

મીનાએ અજાણતાં જ બેયની વાસ્તવિકતા ખુલ્લી કરી દીધી હતી!

('અખંડ આનંદ' – ડિસેમ્બર – 2011)

બળ

શહેરના મુખ્ય તેમ જ અતિ ભીડભાડવાળા રાજમાર્ગ પર, ચાર રસ્તાની વચાળે અનેક લોકોની હાજરીમાં બધું થયું. ભીડમાં આવી ચડ્યો જાણે ભીડભંજક! ને એ સમયગાળો પણ એવો જે જ્યારે લોકોની અવરજવર વધુ હોય. ચોતરફથી શાબાશી, અભિનંદનની વર્ષા.. અમુકે તો એને બાહુબલીનું બિરુદ પણ આપ્યું. ચમન છાતી કાઢીને દમામભેર પોરસાઈને ચાલી રહ્યો.

એ ઘેર પહોંચ્યો એ પહેલાં જ વાત પહોંચી ગયેલી એટલે સ્વજનો પણ એને માનની નજરે જોઈ પ્રશંસાના અગણિત શબ્દોથી..! ચમન પત્ની રાધા પાસે ગયો, પણ એ તો પિયર જવાની ઉતાવળમાં હતી. મા મામાને ઘેર જવાની હતી એ વાતની ખબર પાંચ વર્ષના કેશવને જ્યારથી પડી ગઈ હતી ત્યારથી.. તે એનો છાલ ને પાલવ નહોતો છોડતો, પણ સ્વજનો તેની જીદને પોંખવા તૈયાર નહોતા. 'સ્કૂલ પડે ને?' એવાં કારણો આગળ ધરી બધા તેની પાછળ પડી ગયેલાં. 'હજી તો પહેલા ધોરણમાં છે, ને ખાલી ચાર દિવસનો જ સવાલ છે. ભલે ને મા સાથે જતો.' દાદીમાએ પૌત્રનો પક્ષ તાણ્યો ને કેશવે ભેંકડો તાણ્યો, જેથી પોતાની તરફેણમાં આવી રહેલી આ વાત સાવ પાકી થઈ જાય, પણ..

'આ તે વળી કેવી જીદ? હજી ઊગીને ઊભો થાય છે ને મિજાજ બાર ખાંડીનો! કોઈને ગાંઠતો નથી. તું ઠીક ટાણાસર આવી ગયો. તારો ડારો દીધો, પણ બાપથી તો જરાય ડરતો નથી, લે બોલ.' સ્વજનો આવું બધું કહી ચમનને ઉપસાવી રહ્યા.

ચમને તીખી નજર નાખી, પણ દીકરો તો આ જોઈ વધુ માની સોડમાં લપાયો. ચમન લાલઘૂમ. એણે બળપૂર્વક તેને ખેંચ્યો, પણ..! હતું તેટલું સઘળું જોર લગાવી એણે આંચકાભેર ફરી તેને છૂટો પાડવાની કોશિશ કરી, પણ પેલો તો જળોની જેમ માને વળગીને.. તે તસુભાર પણ ન ચસક્યો. ઊલટું માને બથ ભરીને સાવ નજીક સર્યો ને બાપની સામે દૃઢપણે નજર માંડી રહ્યો. મા-દીકરો જાણે એક થઈ ગયાં હતાં.

'હવે ચાર દિ'માં શું ખાટુંમોળું થઈ જવાનું? લઈ જા એને તારી હારે એટલે જાન છૂટે.' થાકીહારીને અંતે ચમને શરણાગતિ સ્વીકારી લીધી. સ્વજનો અહોભાવપૂર્વક ચમન સામે જોઈ એની ઉદારતાને વખાણી રહ્યા, પણ ચમન..!

જોરાવર ચમને ભરબજારે, પેલા રાજમાર્ગ પર ઝનૂનપૂર્વક લડી રહેલા બે માતેલા સાંઢને એક જ ઝાટકે જુદા પાડી દૂર ફંગોળી દીધા હતા ને એક માણસને એના પંજામાંથી સપડાતા બચાવ્યો હતો.

('કુમાર' – સપ્ટેમ્બર – 2018)

સપનું

મોહન પૈસેટકે સાવ સાધારણ માણસ. જરૂરી ખર્ચાને બિનજરૂરી ખર્ચામાં ફેરવી નાખવાની નોબત પણ આવતી, પણ કલા અને આત્મવિશ્વાસ એ તેની મહામૂલી મૂડી. આખી દુનિયા પોતાને સિનેમાના પડદે જુએ એવું તેનું સપનું હતું. પણ સંજોગોએ તેને કલાકારમાંથી સામાન્ય કારકુન બનાવી દીધો હતો, જાણે પીંજરે પુરાયેલો પોપટ! પણ આજે પીંજરું ખૂલવાની તૈયારીમાં હતું. અથાક મહેનત અને તેનું સપનું આ બંનેને તેણે છોડ્યાં નહોતાં ને આજે ઘણા સમય પછી પહેલી વાર તેને એક ફિલ્મમાં અભિનય કરવાની આકર્ષક ઑફર મળી હતી.

મોહને મુંબઈ જવાની તૈયારી કરી, પણ અચાનક પત્ની માનસીને પૅરેલિસિસનો ઍટેક આવ્યો. મોહન ચિંતા, દોડધામના ચક્કરમાં અટવાયો. મોહન સૂનમૂન થઈ પોતાના ભાગ્ય પર હસી પડ્યો. માનસી એક ડગલું પણ માંડી નહોતી શકતી. નસીબ બે ડગલાં દૂર હતું; પરંતુ ત્રણ દિવસ પછી પત્નીએ તેને મુંબઈ જવાનો આગ્રહ કર્યો ત્યારે મોહને કહ્યું: ‘હવે ભૂલી જા એ સોનેરી સપનું. ને વળી આમ આ હાલતમાં તને છોડીને જવાનું મને કેમ ગમે, ગાંડી?’ માનસી ઘણું મથી, પણ મોહન ન માન્યો....

...અને બીજા દિવસની સવારે મોહને મુંબઈની વાટ પકડી! સ્વજનો ઘેર આવી ટીકાટિપ્પણના સંગે માનસીને વધુ દુઃખી કરવાની હોડમાં જાણે ઊતર્યાં, પણ માનસીની પ્રસન્નતા યથાવત્ રહી. તેને યાદ આવી ગયું. મોહન ટસનો મસ નહોતો થતો ત્યારે રાત્રે માનસીએ એટલું જ કહ્યું હતું કે ‘આ પૅરેલિસિસ તો જવાનો હશે ત્યારે જશે, પણ તમે ત્યાં જઈ આ ઑફર સ્વીકારી લેશો ને તો..! હું તમારા સપનાની બાધા નહિ પણ રાધા છું, સમજ્યા મારા મોહનજી!’

હા, પત્ની મક્કમ હતી. તેને તો કાયમ માટે હાંકી કાઢવો હતો, આખા ઘરમાં પ્રસરી ગયેલા પૅરેલિસિસને!

(`કુમાર' – જૂન – 2010)

દૃષ્ટિ

'છેલ્લાં ત્રણ-ત્રણ વરસથી તમે રાકેશને તમારે ત્યાં જ રહેવા-જમવાની સગવડ કરી આપી છે એ સારી વાત છે. પણ આ સમયગાળામાં લગભગ દરેક ચીજ-વસ્તુના ભાવમાં બે-ત્રણ ગણો વધારો થઈ ગયો છે. તમે રહ્યા ખરા કેદારનાથ. સાવ ભોળા. પાછા મનના સાવ મોળા. એટલે મારું કહેવું એમ છે કે તમે ઘરભાડું ભલે એનું એ જ રાખો, પણ જમવાના તમે જે માસિક રૂ. છસો લ્યો છો તેમાં સો-દોઢસો વધારો. ને આમ જુઓ તો આ વધારો જ ન કહેવાય, કારણ કે તમે પહેલેથી જ બીજા બધા કરતાં ઓછા લીધા છે. હું જાણું છું કે રાકેશના બાપની લગભગ બાંધી આવક, સ્થિતિ સામાન્ય, ને તમે રહ્યા લાખોના માલિક... પણ થોડુંક તો વહેવારિક બનવું જોઈએ! જો તમે કહી ન શકતા હો તો..

જોકે આ તમારો અંગત મામલો છે. મારાથી કાંઈ અજુગતું બોલાઈ ગયું હોય તો...'

'ના જયંતભાઈ, તમારી વાત કદાચ ખોટી હોય તોય એમાં તમારી અમારા પ્રત્યે જે સાચી લાગણી દેખાય છે એ જ મોટી વાત છે. ને પહેલો સગો પાડોશી, શું સમજ્યા?'

.......સાંજે પતિ-પત્નીએ નિર્ણય લઈ લીધો. કેદારનાથે કહ્યું, 'સરિતા, આ વાત રાકેશને નહિ ગમે. ને મને કહેવાનું ફાવશે નહિ. એટલે તું જ સીધેસીધું કહી દેજે.' બીજે દિવસે દલીલબાજીમાં રાકેશનો અવાજ ઊંચો લાગતાં દોડી આવેલા પડોશી જયંતભાઈને રાકેશે કહ્યું, 'સારું થયું તમે આવ્યા. આ બંનેને જરા સમજાવો ને?'

'સમજવાનું તારે છે; એમને નહિ. ને વડીલોની વાત કડવી લાગે તોય માનવી પડે, શું સમજ્યો?'

'પણ એ મોંઘવારી-વધારાનું બહાનું કાઢે છે! એ નહિ ચાલે. હું એમની વાત કોઈ કાળે..'

'તને એમ કે આ બંને સીધાંસાદાં ને એકલાં છે એમ? મેં ઝાઝી દિવાળી જોઈ છે, શું સમજ્યો? કાં એમની વાત માન, કાં પછી..?'

'જયંતભાઈ તમે પણ..! જુઓ, સો વાતની એક વાત. હું જે આપતો'તો એ જ ભાડું આપીશ.' કહી રાકેશ એ પછી જે બોલ્યો એ સાંભળી જયંતભાઈ વારાફરતી દંપતી તથા રાકેશ... એમ બંને સામે જોઈ રહ્યા; અહોભાવપૂર્વક. રાકેશ સો તો શું, એક રૂપિયો પણ ઓછો આપવા તૈયાર નહોતો.

પતિ-પત્નીએ વધતી મોંઘવારીને ધ્યાનમાં લઈ સો રૂપિયા ભાડું ઘટાડવાનો નિર્ણય લીધો હતો!

(`અખંડ આનંદ' – સપ્ટેમ્બર – 2004)

દ્રોહ

અબ્દુલ રિક્ષાવાળો કાળી રાતેય કોઈની સવાર સુધારી દે એવો પારકી છઠ્ઠીનો જાગતલ. કોઈ જરૂરતમંદ હોય ને પૈસા ન હોય તો મફતમાં એને પોતાની મોટી રિક્ષામાં લઈ જાય. મધરાત હોય કે બળબળતો બપોર, ટાઢ, તડકો કે વરસાદ... સાદ પાડો ને એ હાજર! રિક્ષા અને એનું હૈયું, બેયમાં મોટી જગ્યા હતી. એમાંય પાછો અનિલનો એ જાણીતો ને માનીતો. એની સાથે ઘર જેવો સંબંધ. તોય આજે એ બમણું ભાડું માંગતો હતો! જગ્યા દૂર હતી એ સાચું, પણ કોઈ પણ રિક્ષાવાળો ૪૦-૫૦ રૂપિયામાં માની જાય, જ્યારે આણે તો સીધા ૧૦૦ રૂપિયા કીધા!

'અરે, અબ્દુલ, આ તું બોલે છે! તું શું બોલે છે એનું તને ભાન છે? તું બહુ ખોટું કરી રહ્યો છે. કંઈક વાજબી કર. ફરી એક વાર વિચારી લે.'

'વિચારવાનું મારે નહિ, તમારે છે. ને ખોટું હું નહિ, તમે કરો છો. ઇન્સાનિયત જૈસી કોઈ ચીજ..!'

'હવે વહેલી સવારસવારમાં લપ ન કર. ચાલ ૭૦ આપીશ, બસ રાજી? હવે જલદી કર.' અનિલે થોડી દલીલ કરી સમય જવા દીધો, એ વિચારે કે કદાચ એ સમયમાં અબ્દુલની મતિ ફરી જાય ને એ પોતાનો નિર્ણય બદલાવે. સામે પક્ષે અબ્દુલેય જીદ પકડી રાખી જાણીજોઈને મોડું કર્યું. 'મોડું ભલે થતું. હજી આ લોકોનો વિચાર બદલી જાય તો કેવું સારું?' એના મનમાં પણ કંઈક આવા જ વિચાર ચાલતા હતા.

પણ અનિલ ન માન્યો. એણે બીજી રિક્ષા કરી લીધી. અબ્દુલ નિરાશવદને જોઈ રહ્યો.

'તને આવો નહોતો ધાર્યો. તું માણસ જ નથી. અત્યાર સુધી મેં તારાં કેટલાં બધાં કામ કરી દીધાં છે એ બધું તું ભૂલી ગ્યો? ઘરનો માણસ જાણી મેં તને.. ને તેં આવું કર્યું? ઉપકાર ઉપર અપકાર!' ઘેર પરત ફરતા અનિલે અબ્દુલ રિક્ષાવાળાને હજી પોતાના ઘર પાસે જ ઊભેલો જોઈને આમ સંભળાવ્યું. સમસમી ઊઠેલા અબ્દુલે પણ પોતાની રીતે આ જ વાતનો પુનરોચ્ચાર કર્યો.

અનિલ સરળ સ્વભાવની પ્રેમાળ, વિધવા માને રિક્ષામાં ઘરડાઘરમાં મૂકી આવ્યો હતો!

('મમતા' – મે – 2018)

બચાવ

'સૂકાં ભેગું લીલુંય બળે, દુકાળમાં અધિક માસ તે આનું નામ. પડ્યા ઉપર પાટું. ભગવાન સારા માણસ ઉપર આવું કેમ કરતો હશે..?' સગાંવહાલાં આવી બધી હૈયાવરાળ ઠાલવી રહ્યાં. ભગવાનની આ લીલા તેમને સમજાઈ નહિ. લીલાને કાળોતરા સાપે તીક્ષ્ણ દંશ દઈ દીધો હતો. પડોશી ભારતીને દંશ દઈને સાપ આ લીલાના ઘરમાં પણ પ્રવેશ્યો હતો ને એને પણ..! બેયને તાત્કાલિક ઇસ્પિતાલે લઈ જવાયાં, પરંતુ...! જે સ્ત્રી લોકોના કાનમાં ઝેર રેડી કંઈકના સારા સંબંધો ને ઓટલા ભાંગતી હતી એ ભારતી માટે સાપનું કાતિલ ઝેર પ્રાણઘાતક નીવડ્યું. ઝેર તનમનમાં પ્રસરી ગયું હતું ને? 'લીલાની જીવનલીલા પણ એની જેમ ક્યાંક સંકેલાઈ નહિ જાય ને?' ચિંતાગ્રસ્ત સ્વજનોને આવી ફડક પેઠી, જે વાજબી હતી. બેયને કરડનાર સાપ એક જ હતો.

લીલા થોડા દિવસ અગાઉ જ રોંગ સાઇડમાં આવતા એક વાહનની અડફેટે ચડી ગઈ હતી. હાડકું તૂટી ગયું હતું. ચાલકનાં હાડકાં ખોખરાં થાય એ પહેલાં તો એ પૂરપાટ ઝડપે નાસી છૂટ્યો હતો. લીલા ગજબની દોડવીર. રાજ્યકક્ષાની દોડસ્પર્ધામાં તે પ્રથમ આવી હતી. હવે તે રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવાની તૈયારી કરતી હતી, ત્યાં જ.. 'ભગવાને આવું શા માટે કર્યું? ચાલો કર્યું તો કર્યું, પણ પગ જ શા માટે ભાંગ્યો? એવાં તે કેવાં પાપ લીલાએ કર્યાં હતાં? ઊલટું લીલા તો પારકી છઠ્ઠીની જાગતલ, પરદુઃખભંજન. આવી લીલા ઉપર જ આવી આફત શા માટે ઊતરી આવી? એ પણ ઉપરાછાપરી?' સ્વજનો અસ્વસ્થ, પણ બીજાનું ભલું ઇચ્છનારી ને કરનારી સન્નારી લીલા તો લીલીછમ ને સ્વસ્થ હતી!

તબીબે લીલાને તપાસી ભયમુક્ત જાહેર કરતાં કહ્યું, 'આને તો ભગવાને જ બચાવી સમજો. આવું જીવલેણ ઝેર પણ એને ન ચડ્યું! ભગવાનનો પાડ માનો કે..' પછી તો સ્વજનોને પણ થયું કે જેનું-જેનું લીલાએ ભલું કર્યું હતું, એમના આશીર્વાદ ને ગયા ભવનાં એનાં પુણ્ય આડાં આવ્યાં, નહિતર તો..

જે પગમાં ફ્રેક્ચર થયું હતું તે પગે એક મહિનાનું મજબૂત પ્લાસ્ટર આવ્યું હતું ને બરાબર એના ઉપર જ સાપે દંશ દીધો હતો!

('કુમાર' – જૂન – 2018)

ફૂલગુલાબી

ફૂલની આસપાસ ઊડતા ભમરાએ ફૂલની સાવ નજીક જઈ પૂછ્યું, 'હું તારી ઉપર બેસું?' ફૂલ કહે, 'ઓ ડાહ્યાડમરા ભમરા, તું તારે પ્રેમથી બેસ. એમાં કાંઈ પૂછવાનું હોય?'

થોડી વાર પછી એક માણસ ત્યાં આવ્યો. એની નજર એ ફૂલ પર..! 'કેવું ગોળમટોળ રૂપકડું ગુલાબ! ભગવાનને આ ફૂલ ચડાવું.' મનોમન આમ બોલી એ ફૂલ તોડવા ગયો ત્યાં જ ભમરો ઊડ્યો. એણે ત્રણ ચક્કર ફૂલની આસપાસ ને પછી એ માણસની ફરતે લગાવ્યાં ને માણસ જાય ભાગ્યો, પણ એણે ફરી પાછા આવવાનું નક્કી તો કરી જ લીધું હતું. ભમરો થોડી વાર બેસીને પછી 'ગુન ગુન' કરતો ઊડી ગયો.

થોડી વાર પછી એક ચકલી ત્યાં આવી. એ કહે, 'ફૂલ, હું તારી ઉપર બેસી થોડો આરામ કરું? ઊડીને હું તો થાકી ગઈ. તને ભાર નહિ લાગે ને?' ફૂલ કહે, 'કર તું તારે આરામ લહેરથી. માના ખોળામાં બાળક બેસે એનો ભાર માને કોઈ દિ' લાગે? ઊલટું તું બેસીશ તો હું હળવુંફૂલ થઈ જઈશ.' ચકલી બેઠી ત્યાં જ પેલો માણસ ફરી આવ્યો. ચકલીએ 'ચીં-ચીં' કરી મૂક્યું. થોડુંક ઊડે ને પાછી ફૂલ પાસે આવે. 'આ ચકી ચાંચ મારી બેસશે. આજ મુહૂર્ત સારું નથી, પછી વાત.' વિચારી માણસ ભાગ્યો.

થોડી વાર પછી એક પંતગિયું ત્યાં આવ્યું. એ તો સીધું ફૂલ ઉપર બેસી જ ગયું. ફૂલ હસીને કહે, 'વાહ, તું મારી અંદર બેઠું તો હું વધુ ફૂલગુલાબી થઈ ગયું.'

પેલો માણસ ફરી પાછો આવ્યો. એ તો આભો થઈ જોઈ જ રહ્યો. 'આહાહા રંગીન ફૂલ ને એમાં બેઠું રંગબેરંગી પતંગિયું! ફૂલ તો હવે વધુ સરસ લાગે છે. તોડવું ફૂલ એ તો મોટી ભૂલ, આ ફૂલનાં ન થાય મૂલ' કહી એ થોડી વાર ત્યાં ઊભો રહ્યો. આમ તો એ આ બાજુથી આજે ત્રીજી વાર પસાર થયો હતો. ને મનથી તો અનેક વાર.. પણ હવે..! ત્યાં તો ભમરો ને ચકલીય આવી પહોંચ્યાં.

એ ઘરે પહોંચતાં જ પત્નીએ વખાણ કર્યાં, 'તમે ચહેરા પર કોઈ ક્રીમ ચોપડ્યું છે? ખૂબ સુંદર લાગો છો; પતંગિયા જેવા.' દીકરી કહે, 'આ તમારા હાથમાં સુગંધ શેની આવે છે? અત્તર છાંટ્યું છે કે શું?' દીકરો બોલ્યો, 'તમારા વાળ આજે વધુ મસ્ત લાગે છે. કાળાભમ્મર ભમરા જેવા! અરે તમારા માથે આ શું?'

'દીકરા, એ તો મારા માથે ચકલી ચરકી. જોકે આ તો સવારના પહોરમાં શુકન થયાં કહેવાય.'

એ માણસે ફૂલ નહોતું તોડ્યું. ને એ ફૂલ બની ગયો હતો. ગુલાબના ફૂલને પ્રેમથી ચૂમી, હળવે હાથે સ્પર્શ કરી એણે હથેળી ખુલ્લી કરી હતી જેમાં પંતગિયું આવીને બેસી ગયું હતું ને એની ફરતે, ઉપર-નીચે ચકલી અને ભમરાએ પ્રેમથી ચક્કર લગાવ્યાં હતાં.

સંવેદના

લીંબુડી બહુ મોટી જગ્યામાં ફેલાઈ ગઈ હતી ને બહુ ઊંચી થઈ ગઈ હતી. પણ હવે એણે લીંબુ આપવાનાં બંધ કરી દીધાં હતાં. આમ તો એનાથી આંગણામાં છાંયો આવતો. ફળિયામાં જ હીંચકો. આ લીલોતરીને જોતાં-જોતાં હીંચકે ઝૂલવાની ને ગીતો લલકારવાની સુધીરને મજા આવતી. ક્યારેક પંખી પણ આવીને બેસે. પણ હવે લીંબુડી ફળાઉ નહોતી રહી. એમાં હવે કાંઈ કસ ન રહેતાં સુધીરે એને કાઢી નાખવાનું નક્કી કર્યું, પણ તેનાથી કપાતી નહોતી ને ડાળમાં ઠેકઠેકાણે કાંટા. એટલે તેણે બે મજૂરોને બોલાવ્યા હતા. બેયને હમણાં કોઈ કામ મળ્યું નહોતું, ને વળી એકાદ-બે કલાકના જ કામ સામે બેયને બસ્સો રૂપિયા...આવું રોજ જતું કરવું થોડું પોષાય? એટલે બેય હરખભેર...! જોકે હવે એમને દિવસના પાંચસો લેખે ત્રણ દિવસ માટે એક નવું કામ મળી રહ્યું હતું, પણ બેય પ્રામાણિક, વચનના પાકા અને કૂણી લાગણીના માણસ...એટલે બેય સવારે દસ વાગ્યે આવી પહોંચ્યા.

બેય હજી તો કામ શરૂ કરે ત્યાં તો સુધીરે ફેરવી તોળ્યું. ‘ના, હવે લીંબુડી નથી કાપવી.’ ને બેય આકરા પાણીએ. ‘એક તો અમે બહુ દૂરથી આવ્યા, ને આવા નાના કામ માટે ઝટ કોઈ હા પણ ન પાડે, પણ તમે આજીજી કરી એટલે..! જ્યારે અમને અમારી મજૂરી સમયસર મળે ત્યારે જ અમારાં બાલબચ્ચાંના પેટમાં દાણો પડે સાહેબ. અમને તો મોટું કામ મળી ગ્યું’તું, પણ ગઈકાલે અમે તમારી સામે જીભ કચરી એટલે...પહેલાં તમે મોટે ઉપાડે બોલાવો ને હવે આમ...!’ બંને મજૂરો એકબીજા સામે જોઈ રહ્યા. આ તો ગધેડીય ગઈ, ને ફાળિયુંય ગ્યું. બાવાના બેય બગડ્યા. બેયની આર્થિક સ્થિતિ સાવ સાધારણ. કાયમી રોજગારીનું કોઈ સાધન નહિ. એમાં પાછો આવો ખાડો પડે એટલે પેટમાં ખાડો પડે. દુકાળમાં અધિક માસ.

મજૂરો બરાબરના તપી ગયા એટલે સુધીરે સ્પષ્ટતા કરી, ‘જો ભાઈ, મેં પણ જીભ કચરી છે એટલે તમને તમારી પૂરી મજૂરી આપીશ. માટે એની ચિંતા ન કરો. પણ સો વાતની એક વાત. હવે આ લીંબુડી કાપવી નથી. એ વાત હવે સાવ ભૂલી જ જાવ. લ્યો આ ચા પણ થઈ ગઈ. ચા પી લ્યો ને તમારા બસ્સો રૂપિયાય લઈને પ્રેમથી જજો બસ, હવે તો રાજી ને? હુંય આખરે માણસ છું!’ બેયને નવાઈ લાગી. માણસ આવો પણ હોય! કામ કરાવ્યા વિના...! પૂરી વાત જાણ્યા પછી બંનેએ મજૂરી લેવાની સાફ ના પડી દીધી. સુધીરે બહુ આગ્રહ કર્યો, પણ બેય મક્કમ... અંતે તેણે ધરાર એમના હાથમાં બાળબચ્ચાંના નામે સો-સો રૂપિયા પકડાવ્યા. બધા લીંબુડી સામે પ્રેમપૂર્વક જોઈ રહ્યા.

પાંચ-પાંચ વરસ થયા પછી પણ સુધીર નિઃસંતાન...ને ગઈ કાલથી જ ચકલીએ લીંબુડી પર માળો બાંધવાનું શરૂ કર્યું હતું; પોતાનાં આવનારાં બચ્ચાંના ઘર માટે!!

(‘ફૂલછાબ' વર્તમાનપત્ર જન્મદિન વિશેષ પૂર્તિ – 02-10-2015)

ગણતરી

મનીષ મલકાટ વેરતો, પરિણામપત્રક હાથથી ઊંચું કરતો, હલાવતો-હલાવતો ઘરમાં પ્રવેશ્યો એટલે ઘરમાં બધાંને થયું કે ‘હાશ, આપણો મનુ પરીક્ષાની વૈતરણી તરી ગયો લાગે છે, ને આપણે પણ...!' મનીષ અંગૂઠો ઊંચો કરી વિજયી મુદ્રામાં પોરસાઈને કહે, ‘બાપુજી, જોઈ લ્યો આપણું પરાક્રમ! આ વખતે ખાલી એકમાં જ ઊડ્યો. છમાસિક પરીક્ષામાં ત્રણમાં દાંડી ડૂલ થઈ હતી.’ મનસુખભાઈ હજી કંઈક કહેવા જાય એ પહેલાં તો એ વટભેર આગળ કહી રહ્યો, ‘પેલા રમેશનો આખી શાળામાં પહેલો નંબર આવ્યો, પણ અમારા સાહેબે એના નહિ, મારા એકલાનાં જ વખાણ કર્યાં. કહે, “જુઓ, આ મનીષમાંથી કંઈક શીખો. પ્રેરણા લ્યો. નાપાસ થવામાં ત્રણમાંથી સીધો એક જ વિષયમાં પહોંચી ગયો!”

મનસુખભાઈ હસવું કે રડવું એ નક્કી ન કરી શક્યા. એણે પહેલાં પરિણામપત્રક પર નજર ફેરવી, પછી દીકરા સામે..! ગુસ્સો હાસ્યમાં પલટાયો. ‘આપણો મનિયો આઠમા ધોરણની વાર્ષિક પરીક્ષામાં ગણિતમાં ઊડ્યો, પણ કૃપાના ગુણે ચડાવો પાસ. આમેય એનું ગણિત પહેલેથી કાચું જ છે ને? હવે તો આપણે એના માનમાં સગાવહાલાને પાર્ટી દેવી પડશે પાર્ટી.’ કહી અચાનક એ ખડખડાટ હસી પડ્યા ને એ જોઈ ઘરનાં બાકીનાં સભ્યો પણ...!

‘હવે આમાં કૃપા વચ્ચે ક્યાંથી આવી? એ કૃપલી બીજો નંબર લાવી એમાં તો ફુલાઈને ફાળકો થઈને ફરે છે! જાડકી સાલી. એનું આપણા જેવું નહિ કે ત્રણમાંથી ખાલી એક જ વિષયમાં...’

‘હા એ સાચું હો!’ પિતાજી વ્યંગમાં બોલ્યા ને પછી કહે, ‘અરે દીકરા, હું એ કૃપા છોકરીની નહિ, કૃપાગુણની વાત કરું છું. આ તો તારી પ્રગતિ થઈ કહેવાય. વાહ તારું પ્રગતિપત્રક! મૂક હવે એ વાતને તડકે. મેં તને ૨૦૦ રૂપિયા આપ્યા’તા એનું શું થ્યું? રવજીએ બે ખુરશી સમી કરવાના કેટલા પૈસા લીધા?’ મનીષે ૩૦ રૂપિયા પાછા આપતાં કહ્યું, ‘૧૨૦ રૂપિયા.’

પિતાજી કહે, ‘અરે મૂરખ, એ તને છેતરી ગયો. ૮૦ રૂપિયા પાછા લેવાને બદલે તું..? તું ગણિતમાં ઊડ્યો એ બરાબર જ ઊડ્યો છો.’ ગુસ્સો ડોકાયો, પણ ઝાઝું ન રોકાયો. દીકરાએ એ પછી જે કહ્યું તે સાંભળી પિતાજી કહે, ‘તને ‘પાકા’ થાતા કોઈ દિ’ નહિ આવડે. આમેય તારું ગણિત પહેલેથી કાચું જ છે. આમ જ કાચું રાખજે હો!’ આટલું કહેતાં તો એની આંખ ભીની થઈ ગઈ; હરખથી. એ પોરસાઈને ઘરના સભ્યોને કહી રહ્યા, ‘આપણો મનિયો ફુલ્લી પાસ છે, શું સમજ્યા?’

ગરીબ રવજીને છેલ્લા ચાર દિવસથી કામ નહોતું મળ્યું. ભૂખથી ટળવળતી એની દીકરી...

(`દેશ-પરદેશ' – ઑક્ટોબર – 2020)

ઘર ભણી

'અરે સુનિલ, શું વાત છે! મારે પણ એ જ જગ્યાએ જવાનું છે જ્યાં તું જાય છે! ચાલ, એકથી ભલા બે. મને મારી પત્નીએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે 'આજે બધી તપાસ કરી આવો ને કાલે કરી નાખો આ વાતનો ફેંસલો. કાલે આ કામ પૂરું થવું જ જોઈએ. મારે ખોટી માથાકૂટ...'

'ચેતન, તારી પત્ની એટલી સારી કહેવાય! મારી પત્ની નિધિએ તો એવું ફરમાન છોડ્યું છે કે 'કાલ નહિ, આજે જ, આજે એટલે અત્યારે જ આ કામ થઈ જવું જોઈએ, નહિતર...'

'સુનિલ, તો તો આપણી બેયની હાલત સરખી જ કહેવાય.'

'ચેતન, પહેલાં મારી પૂરી વાત તો સાંભળ. પત્નીએ સોઈઝાટકીને કહી દીધું છે કે 'ખબરદાર જો ખાલી હાથે ઘરમાં પાછા આવ્યા છો તો. મેં જે માંગ્યું એ સાથે લીધા વિના ઘરમાં પગ જ ન મૂકતા. એ કાચ નહિ, પણ સોનું છે. એનાં મૂલ ન થાય, શું સમજ્યા?' સુનિલે માંડીને આખી વાત કરી, જે સાંભળતાં જ ચેતન ઊભો રહી ગયો ને સુનિલને પણ ઊભો રાખી મૂળ વાત કરી પછી ભીની આંખે એના ખભે હાથ મૂકી આગળ કહી રહ્યો, 'હું ખોટો હતો. આપણી હાલત સરખી ન કહેવાય. તું જા. હવે મારે નથી આવવું એ જગ્યાએ.'

'આ શું? હજી તો તમે શેરીનો ખૂણોય નહિ વટ્યા હો! તો પછી ધોયેલા મૂળાની જેમ ઘરે પાછા કેમ આવ્યા? કાંઈ ભુલાઈ ગયું? ઝટ ત્યાં જાવ ને...' ચેતનની પત્ની માયા બરાડી.

'હા, હું ઘણું ભૂલી ગયો હતો.' કહી ચેતન બમણા જોરથી બરાડયો. 'ઓ મહામાયા, કાન ખોલીને સાંભળી લે. તારે અહીં રહેવું હોય તો પ્રેમથી રહે, બાકી તારાં માવતર ભેગી થઈ જા. મારી મા અહીં જ રહેશે, એ ક્યાંય નહિ જાય, શું સમજી?' પતિનું રૌદ્ર સ્વરૂપ જોઈ પત્ની સ્તબ્ધ!

આ બાજુ નિધિ ખુશખુશાલ! પોતે જે કીધું'તું એ લઈને સુનિલ આવ્યો હતો, એકલો નહિ! પહેલાં ચરણસ્પર્શ, પછી આરતી ઉતારવાની વિધિ કરી નિધિ એ સાથે આવેલી વ્યક્તિને માનભેર ઘરમાં લઈ ગઈ.

સુનિલ પોતાની માને કાયમ માટે ઘરે લઈ આવ્યો હતો; ઘરડાઘરમાંથી.

('તથાગત' – સપ્ટેમ્બર-ઑક્ટોબર – 2020)

વાત્સલ્ય

શિયાળો પૂરબહારમાં. પોષ મહિનાની કડકડતી ટાઢ ને રાત, બેય સંપી ગયાં હતાં. તનયનાં ઘરનાં બધાં જાડી રજાઈ ઓઢી જંપી ગયાં હતાં. ‘આવતીકાલે રવિવાર. કામ પર જવા માટે જો વહેલા ઊઠતા હોઈએ, તો પછી રજાના દિવસે તો આરામ કરવાનો હોય કે નહિ?' વિચારતાં તનયે રાત્રે જ નક્કી કરી લીધું હતું કે...! શનિવારે કામ પણ ઘણું કર્યું હોઈ એ થાકીને ઠૂસ! એની હૈયાવરાળ કાઢી એણે ઘરમાં બધાંને સૂચના આપી દીધી હતી કે ‘મને સવારે નવ વાગ્યા સુધી ઉઠાડવાનો નથી. સખેથી સૂજો ને સૂવા દેજો. ગમે તેટલા ઉધામા કરો, હું કોઈ કાળે ઊઠીશ નહિ. ખબરદાર જો ભૂલથી પણ મારી રજાઈ ખેંચી છે તો!’

તનયનો મિજાજ ગરમ. કડપ ભારે. ઘરમાં એનું રાજ. આમ તો એ લાગણીશીલ, હૃદયનો વિશાળ; પરંતુ જો એ બગડ્યો તો સામેવાળો નક્કી ગગડ્યો જ સમજો. આની જાણ હોવા છતાં પત્નીએ સવારના પહોરમાં એની રજાઈ ખેંચી, ને તનયનાં ભવાં ખેંચાયાં. બધાંએ કોશિશ કરી, પણ એ તો રજાઈ કસોકસ લપેટીને...! દુનિયા ભલે આમથી તેમ થઈ જાય, પણ આપણી દુનિયા એ આપણી દુનિયા! ન રજાઈ ખેંચી શકાઈ, ન તનયનો નિર્ણય.

તનય ખૂબ થાકેલો, આંખ ને માથું બેય ભારે, વળી નીંદરનેય જરાય કળ નહોતી. બધી પ્રતિકૂળતા ને હજી સવારના સાત જ વાગ્યા હતા, તોય તનય ત્યારે અચાનક ઊઠી ગયો ને બધું હળવુંફૂલ. અણગમો, ગુસ્સો, કંટાળો, પેલો દૃઢ નિર્ણય, હૈયાવરાળ... બધાની વરાળ થઈ ગઈ. એનો મનસૂબો હારી ગયો તેનો એને રંજ નહોતો, ઊલટું એને આનંદ થઈ રહ્યો હતો. બધાને એમ કે થશે ભડકો, પણ...! એણે શ્રેયા સામે જોયું. એ નજરમાં ક્યાંય ઉગ્રતા નહોતી. ત્યાં બસ સ્નેહ અને વહાલને જ અગ્રતા!

રિક્ષાવાળો પરીક્ષા કરતો હોય એમ એણે ટાણે જ રોન કાઢી’તી. પહેલાં તો એણે હા પાડી’તી, પણ વહેલી સવારમાં જ ફોન આવ્યો કે...! ને અધિકારપૂર્વક, ડર્યા વિના રજાઈ ખેંચાઈ હતી. દીકરી શ્રેયા પપ્પાને ઢંઢોળી-ઢંઢોળીને કહી રહી હતી, ‘પપ્પા, ઊઠો ને? મારે...!’

તનયે હસતાં-હસતાં સ્કૂટર બહાર કાઢ્યું.

પરીક્ષા માથે હોઈ શ્રેયાને વહેલી સવારે રવિવારેય એક્સ્ટ્રા ક્લાસ ભરવા જવાનું હતું!!

(`વિ'-વિદ્યાનગર – નવેમ્બર – 2016)

સામ્ય

સલિલના ઘરે આનંદ તો સલીમના ઘરે શોક. જેને સલીમ બહુ આદર આપતો એવા એના અબ્બાજાનનું બે અઠવાડિયાં પહેલાં જ મૃત્યુ થયેલું, જેની ઘરમાં આજ વિધિ હતી. આ જ દિવસે સલિલના ઘરે પુત્રનો જન્મ! આ ખુશાલીમાં સલિલે પાર્ટી ગોઠવી હતી. સલિલને ત્યાં સ્વજનો આઇસક્રીમ આરોગી ઠંડક અનુભવી રહ્યા, જ્યારે સલીમનું મગજ બદલાની આગમાં શેકાતું હતું. ખુન્નસ તેના પર સવાર! આતંકવાદી ટોળકીના સરદાર શકીલખાને એને કોમના નામે ભરમાવી બળતામાં ઘી હોમ્યું હતું. ‘સલિલને બેવજહ મુજે નોકરી સે નિકાલ દિયા થા. અબ તું ઉન કે બચ્ચે કો ઈસ દુનિયા સે નિકાલ બાહર કર દે. ઔર યાદ હૈ ના વો બડા કોન્ટ્રેક્ટ સલિલ તુજે દે સકતા થા, પર ઉસને...! સલીમ, તું હમારી ગિરોહમેં શામિલ હો જા. હમ આતંક ફેલાકે પૂરે દેશકો...’

આમ તો સલીમને સલિલના પરિવાર સાથે હજીયે સારો સબંધ. સલીમ ધંધામાં લાખો કમાતો હતો, પણ એક હત્યા કરવાના બદલામાં શકીલખાન તરફથી મળતી બે લાખ રૂપિયા જેવી મોટી રકમ કોણ છોડે! બદલાનો બદલો ને ઉપરથી આટલા બધા રૂપિયા! સલીમ ખુશ.

પણ અચાનક સલીમ સ્તબ્ધ. ‘નક્કી સૌની જાત એક જ છે, હિંદુ-મુસલમાન એ બધા ભેદ ખોટા છે, નહિતર આમ કેમ બને! એવું કંઈક ઘટી ગયું હતું કે સઘળું ખોટું હટી ગયું હતું. કોમ, જાત વગેરે ભેદનો સમૂળગો ઊડતો છેદ! ક્ષણમાં સમજણનો સૂરજ પ્રગટ્યો. ‘ઉસકી ઔર હમારી કોમ અલગ હૈ.’ એવી શકીલખાનની વાત તદ્દન ખોટી સાબિત થતી હતી.

સલીમ આવતાં જ... ‘ઉસ કા કામ તમામ હો ગયા ના? શાબાશ. તુને...’ ટોળીનો સરદાર બીજું કંઈ આગળ બોલે એ પહેલાં તો સલીમે બધો ગુસ્સો એના પર ઉતારી પેલી છરી એના ગળે ફેરવી એને મોતને ઘાટ ઉતાર્યો, પછી હૃદય પરનો બોજ ઉતાર્યો, હા, એણે સલિલની માફી માંગી ને પોલીસતંત્રને બાતમી આપી આતંકવાદીઓનું આખું કાવતરું નિષ્ફળ બનાવ્યું.

નવજાત બાળકના ખુલ્લા ગળા પર નજર પડતાં જ સલીમ ચોંકી ઊઠ્યો હતો. જેવો એ ગળા પર છરી ફેરવવા ગયો હતો કે આ શું? એ આમાં માનતો ન હતો, પણ...! બાળકના ગળા ઉપર હતા, બરાબર એવા જ બે કાપા અનવરના ગળા પર પણ! કપાળ પર ચોકડીનું નિશાન પણ સરખું! સલીમ આદરપૂર્વક એ બાળકને પગે લાગ્યો. બે દિ’ પછી એના ગળામાં સોનાની ચેન પહેરાવીને જ એને ચેન પડ્યું.

સલીમે પોતાના ઘરે જઈ પોતાના અબ્બાજાન અનવરની છબીને આદરપૂર્વક નમન કર્યું!

(`કુમાર' – ઑગસ્ટ – 2019)

રસ

સુખપુર ગામ બહુ મોટું કે જાણીતું નહિ. અહીં કાંઈ જોવા જેવું નહોતું. આ ગામથી મહાનગર એંસી કિલોમીટરના અંતરે જે એટલું દૂર ન કહેવાય, પણ ત્યાંથી કોઈ અહીં આવતું નહિ ને કોઈને અહીં ફાવતું નહિ. ઓછી વસ્તી ધરાવતા આ ગામની જાણે કોઈ હસ્તી જ ન હોય એમ આજુબાજુના વિસ્તારોમાંથી પણ કોઈ ભાગ્યે જ અહીં ફરકતું. કોઈનેય આ ગામમાં રસ નહોતો. સુખપુર ગામનું આ સુખ કે દુ:ખ, જે ગણો તે..પણ આ વિચિત્ર ચિત્ર હતું. આ ગામ સાથે બહારનાને જરાય પનારો નહિ એમ સમજો ને? એમ કહો ને કે ગામના લોકો જ અરસપરસ એકબીજાને ઓળખતા, વાતો કરતા ને એમાં જ સંતોષ માનતા. ઘરના ભૂવા ને ઘરનાં ડાકલાં. સંપર્કવિહોણું, એકલુંઅટૂલું ગામ.

પણ આજે આ ગામમાં પગ મૂકવાનીય જગ્યા નહોતી. ગામેગામથી માણસોનાં ટોળેટોળાં ઊમટ્યાં હતાં. મીડિયા, સરકારી તંત્ર, મહાનગરના, નજીકના તેમ જ દૂરદૂરના વિસ્તારોમાંથી આબાલવૃદ્ધ, ગરીબ, મજૂર, મહાનુભાવો... તમામ પ્રકારના માણસો આ ગામમાં આવી રહ્યા હતા. પ્રચંડ ધસારો, ભીડભાડ, અવ્યવસ્થા, ભાગદોડ! ગામલોકો માટે આ જોણું હતું. જોકે વાત જ કંઈક એવી હતી કે...!

સો જીવતા માણસો જ્યાં ટોળે વળ્યા હોય એ દૃશ્ય જ્યાં જોવા મળવું દુર્લભ હતું એ ગામમાં એકીસાથે સો જેટલી માનવલાશો...! ગામ આખું હીબકે ચડ્યું હતું. લગ્નપ્રસંગે શહેરમાંથી મંગાવેલો ખોરાક ભેળસેળિયો, જીવલેણ સાબિત થયો હતો. અદ્યતન સુવિધા ધરાવતા તંબુના રૂપમાં ફટાફટ ઊભી કરેલી કામચલાઉ હૉસ્પિટલમાં કુશળ તબીબોની ટીમ આવીને કામે લાગી ગઈ હતી. અહીં લોકોની ભીડ જામી હતી. જાણે સહાનુભૂતિ દાખવવાની લોકોમાં સ્પર્ધા જામી હોય એમ કોઈ ત્યાંથી હટવાનું નામ નહોતું લેતું. પડાપડી, દોડાદોડી... વાતાવરણમાં ગંભીરતા, ઉત્સુકતા અને કરુણતાનું સામ્રાજ્ય! પત્રકારો, ફોટોગ્રાફર્સનું ધાડું ફટાફટ તસ્વીરો લઈ કવરેજ કરી રહ્યું હતું. સુખપુર ગામમાં દુ:ખનું પૂર ફરી વળ્યું હતું..ને માણસોનુંય...!

....અચાનક, બધા વીખરાવા માંડ્યા. બધું સમેટાઈ ગયું. પેલી માનવલાશો હજી ત્યાં જ પડી હતી, ને ગામલોકોનું હૈયાફાટ રુદન પણ ચાલુ જ હતું, પણ હવે બહારગામના લોકો..! ગામ પાછું હતું તેવું થઈ ગયું. હવે કોરી એકલતા ગામવાળાને કોરી ખાતી હતી. મોતને ભેટનારામાં એક કમનસીબ સુરેશ પણ હતો, જેના પરમ મિત્ર હતા ધીરજકુમાર... જેના માટે ખાસ હેલિપેડ બનાવવામાં આવ્યું હતું.

હિંદી ફિલ્મજગતના અતિ પ્રખ્યાત તેમ જ અપાર લોકચાહના ધરાવનાર મોટા ગજાના અભિનેતા ધીરજકુમાર તંબુની તેમ જ સુરેશના સ્વજનોની મુલાકાત લઈ, સહાનુભૂતિ વ્યક્ત કરી હેલિકૉપ્ટરમાં મુંબઈ પરત જવા રવાના થઈ ગયા હતા!

અસલી

'તમને એવું લાગશે જ નહિ કે આ દાંત કૃત્રિમ છે. અદ્દલ ઓરિજિનલ જ લાગશે. વળી એનાથી બીજા એકેય દાંતને કોઈ જાતનું નુકસાન નહિ થાય. બીજા દાંત ને મોઢાનાં બધાં અંગો આ નવા દાંતને પ્રેમથી સ્વીકારી લેશે. ફોરેન બૉડીનું રિએક્શન કે એવા બીજા કોઈ પ્રકારનાં કોમ્પ્લીકેશન્સ આવશે નહિ. તમે ઓરિજિનલ દાંતથી જે રીતે ખાઈ શકતા એ જ રીતે આ નકલી દાંતથી પણ ખાઈ શકશો. અરે, એનાથી લોઢાના ચણા પણ ચાવી શકશો.'

'પણ ડૉક્ટરસાહેબ..' નકાર પકડી રાખતા મનોજભાઈને મનાવવા એ લોઢાના ચણા ચાવવા જેવું.

'અરે પિતાજી, ડૉક્ટરસાહેબ સાચું કહે છે. તમને કંઈ કરતાં કંઈ નહિ થાય. તમને એમ છે ને કે મૂળ દાંત એ મૂળ દાંત. એના જેવું તો પાછું ન જ થાય, પણ ના પિતાજી, ઊલટું એમ પણ બને કે મૂળ કરતાં આ બહારની વસ્તુ વધુ સારી નીકળે. જુઓ, આમાં સડા કે ચેપનો ભય જ નથી. એટલે તમે ચિંતા કર્યા વિના નકલી દાંત બેસાડી જ ધો. એ ઓરિજિનલ જેવું જ કામ આપશે. અરે એ તો એનેય ટક્કર મારશે, માટે નવા દાંતની ખુશીમાં દાંત કાઢો એટલે કે હસો.' ડૉક્ટર ઠાકરની વાતને ટેકો આપતાં રિષભ પણ સમજાવી રહ્યો ને ઘરનાં સૌ પ્રેમથી રિષભ સામે જોઈ રહ્યાં. એ ઘરમાં સૌનો લાડકો.

'હા મનોજભાઈ, તમારા દીકરાની વાતમાં દમ છે. તમારા દાંતની વચ્ચે જે પોલાણ છે, જે ખાલીપો છે એ ભરાઈ જશે ને તમે આનંદથી ઊભરાઈ જશો. એટલે રિલેક્સ.' ડૉક્ટર ઠાકરે હિંમત આપી. પિતાજીએ સ્નેહવશ દીકરા સામે જોયું ને અંતે એ માની ગયા.

પછી તો મનોજભાઈ આવા કિસ્સામાં બીજાનેય સમજાવતા: 'આ મારો જ દાખલો લ્યો ને? કોઈ જુએ તો ખબર પણ ન પડે કે આ અસલી દાંત છે કે નકલી? આ અંદરનો ને આ બહારનો, જૂનો કે નવો એવો ફરક મને વર્તાતો જ નથી.' વાત ખોટી તો નહોતી. પિતાજી આ બધાનો યશ રિષભને દેતા. આધુનિક વિચારધારા ધરાવતા રિષભ અને જૂની પેઢીના પિતાજી વચ્ચે ક્યાં કોઈ અંતર હતું? નવા જમાનાનો રિષભ પિતાજીની પ્રેમથી સંભાળ રાખતો, ઘરમાં સૌને પ્રેમની છોળથી ભીંજવી દેતો એ જોઈ ઘરમાં સૌનું હૈયું ઠરતું.

વર્ષો પહેલાં ઘણાએ મનોજભાઈને વાર્યા હતા કે 'રે'વા ધો. પોતાનાં એ પોતાનાં, ને...!' પણ એમણે એ લોકોની વાત નહોતી માની. મનોજભાઈએ નવા દાંતની ખુશીમાં અનાથાશ્રમમાં મીઠાઈ વહેંચી. એમને લાગેલું 'નિ:સંતાન'નું વિશેષણ જ્યાંથી હટી ગયું હતું આ એ જ અનાથાશ્રમ હતો!

ભ્રમ

ખખડાટ સાંભળી ઘરનો મુખ્ય દરવાજો ખોલવા ગયેલો પવન બે વાર ભોંઠો પડ્યો. કોઈ નહોતું આવ્યું. જોકે સાવ એવુંય નહોતું. નવાઈ ને ગુસ્સો તો બેય એકસાથે ડોકાયા જ. 'કોઈ ધડાધડ બારણું ઠોકીને પછી ગાયબ થઈ જાય છે! મેં મારા સગા કાને સાંભળ્યું. ને ભ્રમ એક વાર થાય, બે વાર નહિ.'

દાદા-પોતરો તાળી દઈને હસી રહ્યા. દિલસુખરાય દીકરાને કહી રહ્યા ઃ 'પવન, બે વાર નહિ, આવું તો અનેક વાર થશે. તને ખબર છે ને મારો પોતરો ઈશિત હવે નાટકનો મોટો નિર્માતા ને દિગ્દર્શક થઈ ગયો છે! જે નાટક ભજવવાનું છે એમાં જે જાતજાતના અવાજો જોઈએ તે અવાજો એ કમ્પ્યૂટરના ઉપયોગથી એમાં ભરે છે. આપણા શહેરમાં દરિયો નથી તોય એનાં મોજાંનો અવાજ આવશે. ભરશિયાળે વરસાદ આવશે, પણ આમ...! તું `વરસાદ આવ્યો' જાણી ભીંજાવા બહાર નીકળીશ ને કોરોકટ પાછો આવીશ. આ બારણાંનો અવાજ નાટકનો છે જે અત્યારે એણે કમ્પ્યૂટરમાંથી વગાડ્યો. અત્યારે એ આ અવાજની ચકાસણી કરતો હતો. તું હારી ગયો ને એમાં એ જીતી ગયો. તારો આ દીકરો હવે આમાં નિપુણ થઈ ગયો છે.'

'અચ્છા તો એમ વાત છે!' પવન મલકીને બોલ્યો ને પછી ઈશિત પાસે જઈને... 'ઉલ્લુ બનાવ્યો ને મને? તને અભિનંદન ને શુભકામના દીકરા. પણ જોઈ લેજે, હવે હું મૂરખ નહિ બનું.'

'દાદા, પપ્પા હજી આમ જ કરશે, ખરું ને? પપ્પા, આપણા બેમાંથી જે હારે, એ પાર્ટી આપે, મંજૂર?'

'દીકરા, મને મંજૂર છે. આમેય ઘી ઢોળાશે તો ખીચડીમાં જ ને?'

બીજા દિવસે ઈશિતે એક અવાજ વગાડી પપ્પાને જગાડ્યા. 'પપ્પા પપ્પા, ચાલો જલદી ફળિયામાં.'

'તું જા. હું નથી આવતો. હવે મૂરખ બને એ બીજા.' પપ્પા આ વખતે જીત્યા, પણ એનો આનંદ ચહેરા પર દેખાતો ન હતો. 'પવન' પડી ગયો હતો. એ વહેલી સવાર..ને પવનના ચહેરા ઉપર વ્યથા સવાર થઈ ગઈ. 'બેટા, માણસ વિકાસના ભ્રમમાં પોતાના પગ પર જ કુહાડો મારી રહ્યો છે. શેરીમાંથી તો ક્યારના સાફ થઈ ગયા ને હવે શહેરમાંય ક્યાં ઝાઝાં વૃક્ષો બચ્યાં છે? વૃક્ષો જ ન હોય તો પછી તું જે કહે છે એ અહીં આવે જ ક્યાંથી?!'

દીકરાને આ અવાજ રેકોર્ડ કરવા માટે ગામડે જવું પડ્યું હતું. એ કોયલનો અવાજ હતો.

પરિવાર

શ્રીધરે બારણું સહેજ ખોલ્યું ત્યાં તો.. ત્રણ લૂંટારુઓ ઘરમાં ઘૂસી આવ્યા. એમાંના એકે લાકડીના એક ફટકે શ્રીધર શેઠને પાડી દીધા. શ્રીધરે રાડ પાડી; પરંતુ ઘરમાં એમનો અવાજ સંભળાયો નહિ. રજાના દિવસ રવિવારે પરિવારજનો બધાં હતાં તો ઘરમાં જ, પણ...! લૂંટારુઓએ ઘરના મોભી એવા શ્રીધર શેઠને આગળ કરી એના લમણે બંદૂક ધરી વારાફરતી ઘરના બધા સભ્યોને પોતપોતાના ઓરડામાંથી બહાર ખેંચી કાઢ્યા. દરેક પાસેથી મોબાઇલ ફોન ઝૂંટવી લઈને શ્રીધર, એની પત્ની, દીકરી સોનલ, મોટો દીકરો ને એની પત્ની, નાનો દીકરો, વૃદ્ધ માબાપ... આઠેઆઠ સભ્યોને એક હારમાં ઊભાં રાખી દીધાં. ઘરમાં રાડારાડ ને દેકારો. બીજા એક લૂંટારુએ બંદૂકનો કુંદો શ્રીધરના દીકરા રાજેશની કમર પર ઘોંચતા એ પીડાથી ચીસ પાડી ઊઠ્યો. પરિવારજનોએ ફરી બુમરાણ મચાવ્યું, પરંતુ..

'ચુપ, ખબરદાર જો કોઈએ જરીકે દેકારો કર્યો છે તો! બોબડી સાવ બંધ રાખજો, ને કોઈ જાતની ચાલાકી કરવાની કોશિશ કરી છે તો આ બંધૂકડી તમારી સગી નહિ થાય.' લૂંટારુઓએ ધાકધમકી આપી મુદ્દામાલ ક્યાં રાખ્યો છે એ જાણી ઘરની બધી ચાવીઓ પડાવી લીધી, બધાંને એક ઓરડામાં પૂરી દીધાં, પછી એ ઓરડાની બહાર બારણે મારી દીધું તાળું. લૂંટારુઓએ કોઈના હાથપગ કે મોઢાં બાંધ્યાં નહિ કે કોઈને મારકૂટ ન કરી. એટલા એ સારા હતા!

ખાસ્સી પોણી કલાક લૂંટફાટ ચાલી. લૂંટારુઓ મોટો દલ્લો લઈ છનનન. એ પોણી કલાક એક છત નીચે બધાંએ લાચારપણે વિતાવી. એમાંની પહેલી પંદરેક મિનિટ તો ભય, ચિંતા અને દોલત ખોઈ બેસ્યાની પીડા સૌના ચહેરા પર... એ પછી બીજું કંઈક પણ ભીતર તરવરી રહ્યું. લૂંટારુઓ જતાં-જતાં એ ઓરડો ખોલતા ગયા હતા પણ ઘરમાં પ્રવેશવાનું મૂળ દ્વાર બંધ કરતા ગયા હતા.

કળ વળતાં પરિવારજનો ખૂલી ગયેલા ઓરડાની બહાર નીકળ્યા. ઘરની હાલત જોઈ સૌ સ્તબ્ધ. શ્રીધરને થયું, આમાં તો બધાં વધુ ગભરાઈ જશે ને હિંમત હારી જશે એટલે એણે કહ્યું, 'મૂકો, જે થયું તે થયું. લાખો રૂપિયા ગયા તો ગયા, પણ એ લોકોએ આપણને તો કાંઈ કરતાં કાંઈ ન કર્યું ને? જાન બચી લાખો પાયે.' સોનલ દુઃખી થવાને બદલે પ્રસન્ન. ઘણું ગુમાવ્યું છતાં કંઈક એવું મળ્યું હતું જે...! એણે મનની વાત કરી ને સૌએ નક્કી કર્યું કે હવેથી અઠવાડિયામાં એક વાર તો અચૂક...! બધાં હળવાશ અનુભવી રહ્યાં. સોનલ બોલી ઊઠી, 'ભલું થજો એ લૂંટારુઓનું કે જેમને લીધે..'

છેલ્લા એક વર્ષમાં આવું પહેલી જ વાર બન્યું હતું કે ઘરના તમામ સભ્યો એક જ ઓરડામાં સાથે...!

લક્ષણ

મશીન ઠીક કરવામાં ચંદુનો જોટો ન જડે. મશીન વિશેનો એનો અભિપ્રાય ભાગ્યે જ ખોટો પડે. મોટા-મોટા ઇજનેરો પાછા પડે ત્યાં બે જ ચોપડી ભણેલો ચંદુ ફટ દઈને...! મશીન નવેનવું હોય, પહેલી જ વાર જોયું હોય તોય આખેઆખું મશીન એ ખોલી નાખે ને પછી િફટ કે ઠીક કરી દે. એ તેની રગેરગ જાણે. ઘણા કહેતા, ‘માલિક તારો ગેરલાભ ઉઠાવે છે. તારું કામ તો મશીન પર માત્ર કામ કરવાનું. તેને ઠીક કરવાની જવાબદારી તારી નથી. બહારથી આવેલા નિષ્ણાતો મશીન ઠીક કરી મોં માંગ્યા દામ પડાવે. જ્યારે તને તો આનું ફદિયું પણ...! ક્યારેક તો કારણ વગરનું લાખોનું આંધણ થવાનું હોય એ તું થવા નથી દેતો. પટ દઈને મશીન સરખું કરી દે એટલે જો એ ન થયું હોત તો શું થાત એની ગંભીરતાનો માલિકને ખ્યાલ જ નથી આવતો. એ માત્ર પીઠ થાબડીને પીઠ બતાવી દે એ શું કામનું? આ તો એક જાતનું શોષણ...’ પણ ચંદુ ત્યારે આવું કંઈક કહેતો, ‘મેં કારમી ગરીબી જોઈ છે. આજે હું જે કાંઈ છું તે આ શેઠના પ્રતાપે...'

ચંદુનો બાપ પસ્તીની રેંકડી ફેરવતો. પસ્તીના ભાવ જેટલોય કોઈ એનો ભાવ ન પૂછતું ત્યારે એની આર્થિક મુશ્કેલી હળવી કરવા આ શેઠ જ મદદે આવ્યા હતા. શેઠે એમને થોડાક પૈસા આપ્યા’તા ને ચંદુને રોજગારી...ચંદુએ શેઠને કીધું હતું કે ‘મને આ કામ નહિ આવડે. હું તમારા માથે પડીશ.’ ત્યારે શેઠે કહ્યું’તું કે ‘મન સે જિસકી હો ન હાર, વો હૈ હોનહાર. તું કાલથી આવી જ જાજે.’ હવે તો એમણે ચંદુને મજૂરમાંથી સુપરવાઇઝર બનાવી દઈ પગાર પણ વધારી દીધો છે. ભરોસો રાખી બધાં મશીનો આંખ મીંચીને તે એના હવાલે કરી દે છે. એ બધું કેમ ભુલાય?

ચંદુનો દીકરો આઠ વર્ષનો થયો ત્યારથી મોંઘાંદાટ રમકડાંની માગણી કરવા માંડ્યો. ચંદુએ એને ચારસો રૂપિયાનો રૉબોટ લઈ દીધો. દુકાનદારે આ રમકડાની ખૂબી વર્ણવી. મોહને પૂછ્યું, ‘આ રૉબોટને નાચતા આવડે છે?’ જવાબ મળ્યો. ‘ના.’

બીજા જ દિવસે પડોશી પશાભાઈએ ચંદુના ઘરે આવીને.. ‘બસ ને ચંદુ? થઈ ગ્યું ને પૈસાનું પાણી? છોકરું તો જીદ કરે, પણ એટલે કાંઈ આપણે...! આણે રૉબોટનાં એકેએક હાડકાંપાંસળાં સાવ નોખાં કરી નાખ્યાં. તોય હજી એનો કેડો મૂકતો નથી. હવે બાપદીકરો બેય ભેગા મળી મંજીરા વગાડો.’ પણ ચંદુના પેટનું પાણીય ન હલ્યું. મોહન હજી એ રમકડું...! એક કલાકમાં રૉબોટ હતો તેવો જ આખેઆખો ઊભો થઈ ગયો. હા, એમાં થોડોક ફરક પડી ગયો હતો.

હવે મોહન અને ચંદુની સાથે તે રૉબોટ નાચતો પણ હતો!

સ્વરૂપ

'મા પાવા તે ગઢથી ઊતર્યાં મહાકાળી રે...' સિત્તેર વરસનાં રેવાબહેને જોશભેર ગરબો ઉપાડ્યો, જેને સૌએ હોંશભેર ઝીલ્યો. પછી તરત જ ઝમકુ ડોશીએ 'તું કાળી ને કલ્યાણી રે મા...' લલકાર્યું. પાંસઠ વરસના રમણલાલને શૂરાતન ચડ્યું. 'મને અંબાના ગુણ ગાવા દે..' આમ એક પછી એક ગરબાની રમઝટ જામી. જે ખપ પૂરતું ને ભાગ્યે જ બોલતાં એવા ગંગાબહેને ઊંચા, બુલંદ અવાજે ગરબો ગાયો! ચાર દિવસ સુધી તો બહુ રંગત નહોતી જામી, પણ આ પાંચમા નોરતે વાતાવરણ ખૂબ ભક્તિમય ને શક્તિમય બની ગયું.

ગરબા પૂરા થતાં જ મંછાબહેન કહી રહ્યાં, 'સ્ત્રી તો શક્તિ છે, મા તો સાક્ષાત્ જગદંબા. મા પંડે ઘસાઈને, પોતાનાં સુખ-સ્વાર્થ ત્યાગીને પણ પોતાનાં સંતાનોને સુખી કરે, ખુશ જોવા માંગે. એટલે જ તો તેને કરુણામયી, સ્નેહમયી કહે છે ને? હા, પણ એ જ સૌમ્યા મા જરૂર પડ્યે મહાકાળી કે રણચંડી બની શકે! એટલે તો ''મા''નું માન જળવાય છે, એની પૂજા થાય છે.'

'હા, આજકાલ તો ''મા''ની બરાબરની પૂજા થાય જ છે ને?' વૃદ્ધ રામશંકર વ્યંગમાં બળતરા સાથે બોલી ઊઠ્યા. ચર્ચા હજી તો બરાબરની જામી, ત્યાં તો આ બધું સાંભળી રેવાબહેન સડપ દઈ ઊભાં થઈ ગયાં ને પોતાનાં થોડાંઘણાં કપડાં-લત્તાં નાનકડી બચકીમાં ભરીને...!

મંછાબહેન પૂછી રહ્યાં, 'અરે! તમે ક્યાં ચાલ્યાં...?'

'કાં, તમે જ ન કીધું કે માના અગણિત સ્વરૂપ છે? મા ન અન્યાય કરે, ન સાંખે. સ્નેહમયી મા ચંડિકા પણ બની શકે. માતાનાં આટઆટલાં રૂપમાં ક્યાંય 'લાચાર', 'બાપડી', કે 'અબળા' એવું રૂપ નથી ભાળ્યું. એ તો આપણે જ હાથે કરીને...! એટલે હું તો આ ચાલી..'

'અરે પણ તમને ઘૂંટણનો દુઃખાવો..!'

'અરે એ દુઃખાવાને તો જોઈ લેવાશે. હા, હું કચકચ કે અન્યાય નહોતી કરતી. હવેય નહિ કરું. જીદ કે કડવાશ વિના બધાને પ્રેમથી આનંદમાં રાખતી, તોય...! મહેનત કરીકરીને બનાવેલું માલિકીનું મકાન ખોટી સહીઓ કરાવીને...! હું તો સામેથી જ દઈ દેવાની હતી. કાંઈ ભેગું બાંધીને ઉપર થોડું લઈ જવાની હતી!? પણ તોય...! મને મમત કે માયા-મોહ નથી, પણ અન્યાય કે લાચારી સહન ન કરાય. માનું એક નામ 'ચંડિકે' પણ છે. હું જોઉં છું કે હવે બધા કેવી રીતે મને હેરાન કરે છે? મારો હક, મારું સ્વમાન હું મેળવીને જ રહીશ.'

આ જોઈ ઝમકુ ડોશી બોલ્યાં, 'બહુ સરસ. પણ હા, માનું એક સ્વરૂપ સ્નેહમયી પણ છે જ ને? એમાં કર્કશા રૂપ તમે ક્યાંય ભાળ્યું? નવરાત્રિમાં મા આમ અનેરો સંદેશ આપી જાય છે કે તમે તમારાં રૂપને ઓળખશો તો સવાર જ નહિ, તમારી રાત પણ અજવાસથી ઝળહળ થઈ ઊઠશે. ઘણા મૂરખા કચકચ, કંકાસ, ફાટફૂટનો આશરો લઈ બધું પોતાને હસ્તક જ રાખી ઘરને નર્ક જેવું બનાવી દે છે. વાતવાતમાં વિવાદમાં ઊતરી જઈ પ્રેમાળ વહુ-દીકરા વગેરેને ઉતારી પાડે. બીજા લોકોની હાજરીમાં ખોટો રોફ જમાવી ઘરનાને જ અન્યાય કરી બેસે છે.'

ને ત્યાં તો કાશી ડોશી પણ ફટ દેતાંકને...! એક તરફ હતી ખુમારી, તો બીજી તરફ સમજદારી. બેયની મક્કમતા જોઈ ઝમકુ ડોશી હરખભેર ગાવાં માંડ્યાં. 'મા ઘરડાં તે ઘરથી... નીસર્યાં ''રેવાકાશી'' રે.'

ઘરનાની માફી માંગી ઘરને ફરી નંદનવન બનાવવાના દૃઢ નિર્ધાર સાથે 'સજળ નેત્રે' કાશી ડોશી પણ પોતાના ઘરે પરત જઈ રહ્યાં હતાં!!

(`અભિયાન' દીપોત્સવી અંક – 2014)

નવી જોડ

કલ્પનાને ખબર કે અંદાજ જ હોય કે પપ્પાએ વસ્તુ ક્યાં રાખી હોય. પપ્પા કહેતા, 'તારે સી.આઈ.ડી.માં નોકરી કરવાની જરૂર હતી. ગમે ત્યાંથી તું...' `આજે પણ પ્રતાપભાઈએ ખાંખાંખોળા કર્યાં પણ...' હવે એમ ફાંફાં મારવાનું રહેવા ધો. તમારાં એ ચશ્માં તમને મળી રહ્યાં. અત્યાર સુધી તમારી લાડકી દીકરી બધું સંભાળી લેતી, પણ હવે તો એ પરણી ગઈ ને આપણો દીપેન તો સાવ ધૂની છે ધૂની. એની વસ્તુઓય મારે ગોતી દેવી પડે છે, માટે યાદ રાખવાની આદત હવે તો તમે પાડી જ ધો.' પત્ની સપના બોલી ઊઠી.

'હા, કપુડી તો ગઈ સાસરે. તમે છો હવે મારા આશરે.' દીપેન આમ બોલ્યો ને મમ્મી ખિજાઈ. 'વળી પાછું ક્પુડી! હજી થોડા દી' પહેલાં જ તને ટોક્યો'તો.' હા, થોડા દિવસ પહેલાં કલ્પના પિયર આવેલી ત્યારે એને 'કપુડી' સંબોધન કરવામાં આવતાં જ સપનાએ કહ્યું'તું, 'એલા એય દીપેન, હવે એનાં લગ્ન થઈ ગયાં. હવે તો એનું નામ ન બગાડ!'

એક વાર નહિ, હજાર વાર કહીશ 'કપુડી કપુડી.' ને એ તો સાવ મારી જાતિ જ બદલી નાખે છે એનું શું? ક્પુમાં જે મજા છે તે કલ્પનામાં નથી, ખરું ને ક્પુડી?'

'તારી વાત સાવ સાચી. મનેય મજા આવે છે હો મારી દીપડી દીપુડી! પણ તમે તો કંઈક બોલો પપ્પા પપુડી!' કલ્પના પણ આમ ટહુકી ઊઠી હતી ને પ્રતાપરાયે પત્નીને કહ્યું હતું. 'ભાઈબહેન બેયની વાત સાચી છે મારી પત્ની સપુડી. તું આ બેયને નહિ પહોંચે. રે'વા દે.' ચારેય એકબીજાનાં હુલામણાં નામ વારાફરતી બોલવા માંડ્યા હતાં : 'કપુડી, દીપુડી, પપુડી, સપુડી.'

પ્રતાપભાઈને આ વાત અત્યારે યાદ આવી. નામ બગાડીને સુધરવાની આ કેવી મજા! આમ કિલ્લોલના સંગે મકાન ઘર બની જતું. એમણે ભીની આંખે પહેલાં સપના સામે ને પછી અલગારી દીપેન સામે જોયું. ત્રણેય હાથમાં હાથ પરોવી મોબાઇલમાં ફોટો પડાવી રહ્યાં. કલ્પના તો નહોતી, પણ ફોટોગ્રાફમાં ચારેય ઝીલાયાં! દીપેનના બીજા હાથમાં બહેનની છબી હતી. ભાઈબહેનનો ચહેરો જ નહિ, સ્વભાવ પણ આવો મળતો આવતો હશે એની આજે ખબર પડી!

કલ્પનાનાં લગ્ન થયાને આજે એક મહિનો પૂરો થયો હતો. 'પિતાજી, આ ચશ્માં હવે જૂનાં થઈ ગયાં છે. ને આમેય તમે ભૂલી જાવ છો એટલે લ્યો આ બીજી નવી જોડી. મસ્ત છે ને? તમે ચિંતા ન કરતા એની જગ્યા આ ટેબલનું જમણું ખાનું. આ બધો કલ્પનાનો પ્રતાપ. કપુડી જ જતાં-જતાં મને આમ કરવાનું કહેતી ગઈ છે. ને આમેય મારા મનમાં હતું જ.'

પિતાજી ચશ્માં શોધી લે એ પહેલાં જ ચશ્માં મળી ગયાં હતાં જે એમના હાથમાં આપતા ભીની આંખે આમ બોલી રહેલો દીપેન બીજી જોડ સાચવીને એની જગ્યાએ મૂકી રહ્યો.

નવલો ભિખારી

મનજીને લોકો ભિખારી ગણતા. પણ એણે કોઈની પાસે હાથ લાંબો કર્યો હોય કે મોઢેથી કોઈની પાસે કાંઈ માંગ્યું હોય એવું કદી નહોતું બન્યું. કોઈ એક દિવસ એ હાર્મોનિયમ ગળામાં ભરાવીને ગીતો લલકારતો શેરીઓમાં નીકળી પડે. રવિવારે સાંજે ચોપાટી પર પાથરણું પાથરી ગાવા-વગાડવા બેસી જાય. અઠવાડિયામાં બે દી' એ નીકળે. ગીતોમાંય 'આપો તો તમારું ભલું થાય' એવાં અર્થવાળાં એકેય ગીત એ ન ગાય. લોકો સ્વેચ્છાએ જે આપે એ પ્રેમથી લઈ લે. સંતોષી જીવડો. એક-બે દિવસનો ખાવાપીવાનો જોગ થઈ ગયો એટલે પછી પૈસા કે બીજી કોઈ પણ વસ્તુ લેવાની સાફ ના પાડી દે! ઘણા એને 'મનમોજી મનજી' પણ કહેતા.

હંમેશાં એકલો નીકળતો મનજી આજે પહેલીવાર પત્નીને અને કોઈની પાસેથી માગેલી રેકડી સાથે લઈને નીકળ્યો! એનું ગાવા-વગાડવાનું ચાલુ જ હતું, પણ કોઈની પાસે હાથ લાંબો ન કરતો મનજી આજે...! વર્ષોજૂના બધા નિયમોનો ભંગ એકીસાથે..! એક વધુ નિયમ એણે આજે તોડ્યો, એ જોઈને પોલીસવાળાએ ચાર રસ્તે એમને રોકતાં કડકાઈથી કહ્યું, 'એ મનજી, બંધ કર આ તારું પેટીવાજું. ખબર નથી હમણાં કારણ વિના બહાર નીકળવાની મનાઈ છે! કોરોના ચાલે છે ને તમે આમ ક્યાં ચાલ્યાં? પાછાં ઘરભેગાં થઈ જાવ.' મનજીએ ખુલાસો કર્યો ને એમને જવા દેવામાં આવ્યાં. બંનેનાં મોઢાં માસ્કથી ઢંકાયેલાં હતાં.

'આ મનજી કેવો પાકો છે? જે પૈસાદાર છે, ઝાઝું આપી શકે એના ઘરે જ માંગે છે. બૈરીને હારે લીધી એટલે ઝાઝા લોકો એને ભીખ આપે. સંતોષી મનજી હવે લોભી ધનજી થાવા હાલી નીકળ્યો! ઘોર કળિયુગ. અરે ના, હમણાં એના ઘરે દીકરો જન્મ્યો એટલે એ આમ કરતો લાગે છે. પેટ કરાવે વેઠ. પણ માંગીભીખીને કાંઈ આખું ઘર થોડું ભરી લેવાય? વખાનો માર્યો... કોરોના વાઇરસે ભલભલાને...!' બધા જાતજાતનું બોલવા લાગ્યા, પણ મનજીની વાત સાંભળી બધા એને..

આખી રેંકડી ભરાઈ ગઈ એ જોઈને મનજી ખુશખુશાલ. ઘરે પાછા ફરતાં એ પેલા પોલીસવાળા પાસે ગયો, એની મદદ લઈ અધૂરું કામ પતાવ્યું. મનજીએ હાથ જોડતાં કહ્યું, 'જિંદગીમાં પહેલી વાર મેં હાથ લાંબો કર્યો, માંગ્યું, પણ મરીશ ને ઉપરવાળો પૂછશે તો હવે વટથી...! હમણાં આમ જ કરવું છે. તમારો આભાર બાપલા.'

'તેં હાથ મિલાવવાને બદલે હાથ જોડ્યા એ ગમ્યું. પણ હા, કાલની વાત કાલે. તારું કામ પતી ગયું ને? ઝાઝી વાતે ગાડાં ભરાય. હવે ઝટ ઘરભેગાં થાવ.' પોલીસવાળાએ આમ કહ્યું, પણ એમાં કરડાકી નહોતી. અંગૂઠો ઊંચો કરી એણે મનજીને કહ્યું, 'શાબાશ ! આમ થશે તો કોરોના વાઇરસ તો જાશે જ, ભેગાભેગી ગરીબીય ભાગી છૂટશે. એલા ક્યાં ભાગ્યો? આ 'ખાલી' રેંકડી તો લેતો જા! '

('સમણું' – જૂન-સપ્ટેમ્બર – 2020)

દુર્જન

આ તો પારકી દીકરી. એને ને તમારે સ્નાનસૂતકનોય સંબંધ નહિ, પાછી કોરોના વાઇરસનો ચેપ લાગવાની બીક. તો પછી એને તમારા ઘરમાં શું કામ...! શહેરમાં હોટેલો ઓછી છે? એને અહીં ન રાખો એમાં જ તમારી ભલાઈ છે. આ તો તમારું પેટમાં બળ્યું એટલે અમે...'

'જો ભાઈ, એને શહેરમાં કોઈ આશરો નહોતું આપતું. જે હોટેલમાં એ હતી તે સારી નહોતી ને બાકી બધી મોંઘી...! એને પોષાય એમ નહોતું. તો એ જાય ક્યાં? એ લૉકડાઉનમાં ફસાઈ હતી. શહેરથી અજાણી એ છોકરીને આમ એકલી તકલીફમાં મુકાતી હશે? મારી દીકરીની એ બહેનપણી મારે મન સગી દીકરી જ છે. વળી બહારગામથી આવ્યા પછી એ નિયમ મુજબ બે દિવસ તંત્રના ક્વોરાન્ટાઈન સેન્ટરમાં રહી, એ પછી બે દિવસ હોટેલમાં ને હવે બાકીના ૧૦ દિવસ મારે ત્યાં હોમ કવોરન્ટાઈન રહેશે. અમે આ બાબતની તંત્રને જાણ કરી મંજૂરી મેળવીને પછી જ...! મારા ઘરમાં બધી સુવિધાવાળો અલાયદો રૂમ છે જેમાં એ બધા નિયમો પાળીને રહે છે ને અમે પણ...! એટલે એ અહીં જ રહેશે. એનું સંપૂર્ણ મેડિકલ ચેક-અપ થઈ ગયું છે. એ સાવ સાજીસારી છે, એ કાંઈ કોરોના લઈને નથી આવી, માટે અમારી ચિંતા ન કરો.'

શેરીના 'સંપીને' આવેલા પડોશીઓએ પહેલાં તો ભલાઈનું ગાણું ગાયું, પણ મિતેશે શાંતિથી તેમના દરેક પ્રશ્નોના જવાબ બરાબર વાળ્યા એટલે ટોળાંએ રંગ બદલ્યો. 'અમારી ચિંતા નહિ કરવાની, એમ? અમને ચેપ લાગશે, તકલીફ પડશે એનું શું? સો વાતની એક વાત. સાંજ સુધીમાં એ છોકરીને અહીંથી રવાના કરી ધો, નહિતર...' જાતજાતની ધમકી મળવા છતાં મિતેશ મક્કમ ને પડોશીઓ વીફર્યાં. 'પેલા ભીમા ભારાડીના કાને વાત નાખીએ. હમણાં મિતિયો સીધોદોર. એને આપણામાંથી કોઈએ કશી જ મદદ નથી કરવાની. એનો સંપૂર્ણ બહિષ્કાર કરો. એના ઘરે શાક, દૂધ, ઇસ્ત્રી...બધું બંધ. ત્યાં કોઈને જવા જ નહિ દેવાના. થોડાક દી' એ બધા ભૂખ્યા રહેશે, હેરાન થશે એટલે આફેડા ઠેકાણે આવી જશે.'

....ભીમો ભારાડી વાત સાંભળતાં જ ડાંગ ઉપાડીને દોડ્યો મિતેશના ઘરે. 'એની જાતનો મિતિયો, સમજે છે શું એનાં મનમાં? તમે ચિંતા મૂકી ધો. હવે હું છું ને એ છે. એક કલાકમાં એ છોડીને બા'રે ન તગેડી મેલું તો મારું નામ...' ભીમા ભારાડીએ મિતેશને ત્યાં જઈ કરડાકી બતાવી. મિતેશ એને સમજાવવા મથી રહ્યો.

બીજા દિવસે શાકવાળો, દૂધવાળો કે અન્ય કોઈ પણ 'ત્યાં' ફરક્યું નહિ. 'જો એ બાજુ નજર પણ કરી છે તો તમારાં હાડકાં ભાંગી નાખીશ. ખબરદાર જો ત્યાં કાંઈ દેવા ગયા છે તો.' ભીમાએ દરેકને કડક શબ્દોમાં કહી દીધું હતું. એ ભીમો સવારે પેલા શેરીવાળાઓ પાસે આવીને બોલ્યો, 'બસ ને? હવે રાજી ને બધા? તમે બધા મને સમજો છું શું હે? ખબરદાર જો કોઈએ પેલા મિતિયાને...'

શાકવાળો, દૂધવાળો, ફેરિયો... બધા ભીમાની કડક સૂચના મુજબ એ શેરીમાં માત્ર 'એક જ ઘરે' જતા હતા!

સૂર્યોદય

ટ્રેનની ખુલ્લી બારી.. સૂરજ ડૂબી રહ્યો હતો એ જોવામાં રવિ ડૂબી ગયો હતો. ત્યાં જ, ટિકિટચેકર પ્રકાશનું આગમન. તે વારાફરતી બધા પ્રવાસીઓ પાસે ટિકિટ જોવા માંગી રહ્યો. એક સહયાત્રીએ રવિને હલબલાવી ધ્યાનભંગ કરવાનો પ્રયાસ કરતાં વસ્તુસ્થિતિ સ્પષ્ટ કરી. રવિએ એ તરફ જોયા વિના જ કહ્યું, 'એને કહો કે બે મિનિટ થોભી જાય. ટિકિટ તો પછી જોઈ શકાશે, પણ આ દૃશ્ય આ પછી ફરી મને જોવા નહિ મળે.' પ્રકાશ હસીને આગળ ચાલતો થયો. થોડી વાર પછી એ પાછો આવ્યો. ટિકિટ ચેક કરવાનું એનું કામ લગભગ પૂરું થઈ ગયું હતું એટલે એ રવિની બાજુમાં આવીને બેઠો. અગાઉના નકાર બદલ રવિએ 'સોરી' કહ્યું એટલે એ કહે, 'અરે ના ના, મને તો તમારી આ વાત ગમી. અસ્તાચળે જતા ભાણદેવ. કેવું મનોરમ દૃશ્ય! સૂરજ જતાંજતાંય સંધ્યામાં નવલા રંગો પૂરી એને રમણીય બનાવી ગયો ને વટથી કહેતો ગયો, 'મૂંઝાતા નહિ. નિરાશ ન થતા. હું સવારે ફરી પાછો આવી જઈશ, ઊગીશ.'

'અરે, તમારે તો કવિ બનવાની જરૂર હતી, ટી.ટી. નહિ...' ટિકિટ બતાવી રવિએ નવાઈભેર કહ્યું. ચાર્ટમાં નામ વાંચી પ્રકાશે પ્રકાશ પાડ્યો. 'મિ. રવિ, હું મનથી કવિ જ છું. મેં આર્ટ્સમાં ગ્રેજ્યુએશન કર્યું છે. આ તો આ નોકરી એવી, બાકી..! ને હા, બારી હજી ખુલ્લી જ રાખજો. હજી વિશાળ પટમાં પથરાયેલી નદી હમણાં તમને જોવા મળશે. વહેતાં રહેવું એ એનો સંદેશ. થોડું અંધારું હશે, પણ ગભરાતા નહિ, ઊલટું એમાં આ નદી વધુ ચમકતી દેખાશે. તારા અમાસમાં જ વધુ ચમકે છે ને?'

'હા, સાહેબ, મને ખબર છે. હું એ નદીની જ રાહ જોઉં છું, પણ લાગણી બદલ ધન્યવાદ કવિજીવ.' રવિએ હસીને કહ્યું. પ્રકાશે ટ્રેનના એ કંપાર્ટમેન્ટમાંથી વિદાય લીધી, પણ રવિના મનમાંથી નહિ.

પેલી નદી આવી. રવિ ઊઠ્યો ને ટ્રેનના દરવાજા બહાર થોડું ઝૂકીને નદીને નીરખી રહ્યો. ત્યાં બાજુમાંથી પસાર થયેલો એક અજાણ્યો પ્રવાસી જાણે એને જાણતો હોય એમ લાગણીસભર સ્વરે બોલ્યો, 'ઓ ભાઈ, આમ જોખમ ન લ્યો. ક્યાંક પડી જશો તો જીવથી જશો. થોડા દૂર ઊભા રહીને કે બારીમાંથી જુઓ ને?' રવિ હસ્યો. એણે નીચે નજર કરી વિચાર્યું. 'પુલ ઉપરથી ચાલી જતી ટ્રેન ને ખૂબ નીચે રહેલી નદી.. આ જોઈને કોઈને ચક્કર પણ આવી જાય કે કોઈ સંતુલન પણ ગુમાવી બેસે..' રવિને પ્રકાશની વાત યાદ આવી. એ પોતાની સીટ પર જઈને ખુલ્લી બારીમાંથી નદીને નીરખી રહ્યો.

એક સ્ટેશન આવતાં જ ટ્રેન થોભી. રવિ ઊઠ્યો, ત્યાં જ ઊતરી પડ્યો. ને થોડી વાર પછી પોતાના ગામ ભણી, ઘર તરફ જતી, વળતી ટ્રેનમાં બેસી માને ફોન કરી કહી રહ્યો, 'મા, થોડું કામ હતું એટલે મોડું થઈ ગયું, પણ તું ચિંતા ન કરતી. હું સવારે ફરી પાછો આવી જઈશ.'

રવિને જેમાં ઝંપલાવવું હતું એ નદી તો ક્યાંય દૂર રહી ગઈ હતી.

('કુમાર' દીપોત્સવી અંક, ઑક્ટોબર – 2020)

નજર

દસ ચક્કર પૂરાં થતાં જ ચકડોળવાળાઓએ ચકડોળ અટકાવી દીધું. ધીરે-ધીરે ડોલચીઓ ખાલી થવાં લાગી ને નવા બેસનારાઓથી ભરાવા લાગી. સોનલની ડોલચી નીચે આવતાં જ એણે કહ્યું, 'હું નીચે નહિ ઊતરું. મારે હજી..' એણે પપ્પાને બૂમ મારીને આ વાત કરી. યશ કહે, `તું તારે બેઠી રહે, હું બીજા વીસ રૂપિયા ભરી દઉં છું. એક કામ કર. હું આ ચકડોળવાળાને ૧૦૦ રૂપિયા આપી દઉં, કાં તું કહે એટલા. અમે બેય મેળામાં એક મોટું ચક્કર મારી આવીએ. ત્યાં સુધીમાં તારે આમાં જેટલાં ચક્કર ખાવાં હોય તે ખાધા કર. જા મોજ કર મોજ, બસ?' પતિની વાતને પત્ની જૂઈએ માથું હલાવી સમર્થન આપ્યું એટલે સોનલે ડોકું ધુણાવ્યું,

'ના પપ્પા, ના મમ્મી, એમ નહિ. એમાં ન મજા આવે. તમારે અહીંથી ક્યાંય નથી જવાનું.' ડોલચી ઉપરથી નીચે આવે એટલે માબાપ-દીકરી પરસ્પર જુએ, હાથ હલાવે ને આનંદિત થાય એ તારામૈત્રકની મજાય સોનલને લેવી હતી. જોકે આમ તો મા-બાપનેય એમાં મજા આવતી હતી. એટલે સોનલની વાત માન્ય રહી. ચકડોળ ફરી ચાલે ત્યાં તો સોનલની નજર એક જગ્યાએ સ્થિર! ચકડોળ ચાલ્યું, ઉપરથી આખો મેળો દેખાતો હતો ને અત્યાર સુધી સોનલ એ બધું જોતી હતી, પણ હવે તો એને માત્ર..! મનથી તો એ ક્યારનીય ચકડોળમાંથી નીચે ઊતરી ગઈ હતી. હવે એનું મન એ વિચારે ચકડોળે ચડ્યું હતું કે..

ચકડોળ ફરી અટક્યું ને ત્રીજી વાર પણ ચકડોળમાં બેઠા રહેવાનો નિર્ણય ફેરવી ડોલચીમાંથી ઝડપભેર નીચે ઊતરી ગયેલી સોનલ વારાફરતી મમ્મી-પપ્પાને વળગી પડી ને પછી કહે, 'પપ્પા, પચાસ રૂપિયા આપો તો?' યશ પહેલાં એની સામે જોઈ રહ્યો ને પછી...! સામે જ આઇસક્રીમનો ને બિસ્કિટનો સ્ટૉલ. બેય સોનલની ભાવતી ચીજ. સોનલના મોંમાં પાણી.. 'સમજી ગયો દીકરી... એટલા માટે મારી બેટી ત્રીજી વાર ચકડોળમાં ન બેઠી. કેમ બાકી પકડી પાડી ને? જા લેતી આવ તારી મનગમતી...'

સોનલ પાછી આવી ને જૂઈ કહે, 'એલી સોનુ, તું તો ભારે ઝડપી હો! અહીં સુધી આવતાં પહેલાં જ આખો આઇસક્રીમ ઝાપટી ગઈ ને બિસ્કિટનું આખું પેકેટ પણ...!' સોનલે આંગળી ચીંધી કંઈક બતાવ્યું. સોનલની આંખમાં ચમક ને મા-બાપની આંખમાં પાણી. એમણે સોનલનો વાંસો થાબડી એને શાબાશી આપી.

મોં પર આઇસક્રીમ ચોંટ્યો'તો ને બાજુમાં બિસ્કિટનું ખુલ્લું પેકેટ! થોડી વાર પહેલાં ભૂખથી ટળવળતા બાળકનું અત્યારે આવું મોં જોઈ સોનલ ખડખડાટ હસી પડી ને મેળામાં જમીન પર પાથરણું લગાવીને સાદાં રમકડાં વેચતી એ બાળકની મા પણ..!

(નવચેતન, ડિસેમ્બર – 2020)

સર્વશ્રેષ્ઠ

'પપ્પા મને ઢીંગલી લઈ ધો ને?'

'હેતલ બેટા, તું ઢીંગલી જ છો ને અમારી?' ભાવેશે લાડમાં હેતલના ગાલે હળવી ટપલી મારતાં કહ્યું.

'પપ્પા, એમ વાત ન ઉડાવો. ચાલો, હું તમારી ઢીંગલી સાચી, પણ આ ઢીંગલીનેય એક ઢીંગલી જોઈએ છે. લઈ ધો. એકથી ભલી બે. મને લઈ ધો બાર્બી ડોલ. ડોલે એ ડોલ.'

'તારે ડોલ લેવી છે ને? તો જો પેલો માણસ પ્લાસ્ટિકની ડોલ વેચે. એમાં પાણી ભર એટલે એ ડોલશે.'

'અરે ડોલ એટલે ઢીંગલી. બકેટ નહિ.' બેય હસી પડ્યાં. 'પપ્પા, ડોલ એટલે કે ઢીંગલી લઈ ધો. કાં ચાવીવાળી કાં આ ઢીંગલી જે બૅટરીસેલથી હાલે ને ડોલે. એમાં લાઇટ થાય. એ નાચે ને બોલેય ખરી.'

'પણ એમાં મારી બોલતી બંધ થઈ જાય એનું શું? એ સાતસો રૂપિયાની છે. મોંઘી છે.'

'એનું નામ મોંઘી છે એવું કોણે કીધું તમને?'

'મોંઘી એટલે વધારે કિંમતની. મોંઘી નામની કોઈ છોકરી નહિ. ઊભી રે, છાનું હસીને મને બનાવે છે?'

'પપ્પા, જેવું તમે ડોલનું કર્યું એવું મેં મોંઘીનું કર્યું. હા હા હા!' ખડખડાટ હસતી સમજુ હેતલે મોટા સ્ટૉલ્સ છોડી પપ્પાનો હાથ પકડ્યો ને એ તેને નીચે બેસી રમકડાં વેચનારા તરફ દોરી ગઈ. પાથરણાંમાં રહેલી ઢીંગલીઓમાંથી એક ઢીંગલી.. ભાવેશે ત્યાં ભાવતાલ ન કર્યો. વેચનારો સાધારણ માણસ હતો ને?

સાંજે શેરીમાં બધી બહેનપણી ભેગી થઈ. 'હેતલ, અમારી ઢીંગલી તો બોલે, ડોલે. તારી તો સાવ મૂંગી. ન બોલે, ન ચાલે. જો આમાં લાઇટ થાય. આ સાતસો રૂપિયાની, આ પાંચસોની...' વિધિ કહે, 'હેતુ, મારી મમ્મી મને કહે કે 'હેતલ હારે ન રમતી. એ મૂરખ છે ને એની ઢીંગલી સાવ..! એના પપ્પા તો કંજૂસકાકડી.' મેં કીધું કે ભલે જા, હું તો એની હારે રમીશ જ. લે, આ મારી સેલવાળી ઢીંગલી સાથે રમ.'

'અરે મારા પપ્પા તો બહુ હોશિયાર. તમારે બધાને તો ચાવી દેવી પડે, કાં સ્વિચ ઉઘાડબંધ કરવી પડે ને? પછી જ એ નાચે, મારે એવું કાંઈ ન કરવું પડે. બૅટરી કે ચાવી ખલાસ એટલે તમારી ઢીંગલી નાચતી બંધ થઈ જાય. ને એ તમે ક્યો એમ ન નાચે. આને તો હું નચાવું એમ જ નાચે ને હું બોલું એ ધ્યાનથી સાંભળે, વચ્ચે ન બોલે. મારા પપ્પાએ તો આટલા બધા રૂપિયા બચાવ્યા! તો બોલો જોઉં હવે, કોણ વધુ ડાહ્યું? ને કોની ઢીંગલી વધુ સારી?' હેતલ એંસી રૂપિયાની ઢીંગલી સૌને બતાવી વટભેર આમ બોલી.

સાન્નિધ્ય

સૂરજનો કૉલ આવ્યો. મિતાએ મોબાઇલનું સ્પીકર ઓન કર્યું ને એમાં સૂરજનો પ્રશ્ન સાંભળતાં જ પત્ની મિતા અને બેય બાળકો રાઘવ - ધનશ્રી ઝૂમી ઊઠ્યાં. જાણે બત્રીસ કોઠે દીવા પ્રગટ્યા. સૂરજે ફરીફરીને પૂછ્યું પણ...! મિતા કહે, 'તમે કીધું એમાં બધું આવી ગયું.' સૂરજે બહુ આગ્રહ કર્યો ત્યારે સંતાનોએ પરસ્પર મસલત કરી જવાબરૂપે સામો પ્રશ્ન પૂછ્યો, 'પપ્પા, 'આઈ લવ યુ'ને હિન્દીમાં શું કહેવાય એ બોલો.' સૂરજ કહે, 'મારા પ્રશ્નનો આ તે કેવો જવાબ? મેં આપકો ચાહતા હું.' ધનશ્રી કહે, 'બસ આ જ અમારો જવાબ.' ભાઈબહેન બેય સાથે બોલ્યાં. 'વી લવ યુ. હમ આપકો ચાહતે હૈ.'

'દિવાળીની અસલી મજા તો એ ઘરે રહીને ઊજવવામાં છે. ત્યારે તો પરિવારજનો, શેરીના, ગામના લોકો સાથે એયને હળીમળીને આનંદ માણવાનો હોય. દિવાળી ટાણે આપણે ઘરથી દૂર ટ્રેનમાં કે હોટેલમાં હોઈએ ને રસ્તા પર ફટાકડા ફૂટતા જોતાં રહીએ એ તો આપણું સુરસુરિયું થઈ ગયું જ કહેવાય. રંગોળી દૂરથી માત્ર જોવા મળે, એમાં રંગ ન જામે...' દિવાળી પર બહાર જવાની વાત કોઈ હજી તો પૂરી કરે એ પહેલાં તો જે સૂરજ આવું બધું બોલી ઊઠતો એ સૂરજ પોતે જ..!

મિતા સહિત સૌએ આકાશ ભણી જોયું. ચંદ્ર માથા પર હતો. રાઘવ કહે, 'આ ચાંદાની સાવ બાજુમાં રહેલો પેલો મસ્ત તારો જુઓ! બીજા બધા દૂર રહેલા તારલા આ તારા કરતાં કદાચ વધુ ચમકે છે, પણ તોય આ ચાંદામામાની સાથે રહેલો નજીકનો તારો સૌથી વધુ ખુશ છે એવું નથી લાગતું?'

સૂરજનો પ્રશ્ન પ્રશ્ન ઓછો ને ખુશખબર વધારે લાગતો હતો. ધંધા માટે વિદેશ ગયેલો એકલોઅટૂલો સૂરજ ચાર-ચાર દિવાળીથી ઘરે નહોતો આવી શક્યો.

'બસ તમે આવી જાવ' એવું કહેનારી મિતાએ ઘરમાં દીવો પ્રગટાવ્યો. દીપાવલી તો સૌનાં હૈયામાં ક્યારની પ્રવેશી ગઈ હતી.

સૂરજે ફોનમાં એટલું જ પૂછ્યું હતું કે 'આ દિવાળી ઉપર તમારા માટે શું-શું લેતો આવું?'

સહારો

બાર વરસની સરલા અનાથ થઈ ગઈ. બાપ મજૂરી કરતો ને મા મોટી ઉંમરના દામજીભાઈને ત્યાં કપડાં-વાસણ વગેરે ઘરનાં કામ કરતી. દામજીભાઈને મોટા ભાગે લોકો દામજીદાદા જ કહેતા. એ પણ એકલરામ. આગળપાછળ કોઈ નહિ, પણ નામ ને મકાન મોટું એટલે ઘણા લોકોની અવરજવર. એમના ઘરનું કામ હવે સરલાએ ઉપાડી લીધું. નાનકડી હતી ત્યારે માનો પાલવ પકડીને આવતી સરલાને 'દામજીદાદા' બોલવું ન ફાવતું એટલે એ 'દા...દાદા' બોલીને હસી પડતી ને દામજીભાઈ પણ...! એ કહેતા, 'આ છોકરી ''દા...દાદા'' કહીને મારો 'દા' લે છે હો!' બેય અલકમલકની વાતો કરતાં. સરલાની પૂછપૂછ ચાલુ જ હોય ને દાદાજી ટાળે કે કંટાળે નહિ. એમને પણ મજા પડતી.

સરલાનું ઘર ટેકરીની પેલે પાર. ઘર એટલે ગરીબી આરપાર બતાવતી તૂટીફૂટી ઝૂંપડી. તોય સરલાના ચહેરા પર મોટા ભાગે ખુશી જ જોવા મળતી. એને મૃત મા-બાપની યાદ બહુ આવે, પણ દાદાને ઘેર જવા ટેકરી ઊતરે કે તરત જ અનાથ હોવાનો શોક ઊતરી જતો. દાદા એને નવું-નવું લઈ પણ દે. સરલાને સંકોચ થતો, પણ દાદાના પ્રેમ સામે સંકોચ સંકોચાઈ હારી જતો.

ઠંડી કહે મારું કામ. સરલા ધ્રૂજતી હતી. પ્રખર શિયાળો. દાદાની આંખમાં નરમ ઉનાળો. `તને દાદીનું સ્વેટર આપ્યું'તું એ ક્યાં?' સરલાએ ઠંડીમાં ધ્રૂજતા ગરીબ રઘુને એ સ્વેટર! દાદાની આંખમાં ચોમાસું. એમણે પોતાનું સ્વેટર આપી પહેરી લેવાની તાકીદ કરતાં કહ્યું, 'સરુ, કાલ કોઈ મીઠાઈ દઈ ગયું છે. મારે આ ઉંમરે...! થોડી અહીં ખાઈ લે, બાકીની ઘેર લઈ જા. અરે, હા. ઠીક યાદ આવ્યું. રોજ ભુલાઈ જાતું'તું. ઘરે શું કામ? હવે તું કાયમ માટે અહીં જ રહેવા આવી જા.'

'ના દાદુ, અહીં સૂરજદાદાનો પ્રકાશ નથી આવતો. ને ટેકરી ચડવા-ઊતરવાનીય કેવી મજા ભાઈ કેવી મજા! મારે તો બેય 'દાદા' જોઈએ.'

દાદાએ બૂમ પાડી, 'અરે, જો તો ખરી? આ ગાય અંદર ઘૂસી આવી. એને મારતી નહિ હો. ખાલી લાકડી ઉગામજે. ક્યાં ગઈ મારી લાડકી?' પછી હસીને કહે, 'ક્યાં ગઈ મારી લાકડી?'

'દાદા ભૂલી ગ્યા એ તો હું ઝૂંપડીમાં લઈ ગઈ! ને હું છું ને? પછી લાકડીની જરૂર ક્યાં છે? એક રોટલી આપું ને આ જરાક પાણી છાંટ્યું એટલે ગાય બહાર.'

બેયની વાત સાંભળી રહેલા પડોશીએ કહ્યું, 'વાહ દામજીદાદા, તમે આને બહુ સાચવો છો, ઘરની વ્યક્તિની જેમ જ રાખો છો. તમે એને નિશાળે ભણવા પણ બેસાડી. તમે એને જબરો ટેકો કર્યો. એને બસ એક તમારો આશરો છે, બાકી આ ગરીબ, અનાથ છોડી જાત ક્યાં?'

પગ છૂટો કરવાના ઇરાદે દાદાજી જાતે રોટલી લઈ ગાયને દેવા ગયા ત્યાં જ ઉંબરે એમનો પગ લથડ્યો. એ સંતુલન ગુમાવી પડી જાય એ પહેલાં તો શ્વાસભેર દોડી આવીને 'બેસો છાનામાના' એમ અધિકારપૂર્વક કહી સરલાએ એમને ઝાલી લીધા, ને ટેકો કરતી એમને ઘરમાં દોરી ગઈ.

(`વિ-વિદ્યાનગર' – ઑગસ્ટ – 2016)

સહાય

વિનાશક ભૂકંપે ચોતરફ તબાહી મચાવી દીધી હતી. ઇમારતો કાટમાળમાં ને જિંદગી મોતમાં ફેરવાઈ ગઈ હતી. રોકકળ અને અસહાયતાનું સામ્રાજ્ય. આંસુય થીજી ગયાં હતાં. રસ્તા ઉપર આવી ગયેલા લોકોને બીજો કોઈ રસ્તો જડતો નહોતો. કુદરતે ગરીબ-તવંગર બધાને આજે એક કરી દીધા હતા. આફતના ઓળા ને બેઘર, લાચાર દોડતાં ટોળેટોળાં!

થોડા દિવસો વીત્યા. ધીરે-ધીરે મદદનો ધોધ, દાનનો પ્રવાહ વહેતો થયો. રતનપુર ગામ સાવ નાનુંય નહોતું. ને ગામમાં એવાય ઘણા લોકો હતા જે ખમતીધર હતા ને જેમને જરાસરખું નુકસાન નહોતું થયું. સેવાભાવી લોકોની અને સંસ્થાઓની મિટિંગ બોલાવવામાં આવી. 'આપણે જ આપણા લોકોને બેઠા કરવાની ક્ષમતા ધરાવીએ છીએ. બહારની મદદ નથી લેવી. એ બીજાં ગામો માટે કામ લાગશે. કોઈની પાસે સીધો હાથ ન લંબાવવો...' આવું નક્કી થયું ને એક નવતર આઇડિયા સૂચવાયો. 'શેરીએ-શેરીએ સ્વયંસેવકો મોચીનો વેશ સજી બૂટપૉલિશ કરશે. બદલામાં સામેવાળો ઉદાર હાથે મન થાય એ રકમ મહેનતાણા તરીકે આપે. એ રકમ ભેગી કરી ગામમાં જરૂરતમંદને વહેંચવી. એટલે ઘેર-ઘેર માંગવા જવું ને કોઈ ફાળો આપી શકે એમ ન હોય એમને શરમમાં મૂકી દેવા... એ બધી સમસ્યાનો એકઝાટકે અંત. જે સાવ બેકાર હોય ને વધુ ખુવાર થયા હોય એને અગ્રતા આપી એને ઝડપથી સહાય પહોંચાડવી...'

ચીલાચાલુ વાત કરતાં આ કંઈક નવી જ વાત. લોકોમાં ઉત્સાહ! પગરખાં ઊજળાં કરી જાતને તેમ જ જરૂરતમંદને ઊજળા કરવાનો આ આઇડિયા પસંદ પડતાં ઘણાએ એકીઅવાજે તેને વધાવી લીધો. આખા ગામમાં આની જાહેરાત કરવામાં આવી. ને પછીના દિવસથી આ વાતનો અમલ. જ્યાં જુઓ ત્યાં બસ બૂટપૉલિશ કરતા લોકો... શહેરના ખૂણે-ખૂણે મોચી બનેલા લોકોની રાવટી, જેની બહાર 'ભૂકંપપીડિતો માટે' એવું મોટા અક્ષરે લખેલું બોર્ડ ને એમાં દાનની લાગણીભરી અપીલ... રૂપિયાનો વરસાદ થયો. લોકો બૂટપૉલિશ કરાવી છૂટા હાથે દાન દેવા માંડ્યા. આ કામને ત્રણ દિવસ પૂરા થવા આવ્યા.

મગન આજે ત્રીજા દિવસેય નિરાશ... સતત ત્રીજા દિવસેય એ તેમ જ એનો પરિવાર વિવિધ સમસ્યાઓથી ત્રસ્ત! આજે તો ફરજિયાત ઉપવાસ! હતાશા અને ગુસ્સામાં મગને ઘરમાં થેલાનો જોરથી ઘા કર્યો, જેમાં ઓજારો નિષ્ક્રિય થઈ બેઠાં હતાં. મગન ગામનો એકમાત્ર મોચી હતો!!

સહૃદયી

'ઓ સાહેબ, ઓ બહેન, છોકરાંવ માટે ફુગ્ગા લઈ જાવ. એક રૂપિયો ઓછો આલજો, પણ બોણી કરાવો સાહેબ.' ચોપાટી પરની ફૂટપાથ પર પાથરણું પાથરી ફુગ્ગા વેચવા બેઠેલાં શામજી અને તેની પત્ની હંસા આવતાં-જતાં લોકો સમક્ષ ખોળો પાથરી રહ્યાં. એમાંય બાળગોપાળ સાથે આવતાં માબાપ સામે તો એ બેય પૂરી તાકાત લગાવી એને આકર્ષવા મથી રહ્યાં. ફુગ્ગામાં તો પૂરતી હવા ભરેલી, પણ બે કલાકમાં એકેય નંગ ન વેચાતાં બેયની હવા નીકળી ગઈ.

'પપ્પા, મને ફુગ્ગો લઈ જ ધો. મમ્મી, મારે પેલો લાલ રંગનો ફુગ્ગો જોઈએ. લઈ ધો તો જ હા, નહિતર ના.' કેવલનું ધ્યાન ફુગ્ગા પર ચોંટી ગયું ને એ તો બસ આમ ચોંટી જ પડ્યો; પરંતુ 'બેટા, ફુગ્ગો તો તરત ફૂટી જાય. આગળ ચાલ, જીદ ન કર.' મા-બાપે મચક ન આપી. કેવલે પગ પછાડ્યા, રોવાનું ચાલુ કર્યું. પણ મા-બાપ એમ પલળી જાય એ વાતમાં શું માલ છે? કેવલ અધૂરા મને, નિરાશવદને આગળ ચાલવા માંડ્યો.

ચોપાટીથી ઘેર પાછા ફરતા ફરી એ જ જગ્યા...! કેવલ થોડી વાર એ તરફ ધ્યાનથી જોઈ રહ્યો, હતો ત્યાં જ ખોડાઈ રહ્યો. એણે મન મક્કમ કર્યું. 'આજે તો ફુગ્ગો લીધે જ છૂટકો.' એ રસ્તા પર સૂઈ ગયો, આમથી તેમ આળોટવા લાગ્યો. 'મને ફુગ્ગો લઈ જ દો બસ, હું બીજું કંઈ ન જાણું.' એણે રુદન, રીસ અને બૂમબરાડાનો ત્રિપાંખિયો જંગ માંડ્યો. ઘરેથી પોતાના માટે લાવેલું ખિસ્સામાં રાખેલું બિસ્કિટનું પેકેટ એણે એ ફુગ્ગા વેચનારા તરફ ગુસ્સામાં ને ગુસ્સામાં જોરથી ફેંક્યું. એક ફુગ્ગો ફૂટતાંફૂટતાં રહી ગયો. નજીક જઈ એણે એક ફુગ્ગો હાથમાં લઈ પણ લીધો.

અનેક લોકો આ તમાશો જોવા ઊભા રહી ગયા. કોઈએ સલાહ આપી, 'માંગીમાંગીને એક ફુગ્ગો જ માંગે છે ને? હજી છોકરું છે, લઈ ધો ને?' કેવલના આ ઓચિંતા ધમપછાડા અને ભીડમાં ઊભેલા લોકોની વેધક નજરથી મા-બાપ શરમાઈ–ડઘાઈ ગયાં. અંતે કેવલ ફાવ્યો. એણે પોતે તો મોંઘા ભાવનો ફુગ્ગો લીધો, સાથોસાથ ઘરે રહેલી પોતાની મોટી બહેન માટે પણ..!

હંસાના ખોળામાં સૂઈ રહેલું ધાવણું બાળક જાગી ગયું હતું ને ચીસાચીસ ને રુદનથી મા-બાપને અકળાવી રહ્યું હતું. બાજુમાં બેઠેલી સાત વર્ષની દીકરી માલતી પણ ભૂખના દુઃખથી અકળાઈને ખાવાનું માંગી રહી હતી, પણ એને એક જ જવાબ મળતો હતો.' જરીક ધીરી ખમ. બોણી થાય એટલે ખાવાનું લઈ દઈશ.'

કેવલ આ જોઈ શકતો હતો, કદાચ એ આ જોઈ નહોતો શકતો એટલે જ.

વળાંક

પર્વતની ટોચે રહેલા મંદિરે જલદી પહોંચવાની ઉતાવળ વિના યાત્રિક ધીરે-ધીરે પગથિયાં ચડી રહ્યો. ઊંચાઈ પરથી ધરતીની લીલાશ, ઝાકળભીનો મૃદુ તડકો, રોજિંદાં સાંસારિક વળગણો, ક્લેશ, પ્રપંચમાંથી મુક્તિ! યાત્રિક મનભરીને નિસર્ગનું અનુપમ સૌંદર્ય માણી રહ્યો, સ્વયંને જાણી રહ્યો. અનુભૂતિ પ્રગાઢ બનતી ચાલી ત્યાં જ પ્રથમ વળાંક આવ્યો અને...

'આ ભગવાનની ધૂણી છે. આ ઠેકાણે ભગવાન પરગટ થયા'તા. પગે લાગો ને પાવલું-આઠાની મૂકતા જાવ બાપલા. ભગવાન તમને હો વરહનાં કરે. તમારી હંધીય મનોકામના..' વળાંકના ખૂણે, ભગવાનની છબી લઈને બેઠેલી કાળા સાડલાધારી એક બાઈ યાત્રિક આગળ લીલું કપડું લહેરાવતાં આમ બોલી ઊઠી ને શબ્દો કાનમાં 'વાગ્યા.' રુચિભંગ વસમો થઈ પડ્યો. જોશભેર લીલું કપડું દૂર ફગાવી યાત્રિકે બધા સાંભળે એમ કહ્યું, 'ધતિંગ છે ધતિંગ. આને પાવલી તો શું.. પાંચિયુંય ન પરખાવતા. માળા કોણ જાણે ક્યાંથી આવીને બેસી જાય છે? ભિખારાં, ઠગ. ચોરટા, ભગવાનના નામે ચરી ખાય છે, બધાને મૂરખ બનાવે છે. મારો મૂડ બગાડી નાખ્યો. આવાને તો જેલભેગા..અરે ગોળીએ જ દઈ દેવા જોઈએ..' અવરોધથી અકળાયેલો યાત્રિક તડાતડ આમ ઊભરો ઠાલવી રહ્યો ને ફરી નિસર્ગમય થવા આગળ આરોહણ કરી રહ્યો.

સાંજ ઢળી. ઘન અંધકાર ઘેરી વળે એ પહેલાં જ યાત્રિક સડસડાટ પગથિયાં ઊતરી રહ્યો; પરંતુ ખોટો રસ્તો પકડ્યાનો તેને ભ્રમ થયો. ચડતી વખતે પ્રકૃતિમસ્ત હોઈ એણે મારગની કોઈ નિશાની યાદ નહોતી રાખી. એક જાણકારની વાત યાદ આવી. 'વચ્ચે ત્રણ ફાંટા પડે છે; ભુલભુલામણી જેવા. જેમાં એક રસ્તો તો ભારે ભયંકર. ભૂલથી એ બાજુ ગયા એટલે સમજો ખેલ ખલાસ. માનવભક્ષી જનાવરો ટાંપીને બેઠાં જ હોય.' યાત્રિકના ચહેરા પર ડરની દીવાલ ચણાઈ ગઈ. એકાદ સહપ્રવાસીનાં દર્શન પણ દુર્લભ. રાત્રિ કાળરાત્રિ સમી લાગી. સમગ્ર દેહમાં કંપન. ત્યાં જ વળાંક આવતાં એક અવાજ કર્ણપટે ગુંજ્યો. `આ ભગવાનની ધૂણી છે. પગે લાગો ને પાવલું આઠાની..'

યાત્રિકે ખિસ્સામાં હતા તે સઘળા સિક્કા પાથરણામાં મૂક્યા, છબીને નમન કર્યું, લીલા કપડાને સાદર સ્પર્શ કર્યો, પછી પેલી કાળા સાડલાધારી બાઈ તરફ હાસ્ય ફરકાવી સ્વસ્થપણે તે આગળ ચાલવા માંડ્યો.

(`સૌજન્ય માધુરી' – જાન્યુઆરી – 2020)

સંવાદ

'જયશ્રીકૃષ્ણ.'

'જયશ્રીરામ.'

ને સીમા ધૂંધવાતી. પતિ સુધીર સમક્ષ બળાપો ઠાલવતી. આજેય એણે કહ્યું, 'સુધીર, હું જેટલી વાર કહું એટલી વાર સામે બસ આ જ જવાબ મળે છે. એક વાર પણ સામે 'જય-શ્રીકૃષ્ણ' બોલતાં સરલાને શું થાય છે? ભગવાન તો એક જ છે, એનાં રૂપ અનેક..'

'જો સીમા, સરલાના ઘરના બધા રૂઢિચુસ્ત. એ જુદો સંપ્રદાય પાળે છે એટલે નહિ બોલતા હોય. ધર્મની સાચી સમજ ન હોય ને જડતા હોય ત્યારે આવું થાય. ચાલો માન્યું કે સરલા નથી સમજતી, પણ તું તો સમજે છે ને કે ભગવાન એક જ છે! તો પછી તને 'શ્રીરામ' કહીને એને બોલાવવામાં શો વાંધો છે? '

'સુધીર, મને જરાય વાંધો નથી. પણ વાત એ નથી. એ કેમ સામું હું કહું એ ન બોલે? એ વટવાળી છે તો હું પણ કાંઈ..'

'પણ એક વાર મારે ખાતર તું પ્રયત્ન તો કરી જો! હા, એક વાર નહિ, થોડા દિવસો..' સુધીરની આ વાતથી પીગળી જઈ થોડા દી' પછી સીમા કહે, 'જય શ્રીરામ.'

'જય શ્રીરામ.'

આવો પ્રતિભાવ સતત ચાર દિવસ મળતા સીમા ફરી ધૂંધવાઈ. 'લે સુધીર, સાંભળી લીધું ને? હજી આ સરલા પહેલાંની જેમ જ..! ગમે તેટલું કરો, કૂતરાની પૂંછડી વાંકી ને વાંકી જ રહેવાની.'

થોડા દિવસ પછી..સરલા રામજીની પૂજા કરતી હતી. આ બાજુ, દિવ્યલોકમાં રાધા કૃષ્ણને કહે, 'અરે આ તમારા મોં પર લાડુનો ભૂકો કાં ચોંટ્યો?' ભગવાન પ્રસન્નવદને કહી રહ્યા, 'આજ એક ભક્તજને મને...'

સરલાએ રામજીની પૂજામાં લાડુનો પ્રસાદ ધર્યો હતો.

શીલાને આજે પહેલી વાર પ્રસાદ અને અપેક્ષિત પ્રતિસાદ મળ્યો હતો!

દર્દ

હિસાબો મેળવવાના હોઈ સુધીરને ઑફિસમાં હજી મોડું થાત, પણ એની નાદુરસ્ત તબિયતના હિસાબે સાહેબે એને ઘેર જવાની છૂટ આપી, ને સમયસર દવા લઈ પૂરતો આરામ કરવાની લાગણીભરી સલાહ પણ.. એથી એને થોડું સારું લાગ્યું. સવારથી જ કનડી રહેલો ઝીણો તાવ હવે 'જાડો' થઈ રહ્યો હતો. સુધીરે કંપતા સ્વરે ફોન કરી પોતે તાવ સાથે આવી રહ્યાની જાણ ઘરે કરી દીધી.

રાતના સાડા આઠે ઘેર પહોંચતાંવેંત સુધીર ડગુમગુ ચાલે ઉપરના ઓરડે ગયો ને પથારીમાં ફસડાઈ પડ્યો. પત્ની ઉપર આવી. તેણે 'શું થયું?' એટલું પૂછી એક ચાદર ઓઢાડી, પાણીનો શીશો બાજુમાં મૂકયો ને પછી તે ઉતાવળી ચાલે નીચે ભાગી.

તાવ ખૂબ ભરાયેલો, ને સુધીર બહુ ગભરાયેલો. ટાઢ પણ બહુ લાગતી હતી, પણ કહેવું કોને? એ હતો ઓરડામાં સાવ એકલો. છૈયાં-છોકરાં, માબાપ.. કોઈએ એની લથડતી જતી તબિયતનો, તાવનો ભાવ ન પૂછ્યો! આટલી નબળાઈમાં, ટાઢનો માર સહન કરતાં-કરતાં પણ સુધીરે નાછૂટકે ધ્રૂજતાં હાથે જેમતેમ કરી બે ધાબળા પેટીપલંગમાંથી ખેંચી કાઢ્યા ને શરીર પર લપેટ્યા. પણ આટલું કરતાં તો એને બહુ હાંફ ચડી. ખૂબ થાક વર્તાયો. એ બંધ આંખે વિચારી રહ્યો. 'પહેલાં તો આવું કંઈક થતું ત્યારે બીમાર માણસની બધા ખૂબ સંભાળ લેતા, સેવાચાકરી કરતા, દર્દી ફરતે ચિંતાતુર નજરે બેસી લાગણીભેર પૂછપરછ કરી સાંત્વના બક્ષતા. અડધી બીમારી તો આનાથી જ ગાયબ થઈ જતી. ને આજકાલ, આજે..? બધાની નજર સામે પોતે ઢીલોઢસ થઈ દાદરો ચડ્યો, અગાઉથી બીમારીની જાણ કરી તોય કોઈ ન આવ્યું! કોઈએ ન પૂછ્યા ખબરઅંતર. આટલું બધું અંતર?'

બધા 'અભિષેકને તાવ આવ્યો' એમાં રોકાયેલા હતા. કોઈને સુધીરની નહોતી પડી. 'હવે અભિષેકનું શું થશે?' એની ચિંતામાં બધા નીચેના ઓરડામાં એકધ્યાને...

છેક દસ વાગ્યે પત્ની ઉપર આવી, ને 'કેમ છે?' એમ પૂછી રહી. વચ્ચે ધાબળો ઓઢાડવા કે અન્ય કામ માટે સુધીરે શક્ય તેટલા જોરથી બૂમ પાડી હતી, પણ ત્યારે કોઈ મદદે નહોતું આવ્યું. 'અભિષેક આખરે બચી ગયો.' પત્ની બોલી, ને પતિ સામે જોઈ આગળ કહી રહી, 'હતો તો ખૂબ ઝેરી તાવ, પણ ઊતરી ગયો. નસીબનો બળિયો કહેવાય બાકી! હવે આગળ શું થશે એની ખબર તો કાલે રાતે નવ વાગ્યે જ પડશે.'

... ને આટલી નબળાઈમાં પણ સુધીરને ટી.વી. સેટના ભુક્કેભુક્કા કરી નાખવાનું મન થઈ ગયું.

('મૉનિટર' – 15.06.2013)

લગાવ

વહેલી સવારે નાનકડા સપને ફળિયામાં એક નવતર છોડ જોતાંવેંત બૂમ પાડી સૌને જગાડ્યાં. નાનકડી ચક્ષુ ભાઈને સાથ આપવા પહોંચી ગઈ. સપને કહ્યું, 'જો તો મમ્મી, કેવો સરસ છોડ છે? એને ઊગવાનું મન થયું હશે એટલે ઊગ્યો હશે ને? પપ્પા, ધ્યાન રાખો ને? ક્યાંક હમણાં કચરી નાખત 'મારા' છોડ ને! મને ઝારી લઈ દેજો. એનાથી હું આ છોડભાઈને પાણી પાઈશ.'

'ને હું એની હારે ઘર-ઘર રમીશ, એને વાર્તા કરીશ, જોજો ને?' ચક્ષુએ પણ...! છોડમય બની ગયેલાં ભાઈબહેને આખું ઘર ગજવી મૂક્યું. છોડ એ તેની વાતોનો અખૂટ વિષય! છોડમાં એ બંને નિજના અસ્તિત્વને અનુભવી રહ્યાં, ને તે જ દિવસથી એની દેખભાળમાં મચી પડ્યાં. થોડા દિવસમાં છોડ ફૂલોથી ખીલી ઊઠ્યો; ને આ બંને પણ.. ઠેરઠેરથી લોકો આ છોડ જોવા આવતાં, વિસ્મય અને પ્રસન્નતા પ્રગટ કરતાં. આખા શહેરમાં આ છોડ ચર્ચાનું કેન્દ્ર!

એક દિવસ પડોશી પશાકાકાનું આગમન. ધારીધારીને જોયા પછી, 'એલા વસંત, આ છોડ તો ભારે કીમતી ને અચરજભર્યો! આ પ્રકારનો છોડ તો જાતવાન ને દેશમાં અમુક જગ્યાએ જ જોવા મળે. અલભ્ય! આને પ્રદર્શનમાં કે વેચવા મૂકી દે. આના પાંચેક હજાર રૂપિયા તો પાકા જ સમજ. આ પશાકાકાની વાત કદી ખોટી નથી પડી, શું સમજ્યો? ભાઈ-બહેનની પેલી વસ્તુઓ લઈ દેવાની જીદ પણ પૂરી થઈ જશે. બાકી તારા આ ટૂંકા પગારમાં પહોંચાય કેમ?' એ ગયા એટલે મેં પત્ની વીણાને કરકસર કરવાની સૂચના આપી. પગાર થવાને હજુ આઠ દિવસની વાર.

.... મેં પૂછ્યું, 'ચાલો, ફરવા આવવું છે ને?' દર રવિવારે સવારે અચૂક તૈયાર થઈ જતાં ભાઈ-બહેને આ વખતે ધડ દઈને ના પાડી દીધી. એ બેય છોડ આગળ જ રમતાં હતાં. મેં ફરી આગ્રહ કર્યો ત્યારે કડવાશપૂર્વક, રડમશ અવાજે સપન કહી રહ્યો, 'મ..મને ખબર છે અમે ફરવા આવીએ એટલે પાછળથી પેલો પશોકાકો આવશે ને પછી...! ના પપ્પા, મારે ઝારીય નથી લેવી ને સાઇકલ પણ નથી જોઈતી.'

'ને મારેય ન...ન... નવું દફતર નથી જોતું.' ચક્ષુનો સ્વર પણ આટલું કહેતાં ભરાઈ આવ્યો. છોડ ફરતે બંનેનો કડક ચોકીપહેરો લાગી ગયો હતો. બેય એ છોડવાને છોડવા તૈયાર નહોતાં. મેં ચક્ષુને તેડી લીધી ને સપનના ગાલ પરનાં આંસુ લૂછવા હું મથી રહ્યો. અચાનક બેય મને ચૂમીઓથી નવડાવી રહ્યાં. મેં એ બેયને 'છોડ અહીં જ રહેશે' એવી હૈયાધારણ આપી હતી.

ફૂલો ખીલી ઊઠ્યાં હતાં.

(`સૌજન્ય માધુરી')

તક

કંપનીના માલિક માથુરસાહેબના શબ્દો સંજયને કાનમાં જ નહિ, કાળજે પણ વાગ્યા. એને લાગ્યું એ આઘાતથી હમણાં ઢળી પડશે. ‘સાહેબ, આ તમે કેવી વાત કરો છો? હજી ગઈકાલે સાંજે જ આપે કહ્યું હતું કે વિનાવિલંબે તાત્કાલિક આવી જાવ ને આવો એ જ ઘડીએ કામે ચડી જજો. અમારે અરજન્ટ ભરતી કરવાની છે. આવો એટલે તમારી નોકરી પાકી. અને હવે તમે કહો છો કે સોરી, જગ્યા નથી?!’

‘આપની બધી વાત સાચી. આઈ એગ્રી મિ. સંજય; પરંતુ એક રાતમાં તો શું, થોડી મિનિટોમાં પણ પરિસ્થિતિ બદલાઈ જતી હોય છે. જે માણસ નોકરી છોડીને જવાનો હતો એ હવે નથી જવાનો, એટલે જેન્ટલમૅન, આઈ એમ વેરી વેરી સોરી. આપ જઈ શકો છો.’ સંજય હાથેપગે લાગ્યો, પણ સાહેબે હાથ ઊંચા કરી દીધા ને સંજયે હતાશા તેમ જ ગુસ્સામાં પગ પછાડ્યા. આંખમાં ભીનાશ ફરી રહી. ‘હવે મારું શું થશે? આજે જ નવી વધુ પગારની નોકરી પર અહીં હાજર થવાનું હતું એટલે મેં જૂની નોકરીમાંથી રાજીનામું...! હું જાણે ધોબીનો કૂતરો; ન ઘરનો, ન ઘાટનો.’

સાહેબની જીભ કડવી થઈ. એણે પટાવાળા ભીખુનું મોઢું તોડી લીધું. ‘તારા કાનપુરમાં હડતાલ છે? તને કેટલીય વાર કીધું કે રામજી ચાવાળાને મૂક પડતો તોય તું...! એનુંય કેટલી વાર નાક કાપ્યું તોય દરવખતે સાવ ફિક્કી ને ભંગાર ચા! એની લારી આપણી ઑફિસથી સાવ નજીક, એટલે તુંય આળસ કરી જાય છે, પણ હવે દૂરથી ચા લઈ આવજે. ભલે મોડું થાય ને મોંઘી પડે. એક તો આ આ સંજય આગળ મારે થૂંકેલું ચાટવું પડ્યું ને ઉપરથી પાછી આવી ભંગાર ચા...’ અચાનક એની નજર સંજય પર ગઈ. આઘાતથી દિગ્મૂઢ એ હજી ઑફિસની કેબિનના દરવાજે જ ઊભો હતો. સાહેબે નરમાશ દાખવી. ‘સોરી મિ. સંજય, હું આમાં કંઈ નહિ કરી શકું. આપ જઈ શકો છો. સોરી અગેઈન.’ સંજય ભવિષ્યની કલ્પના કરતાં ધ્રૂજી ઊઠ્યો. એણે પોતાની કલ્પના આગળ વધારી ને ઘર તરફ રવાના થયો એટલે માથુરસાહેબે ફોન જોડ્યો.

‘સર, જલદીથી તમારા માણસને અહીં મોકલો. અરજન્ટ. એને કહેજો આજે જ નોકરી જોઇન કરી લે. આવું હોય ત્યારે જરાક વહેલું કહેતાં હોય તો? હું તો મુશ્કેલીમાં મુકાઈ ગયેલો. ખેર, ચાલ્યા કરે એ તો. ડોન્ટ વરી સર. ને હા, ‘પેલું’ ભૂલતા નહિ હો!’ માથુરસાહેબે ઘરે જઈ રૂપિયા પચાસ હજારનું બંડલ સંભાળીને કબાટના લૉકરમાં રાખી દીધું ને વિચાર્યું, ‘આવી તક થોડી જવા દેવાય?’ કોઈ પણ સારું કામ નાનું કે નીચું નથી એમ માનતો સંજય પણ તક જવા દેવા નહોતો માંગતો.

ઑફિસના વિશાળ હૉલમાં મોટી કૉન્ફરન્સ ચાલી રહી હતી. સાહેબે જલદી સો કપ ચા મોકલવાનો ઑર્ડર આપ્યો. હવે ચા ફક્કડ આવતી હતી. ચા પીવા લોકોની લાઇન લાગતી હતી.

પગાર કરતાં ચામાં કમાણી વધુ ને ગુલામી જરાય નહિ. સંજય ચાવાળો ત્યાં બરાબરનો જામી ગયો હતો.

થાક

રમેશ સાંજે હજી તો ઘરમાં પગ મૂકે ન મૂકે ત્યાં તો એની રાહ જોતી હેતલ તરત જ... 'ચાલો, નીચે ઝૂકો, નાનકડા થઈ જાવ' કહીને એને ખભે ચડી જાય ને પછી ઊભા થવાનો આદેશ આપે. રમેશે આખા ઘરમાં તેને પીઠ પાછળ તેડીને ફરવાનું. મન થાય તો હેતલ એને શેરીમાંય લઈ જાય. પહેલાં મજૂરી ને પછી હેતલની જીહજૂરી કરવાની. 'કોઈને ગોળ લેવો છે ગોળ?' એમ બોલતા-બોલતા જવાનું, જલદી નીચે ઉતારી નહિ દેવાની..' એવી બધી સૂચનાઓનું પાલન કરાવતી હેતલ રમેશના વાંસા ઉપર ઝૂલતી જાય ને ખૂલતી જાય. એ પતે પછી પાછું 'ઘોડો-ઘોડો' પણ રમવાનું. 'ચલ મેરે ઘોડે ટૂક ટૂક ટૂક' કરતી હેતલ રમેશની પીઠ ઉપર સાંજે સવાર થઈ જાય. જાણીજોઈને 'રમેશ ઘોડો' ઊંચો ને આડોઅવળો થાય. આ સ્થિતિમાં હેતલ ગબડવાની અણી ઉપર હોય ત્યાં જ રમેશ એને ટેકો આપી પડવા ન દે ને હસાહસ, ધમાચકડી, હળવી મુક્કીઓની રમઝટ...!

એક દિવસ રમેશ સાંજે ઘેર આવ્યો, પણ રોજની જેમ હેતલ દોડીને ન આવી. એ એક ખૂણામાં મોઢું ચડાવીને બેઠી હતી. 'શું થ્યું મારી દીકરીને? કેમ આજે રાણીસાહેબા રિસાઈ ગયાં છે?'

પત્ની મીનાએ ફોડ પાડ્યો. 'મેં જ એને ના પાડી છે. પપ્પા આવ્યા નથી ને દીકરી પીઠ પર ચડી નથી લે બોલ! પૂરો શ્વાસેય ન લેવા દે. ને તમેય પાછા એવા કે એને ના ન પાડો! પપ્પા થાક્યાપાક્યા ઘરે આવ્યા હોય એનો કોઈ વિચાર કરવાનો કે નહિ? હું ઘણા વખતથી આમ વિચારતી હતી. એક તો મહેનતનું કામ, અધૂરામાં પૂરું હેતલ આમ કરે એટલે થાક વધી...'

'કોણે કીધું તને આવું? તું અમારાં બાપ-દીકરીની વચ્ચે ન આવતી. શું સમજી? એમાં ને આમાં હાથી-ઘોડાનો ફરક છે ગાંડી! ને એય હેતુ, તારો ઘોડો હાજર છે. આવ-આવ, ચડી જા કેડ ઉપર.'

'પણ તમારી આવી નોકરી, તોય...!' મીનાને આગળ બોલતી અટકાવી રમેશે હેતલને ઊંચકી લીધી. હેતલે મમ્મીને અંગૂઠો બતાવ્યો ને પપ્પાને કહી રહી. 'ડબલામાં ખજૂર, તું મારો મજૂર. ચલ મેરે ઘોડે...' રમેશને અહીં વહાલા મજૂર થવાનું બહુ ગમતું હતું.

રમેશ કામનો માણસ. કામઢો માણસ. પીઠ પાછળ કદી ઘા ન કરે. જોકે પીઠ ઉપર રોજનો બોજ મજૂર તરીકે ક્યારેક એને કંટાળો ને થાક પણ આપતો, પરંતુ...! અત્યારે એની પીઠ પર ગૂણ નહોતી, ગુણનો ભંડાર હતો. ગુણિયલ હેતલ હેતની 'હળવીફૂલ' હેલી વરસાવી રહી હતી.

સત્ય

'અરે ચંપાબહેન, અત્યારે ખરે બપોરે...! આવો-આવો. તમે તો અમારા ઘરને પાવન..'

'મોહિનીબહેન, એ બધું મૂકો. આજે એક વાતનો ફેંસલો કરી નાખવો છે. કાં તો આપણે આપણા પતિદેવનું નામ બદલીએ કાં પછી મકાન. તમે કાંઈ ભળતું ન સમજતાં. હું તો આ ટપાલની માથાકૂટથી ભઈ ત્રાસી ગઈ છું. બળ્યું આ આપણા પતિદેવનું નામેય સરખું ને અટક પણ સરખી. મારી ટપાલ તમારે ત્યાં ને તમારી અમારે ત્યાં. મેં હરજી ટપાલીને કીધું પણ ખરું કે મકાનનું નામ વાંચતા જાવ, પણ એમાંય ડખો તો ઊભો જ છે. તમારા મકાનનું નામ સત્યમ. ને અમારું સત્ય. આમાં ટપાલી બિચારો કરેય શું? મરે? ને આ તો આપણી વચ્ચે સંબંધ બહુ સારો ને કોઈને કોઈનો કાગળ વાંચી લેવાની કુટેવ નથી, નહિતર?'

'ચંપાબહેન, તમારી વાત સાવ સાચી. વિશ્વાસે વહાણ તરે. ને આમાં તો એવું થાય કે લગ્ન મારે ત્યાં હોય ને ચાંદલો તમારે ત્યાં, માંદા પડે અમારા મહેશભાઈ, ને ખબર કાઢવા તમારે ત્યાં...'

મોહિનીબહેન, હવે મૂકો બધી લપ. મૂળ વાત તો રહી જ ગઈ. આ તમારી ટપાલ સંભાળો.' મોહિનીબહેન પોસ્ટકાર્ડ વાંચતાં હરખાયાં એટલે ચંપાબહેને પૂછું, `નાનાભાઈનો કાગળ છે ને? નક્કી કંઈક ખુશખબર લાગે છે નહિતર તમે આમ...! જો જો વળી પાછા શંકા ન કરતા. મેં તમારો કાગળ નથી વાંચ્યો હો કે! એવું આપણા લોહીમાં જ નહિ ને? આ તો દૂરથી જ મરોડદાર અક્ષર જોઈ હું કળી ગઈ કે.. તમે કીધું'તું કે સગાઈ થાશે એટલે પેંડાનું પેકેટ પહેલુંવહેલું ચંપાબહેનને... એટલે મારી વાત સાચી હોય તો લાવો પેંડા.'

'શેના પેંડા? અરે ચંપાબહેન, આ તો અમથું પોસ્ટકાર્ડ છે. પંદર દિવસે ભાઈ કાગળ ન લખે તો એને ચેન ન પડે. ને ભાઈનો કાગળ વાંચી કઈ બહેન ખુશ ન થાય હે?'

ચંપાબહેન ગયાં એટલે... `હજી કાગળ પૂરો વાંચ્યો નથી ને પેંડાની ઉઘરાણી આદરી દીધી લે બોલ! માંગણ ક્યાંના!' કહી મોહિનીબહેને મોં મચકોડ્યું. બેય પડોશીનાં મકાન ઉપર લખેલાં નામ ઝાંખાં થઈ ગયાં હતાં એ વાત યાદ કરાવી દીકરો કહે, 'હવે આપણા મકાનનું નામ તો સરખું કરાવો!'

ઘેર પહોંચી ચંપાબહેને પતિને.. 'લ્યો લેતા જાવ લાડવો. તમને મોહિનીની બહુ મોહિની લાગી'તી ને?' મોહિનીભાભી, મોહિનીભાભી કહેતાં તો તમારી જીભ નથી સુકાતી! મેં પૂછ્યું કે સગાઈની વાત છે તો એ કહે, 'ના, ના, અમસ્તો કાગળ છે.' લે બોલ મારી બઈ! જાણે અમે કાંઈ જાણતાં જ નથી લે! અમે કાંઈ મૂરખ નથી. કેવી પકડાઈ ગઈ? જોયું ને કેવી એક નંબરની જુઠ્ઠાડી!'

વિરુદ્ધ

સરલા આમ તો બહુ પરગજુ, કોઈનીય પીડા જોઈ ન શકે, પણ સ્પર્શની વાત આવતાં જ આ બધું ભૂલી જાય. આમ સાલસ, પણ આમ જડ ને રૂઢિચુસ્ત, મરજાદી. કોઈ એને અડે તેની એને બહુ સૂગ. જાણે કેમ સો-સો વીંછીએ એકસાથે ડંખ માર્યો હોય કે અભડાઈ ગઈ હોય એમ અણગમાથી...! આમ ખુલ્લા આકાશ જેવી દરિયાદિલ, ને આમ બાંધેલા કૂવા જેવી. જોકે કૂવાનું પાણી પણ મીઠું હોય છે.

રમણલાલનો દીકરો જય ચોવીસ વરસનો. સીધોસાદો ને વિશ્વાસપાત્ર માણસ. બાવીસ વરસની સરલા એની પડોશમાં જ રહેતી. એ બંને ને એ બેય કુટુંબ વચ્ચે સારાસારી, સારો એવો ઘરોબો, વર્ષોજૂનો સંબંધ. સરલાને રાતે દૂર બહારગામ જવાનું થયું. એનાં માબાપ મૂંઝાયાં. એને એકલી કેમ મોકલવી? ઘરેથી સાથે જઈ શકે એવી સ્થિતિ નહોતી. જયને સાથે મોકલવાનું નક્કી થયું.

...રિક્ષા બસ-સ્ટૅન્ડ તરફ દોડી રહી હતી. ઊબડખાબડ રસ્તા, હડદોલા. જયના ખભાનો સ્પર્શ થતા જ સરલા દૂર હટી. અચાનક, એક ખાડો આવતાં જ જબરો આંચકો. અસાવધ જયનું શરીર સીધું જ સરલાના...! જયે સંતુલન જાળવવા સરલાનો હાથ પકડી લીધો, જે સરલાએ આંચકાભેર છોડાવી લીધો, મોં બગાડ્યું ને ઝાઝું અંતર રાખી સાવ છેડે બેસી ગઈ. એને મન આ મોટો આંચકો! જયની આંગળીમાં થોડો સોજો. સરલાએ સોજો ઉતારવા સાથે રાખેલી દવાની શીશી આંગળીનો સ્પર્શ ન થાય એમ એને આપી. બસમાંય એણે અંતર રાખી ખબરઅંતર પૂછ્યા.

....બસમાંથી ઊતરતાંવેંત મહા મહિનાનું મહા માવઠું... ધોધમાર વરસાદ! જ્યાં જવાનું નક્કી કરેલું એ સંબંધીનું ઘર બસ-સ્ટૅન્ડથી ઘણું દૂર. સરલાને બીજા દિવસે બહુ મોટા ગજાની સ્પર્ધામાં ગાવાનું હતું. જામતી જતી રાત, આ કમોસમી વરસાદ ને એને અનુસરતી ટાઢ. જો સરલા પલળે ને એનું ગળું.! સામે જ એક હોટલ હતી. જયે સરલા સામે જોયું.

...હોટલમાં સિંગલબેડની સુવિધાવાળો એક જ રૂમ ખાલી હતો. સરલાએ ગુસ્સામાં પગ પછાડ્યાં, પણ બીજો કોઈ રસ્તો નહોતો. એણે રૂમમાં નીચે અલગ પથારી નખાવી. રૂમમાં ઓઢવા માટે એક જ મોટો ધાબળો હતો. જયે વધારાનું ઓઢવાનું માંગ્યું, પણ કાતિલ ઠંડીને લીધે કેટલાય ગ્રાહકોએ વધારાની ચાદર વગેરે માંગેલું એટલે...! ઠંડી કહે મારું કામ. વળી બારીનો કાચ સહેજ તૂટેલો જ્યાંથી તેજ હવા જય પર વીંઝાતી હતી. જયને ઓઢવાની ટેવ. ચાદર વિના એને નીંદર જ ન આવે. થર-થર ધ્રૂજતાં જયની હાલત દયનીય. સરલાએ એની સામે જોયું. રિક્ષામાં બનેલી ઘટના યાદ આવતાં જ ફરી અણગમો ધસી આવ્યો. પછી મોં ફેરવી ધાબળો કસોકસ લપેટી એ નીચે સૂઈ ગઈ. જય કશું ઓઢ્યા વિના આમથી તેમ પડખાં ઘસી રહ્યો. માંડ-માંડ એની આંખ મળી.

રાતે ગોરંભાયેલું આકાશ હવે ચોખ્ખું થઈ ગયું હતું. સૂરજનાં કિરણો આંખમાં આવતાં જ જયે બેઠા થવાનો પ્રયત્ન કર્યો, પણ એનાથી ઊઠી ન શકાયું. એના ખભે એક હાથ વીંટળાયેલો હતો.

બંધનમુક્તિ

કબૂતર, પોપટ, ચકલી, કાબર.... જ્યાં-જ્યાં જે-જે પંખી દેખાયાં એ બધાંને રવિએ વીણી-વીણીને પૂરી દીધાં. 'દેખો ત્યાં કેદ કરો' બસ એવી એક જ ધૂન એના પર સવાર-સવારમાં સવાર! એણે ચણની સાથોસાથ ઠેકઠેકાણે જાળ પાથરી હતી, જેવાં પંખી ચણ ચણવા આવે કે તરત જ...! વિવિધ પંખીના ઝુંડનાં ઝુંડને રવિએ વિવિધ પ્રકારે કેદ કરી લીધાં. અત્યાર સુધી જે ખાલીખમ હતાં તે પાંજરાં પણ રવિની કૃપાથી આજ ભરાઈ ગયાં હતાં. આકાશ જાણે પંખી વગરનું કરવું હોય એમ એ મચી પડ્યો હતો. અસંખ્ય પંખીઓ ધરતી પર જાળમાં ને એણે બનાવેલા કેદખાનામાં બંધ.

'આ શું ઘાતકીપણું આદર્યું છે? પંખી જોયું નથી ને તું એને તરત જ...? તું તે માણસ છો કે કોણ છો...?' લોકો આવું બધું કહી રહ્યા, પણ રવિ મક્કમ. વળી આવું એણે એક જ ઠેકાણે નહિ, શહેરમાં અનેક જગ્યાએ કર્યું ને બીજા પાસે પણ કરાવ્યું જેમાં એણે બીજાં શહેરો પણ આવરી લીધાં હતાં.

રવિ હવે પૂર્ણ પ્રકાશ ફેલાવી રહ્યો હતો. ગગનમાં પંખી જૂજ હશે એ વિચારે એ ખુશ! રવિ શુકન-અપશુકનમાં માનતો નહોતો. તેર તારીખ હોય તો શું થયું? એને મન તો આ શુકન જ હતું. એટલે રવિએ એ જ તારીખે, રવિવારે જ આ કામ શરૂ કરી દીધું હતું. તે પછીનો દિવસ મકરસંક્રાંતિનો, પતંગોત્સવનો હતો! એનું 'કરુણામય ભલું' હૈયું એમ પોકારી રહ્યું હતું કે 'એક પણ પંખી....!' ...

પ્રેરણા

અજયને નવાઈ લાગે એ સ્વાભાવિક હતું, 'અજયભાઈ, હું સાચે જ અમેરિકાથી જ બોલું છું. હવે હું સ્ટેજ પર ગીતો લલકારું છું. મને દેશ-વિદેશમાં ઘણા કાર્યક્રમો મળવા માંડ્યા છે. આ બધું તમારા ને રજતકુમારના પ્રતાપે.' ગોપાલે ફોનમાં કહ્યું.

ઘણા લોકો ગોપાલને માત્ર ફેરિયો કે તુચ્છ માણસ ગણી ઉતારી પાડતા, ક્યારેક છાપું મોડું થાય તો ધમકાવવામાં વહેલા થઈ જતા, જ્યારે અજય... 'કોઈ કામ નાનું નથી. તું જે કરે છે એ સારું જ છે, પણ તારા કંઠમાં સાક્ષાત્ મા સરસ્વતી બિરાજે છે. તું અહીં ખોટો પડ્યો છે..' વગેરે કહી તે એને પાનો ચડાવતો. એવા જ બીજા એક પારખુ ઝવેરી રજતકુમારનો ગોપાલને ભેટો થઈ ગયો. ગોપાલને ગાતો સાંભળી તે એને અમેરિકા લઈ ગયા, હવે ગોપાલના હાથમાં છાપું નહિ પણ માઇક છે. હા ક્યારેક તે છાપું હાથમાં લે છે. એમાં તેની ઉમદા ગાયકીના સમાચારો...!

અજયે અભિનંદન આપતાં કહ્યું, 'તું મને જશ આપે છે, પણ મેં કંઈ નથી કર્યું. તારામાં આ કળા હતી જ. ને હા, પેલા ચંપકલાલ તને રોજ યાદ કરે છે. એને આ ખુશખબર આપું ને?'

'આખા ગામને કહેજો પણ એને નહિ. તમે મને જાતમાં શ્રદ્ધા રાખતાં શિખવાડ્યું ને એણે મને કહેવતો! એનું નામ પણ મારી પાસે ન લેતા.'

હા, ગોપાલ ચંપકલાલને ત્યાં છાપું નાખવા જાય એટલે.. 'છોકરાથી છાશ ન પિવાય, જટા વધાર્યે જગદીશ ન થવાય. તું છાપાં નાખ છાપાં. તું એના માટે જ જન્મ્યો છે. બહુ તાનસેનનો દીકરો હોય તો પેલું ગીત ગાઈ બતાવ તો તું સાચો. રે'વા દે. એ તારું કામ નહિ.' એવું બધું કહી તે એને હંમેશાં ઉશ્કેરતા. ગોપાલ એ ગીત સંભળાવે એટલે એની પાસે બીજું ગીત ને બહાનું તૈયાર જ હોય. 'એક ગીત સારું ગાયું એમાં તે કાંઈ મીર નથી માર્યો. સૂંઠને ગાંગડે ગાંધી ન થવાય. આ બીજું ગીત સરખું ગાઈ બતાવ તો...! તારાથી શેક્યો પાપડ પણ નહિ ભાંગે. જોયો ન હોય મોટો કિશોરકુમાર.' ગોપાલ ખૂબ સાધના કરી ગીતો તૈયાર કરી સંભળાવતો. આમ કરી-કરી એણે ગોપાલ પાસે અનેક ગીતો ગવરાવી લીધાં, પણ મોઢામાંથી વખાણનો એક શબ્દ કાઢે એ બીજા.

'ભલું થજો રજતકુમારનું જેણે મને...! બાકી હું પોરબંદર ને એ મુંબઈ! એની સાથે મારી જરાય ઓળખાણ નહિ પણ કોણ જાણે એણે ક્યાંથી મને ગોતી કાઢ્યો! એક તરફ એના જેવા ને તમારા જેવા માણસો ને બીજી તરફ આ ચંપકલાલ જેવા. હા. એ મળે તો એને મારા તરફથી એક કહેવત ફટકારજો કે 'કમળો હોય એને બધું પીળું જ દેખાય.' ગોપાલની આ વાક્ધારા હજી આગળ ચાલત, પણ અજયની છેલ્લી વાત સાંભળી ગોપાલે ફોન કાપી ચંપકલાલને ફોન જોડ્યો.

અજયે તો છેલ્લે એટલું જ કીધું હતું કે 'ગોપાલ, હવે મારી એક વાત આંખ-કાન ખોલીને સાંભળી લે, રજતકુમાર ચંપકલાલનો ખાસ ભાઈબંધ હતો.'

પરિવર્તન

સુબોધ ને હરેશ એક શૉપિંગ મૉલમાં ભેગા થઈ ગયા. 'અરે સુબોધ તું ને અહીં?'

'હા, હરેશ, એક વસ્તુ લેવી હતી. સાંભળ્યું છે અહીં મજબૂત ને સારી વસ્તુ મળે છે.'

'પણ સુબોધ તને ખબર પડી પેલા તપનભાઈના દીકરા રાજે ખારા દરિયામાં મોત મીઠું કર્યું!'

'શું વાત કરે છે હરેશ! એ છોકરો તો ભણવામાં ભારે હોશિયાર. ખેલકૂદમાં અવ્વલ. નિબંધલેખન, નાટક, વક્તૃત્વ વગેરે ઘણી કળામાં પોતાનું હીર બતાવતો. જ્યારે જુઓ ત્યારે ખુશમિજાજમાં જ હોય. એ રાજ આવું અવળું પગલું ભરે! બહુ ખોટું થયું.'

'ખોટું તો એના બાપે કર્યું. પોતે અધ્યાપક. ભણાવવામાં એના જેવો હોશિયાર આખા શહેરમાં બીજો કોઈ નહિ. એના ટ્યૂશનક્લાસમાં ભણવા વિદ્યાર્થીઓની લાઇન લાગે છે, પણ...' 'દસમામાં ઓછામાં ઓછા નેવું ટકા ગુણ તો આવવા જ જોઈએ..' ક્લાસમાં એ બધાને, ખાસ તો રાજને આમ ટોકટોક કર્યા કરે. રાજને ચોર્યાસી ટકા આવ્યા ને સાહેબે એને બધા વિદ્યાર્થીઓની વચ્ચે ખખડાવ્યો, ઉતારી પાડ્યો ને લાગણીશીલ રાજે...! પરીક્ષા મહત્ત્વની છે, પણ એમાં ઓછા ટકા આવે એટલે માણસ નકામો, ઠોઠ ને ડફોળ થઈ જાય? પરીક્ષા જ જીવનનો કે તમારી આવડતનો એકમાત્ર માપદંડ થોડો છે? સંતાનની બીજી આવડત, ખૂબી નહિ જોવાની? આ તારી જ વાત કર. તારા દીકરા હેતને દસમામાં પંચાવન ટકા જ આવ્યા, પણ માણસ તરીકે એ કેવો સીધો ને સંસ્કારી ને ઉમદા કલાકાર, ખેલાડી! તેં એને ઊંચે સાદે કાંઈ કીધું? નહિ. આ દૃષ્ટિ સાચી. માણસ ક્યારે સુધરશે? તપનભાઈએ તો ખૂન જ કર્યું કહેવાય. હવે એ પસ્તાય છે, પણ હવે શું?'

'હરેશ, બહુ ખોટું કહેવાય. જો હું તો હેત માટે મજબૂત, ન તૂટે એવું બૅટ લેવા આવ્યો છું. એને ક્રિકેટનો ગાંડો શોખ. હું તો એને કહીશ કે 'મહેનત કરી હોવા છતાં પાઠ્યપુસ્તકોનાં પેપર અઘરાં નીકળવાથી તમને ઓછા માર્ક્સ આવે એમાં જાતને નીચી ન લેખો ને માત્ર એ ઊંચા ટકાને જ જીવનની સફળતા શું કામ ગણો? તું મન પર કંઈ ન લેતો. મોજ કર મોજ. હરેશ, સારું કર્યું તું મને અહીં મળી ગયો. હવે મને મદદ કર. જો આ બૅટ દેખાવે કેવું લાગે છે? ને મજબૂત છે ને?'

.... બૅટ જોઈને હેત તો રાજીનો રેડ. એને તો એમ હતું કે...! સુબોધ દીકરાને વળગી પડ્યો, ને આંસુનો દરિયો આંખને...!

ગુસ્સે ભરાયેલો તુંડમિજાજી સુબોધ આમ તો મૉલમાં કોઈને ફટકારો તોય ન તૂટે એવી મજબૂત લાકડી લેવા ગયો હતો!

ડહાપણ

નૂતન વર્ષ નિમિત્તે અનેક આકર્ષક સ્કીમ, વળતરમાં વિશેષ છૂટ! શૉપિંગ મૉલમાં વધારે ભીડ. જોકે શિવાંગીને ત્યાં જવાની ચીડ. કલ્પવૃક્ષ સોસાયટીના રહેવાસીઓએ સયુંકત રીતે ત્યાં જવાનો કાર્યક્રમ ગોઠવેલો. એમણે શિવાંગીને પરાણે મૉલમાં જાતજાતની ચીજવસ્તુઓ, એક જુઓ અને બીજું ભૂલો. માણસ તેમાં ભૂલો પડી જાય કે ભૂલો કરી બેસે! બધાએ ધરાઈ-ધરાઈને ખાધુંપીધું ને લીધું. અંતે બધા મૉલની બહાર નીકળ્યા. શિવાંગીને કંઈ પણ ખરીધા વિના બહાર આવતી જોઈ તેઓ હસ્યા ને શિવાંગી ખાલી હાથે ભરપૂર મલકી. પડોશી ગીતાબહેન બોલ્યાં, 'હજી તક છે. વારેઘડીએ આવી સ્કીમો નથી આવતી. તું કંઈક તો ખરીદ! અમે તો તને આવી કંજૂસ જોઈ હસ્યાં, પણ તું કેમ...?'

'ગીતાબહેન, આટલી બધી વસ્તુઓમાંથી મારે એકેયની જરૂર નથી, એના વિના પણ હું ખુશ છું એવું વિચારી હું હસી પડી. આવો બધો કચરો ભેગો કરીને કરવું છેય શું? આવું કશું ન મેળવીને બધું મેળવવું એ વાત જ કેવી અદ્ભુત છે!'

...મૉલની બહાર પાથરણા પર રમકડાં ને ઘરવપરાશની ઓછી કિંમતની વસ્તુઓ વેચવા બેઠેલો રઘુ આટલા બધા લોકોને એકીસાથે બહાર નીકળતાં જોઈને આશાભરી આંખે બૂમ પાડી બધાને આકર્ષવા મથી રહ્યો, રઘુનો નાનકડો દીકરો જીવન વારંવાર પાથરણા પર સજાવેલી એક સરસ મજાની ઢીંગલીને રમાડવા જતો ને રઘુ તેને અટકાવતો. જીવનનો જીવ એમાં જ...! શિવાંગીએ થોડા ફુગ્ગા, બે મોટર, તેમ જ બીજી થોડી વસ્તુઓ ખરીદી, ને પેલી ઢીંગલી પણ! 'તારે તો એકેય વસ્તુની જરૂર નથી તો આ બધું શું કામ? ને આવી તકલાદી મોટર?' તકવાદી અમથાલાલે પૂછ્યું ને શિવાંગી કહે, 'મારા દીકરા માટે. એને મોટરનો ગાંડો શોખ. ફુગ્ગા જોઈનેય એ ખુશ થઈ જશે. રમકડું મળતાં બાળકને સ્વર્ગ મળ્યાના સુખથીય વધુ આનંદ થતો હોય છે. પછી ભલેને રમકડું સાવ સસ્તું હોય! સાદું હોય તોય એને મન એ દાદુ હોય, જાદુ હોય. ને બીજી વસ્તુઓની મને જરૂર નથી પણ એનાથી આ વેચવાવાળાને ટેકો થશે.'

'પણ સપનને ઢીંગલી તો જરાય નથી ગમતી, તોય તું...!' કોઈએ સંભળાવ્યું ને પછી શિવાંગીએ જે કર્યું એ જોઈ બધા બોલવા માંડ્યા. `આપણે ખરીદેલી વસ્તુઓને કચરો કહેતી'તી. ને પોતે જ કચરો ભેગો કર્યો. મૉલમાંથી કાંઈ ન લીધું. એ તો જાણે ઠીક, પણ કોઈ 'આવું' કરે? ચસકી ગયું લાગે છે. સમજણનો છાંટોય નથી એનામાં...'

'જો હવે આ ઢીંગલી મારી છે. મેં એના પૈસા ચૂકવ્યા છે. એટલે હવે તારા દીકરા પર ગુસ્સે થયા વિના એને તેની સાથે રમવા દેજે, શું સમજ્યો?' રઘુને આવી તાકીદ કરી શિવાંગીએ જીવનના ગાલે હળવી ટપલી મારી તેના હાથમાં એ ઢીંગલી મૂકી ચાલતી પકડી!

સમકક્ષ

ઘરની બહાર નીકળી છગને દયાળબાગ જવા હજી તો ડગ માંડ્યા ત્યાં જ સુંદરલાલ નજરે ચડતાં જ... 'માર્યા ઠાર. આ ગુંદરિયો અટાણે ક્યાંથી ટપકી પડ્યો! નામ એનું સુંદરલાલ, પણ છે આમ ગુંદર.. ચોટડૂંક. વાતમાં રોકી રાખે, પછી ઊખડે એ બીજા.' છગનને થયું, બાજુની ગલીમાં સરકીને બીજે રસ્તે નીકળી જાઉં, પણ પછી એણે વિચાર્યું, 'ગલીમાં વળું એ પહેલાં જ એ મને જોઈ જાય તો? તો-તો ગલીમાં સાવ સલવાઈ જવાય. આ બલાથી હવે છૂટવું કેમ? જ્યારે કોઈ સારી જગ્યાએ જવાનું ગોઠવું ત્યારે આ માણસ...! મારો મૂડ ચોપટ કરી નાખ્યો.'

'પણ આમ એના જવાની રાહ જોઈને ક્યાં સુધી તપશ્ચર્યા કરવાની? બોલાવશે તો કહી દેવાનું કે 'દોસ્ત ઉતાવળ છે. પછી નિરાંતે મળશું.' ના, પણ મારાથી એમ કહેવાશે નહિ તો? આને લમણે એક દીધી હોય ને તોય પાપ ન પડે. અજાણ્યાનો ડોળ કરી ઊભો છે ડફોળ. બાજુમાંથી જેવો નીકળીશ કે તરત જ ધબ્બો મારીને રોકી પાડશે. આજે દયાળબાગ જવાનું જ માંડી વાળું. ના, એમ કાંઈ આ ચોટડૂંકને લીધે આપણી મજા થોડી જતી કરાય? એમ તો વાતુંમાં હુંય કાંઈ ઓછો ઊતરું એમ નથી. જો હું એક વાર વાત ચાલુ કરું એટલે પછી...! પણ આજે તો આ છછુંદર સુંદરથી દૂર જ રહેવું છે. અજાણ્યો થઈ આઘો ચાલીશ ને એની બાજુમાં પહોંચું એટલે ફટાક દઈને ઝડપભેર નીકળી જઈશ. પછી ભલે ને એ ત્યાં ખોડાઈ રહે આખી રાત.' વિચારી છગને પગ ઉપાડ્યા ને એની નજીક પહોંચવા ગયો, પણ બેય વચ્ચેનું અંતર ઘટવાને બદલે વધ્યું.

'કદાચ એણે મને નહિ જોયો હોય. ના ના, જોયો તો હતો જ. એને ક્યાંક જવાની ઉતાવળ ફાટી નીકળી લાગે છે, નહિતર તો ! જે હોય તે પણ હાશ છૂટ્યા.' છગને વિચાર્યું. ઝડપભેર ચાલી રહેલો સુંદરલાલ કોઈ દુકાનના ખૂણે ઊભો રહ્યો, પણ એવી રીતે કે છગનને તે જોઈ શકે.

સુંદરલાલથી આગળ નીકળી ગયેલા છગને પાછળ ફરીને જોયું, પણ પેલો તો ગાયબ! છગને આંખો ફાડી-ફાડીને જરા આગળ આવીને જોયું, પણ સુંદરલાલ ક્યાંય આઘો-આઘોય ન દેખાયો.

છગન હવે એ આશંકાએ ધ્રૂજી ઊઠ્યો કે એ પણ મારી જેમ જ વિચારીને...!

શુદ્ધ

'મનોજભાઈ, બીજી કોઈ ખરાબી નહોતી, બસ પાઇપલાઇનમાં કચરો ભરાઈ ગ્યો'તો એ બધો મેં કાઢી નાખ્યો. મારે મહેનત થોડી વધુ થઈ, પણ કામ સરસ થઈ ગ્યું.' આમ કહી માવજીભાઈ થોડું અટક્યા, કપાળ પરનો પરસેવો લૂછી પછી એમણે ઉમેર્યું. 'જૂની નળી કાઢીને એની જગ્યાએ નવી નાખવી પડી, પણ હવે તમારે કાયમની નિરાંત. ને પાણી જ્યાંથી ટાંકીમાં પડે છે ત્યાં મેં કપડાની પોટલી બાંધી દીધી છે. કચરો પહેલાં એમાં જાશે. પાણી ગળાઈને જ ટાંકીમાં આવશે ને હમણાં થ્યું'તું એમ બ્લૉક પણ નહિ થાય. હા, પાંચ-છ મહિને પોટલી બદલી નાખજો.'

'માવજીભાઈ, ધન્યવાદ તમારો. હવે તમને આના કેટલા આપવાના એ કહો. વાજબી લેજો હો!'

'જુઓ મનોજભાઈ, માલસામાનના રૂપિયા ૨૨૦ થ્યા. લ્યો આ એનું બિલ. ને મજૂરી...! મારે શું કહેવું? રસિકભાઈ સાથે અમારે ઘર જેવો સંબંધ, ને એના કહેવાથી હું અહીં આવ્યો છું એટલે મારાથી મજૂરી બોલાશે નહિ. તમને જે ઠીક લાગે તે આપી ધો. તમે જે આપશો એ મને મંજૂર, બસ?'

હીરાબહેને માલના રૂપિયા ઉપરાંત બીજા દોઢસો રૂપિયા કાઢ્યા એટલે મનોજભાઈએ એ મજૂરીને મંજૂરી ન આપતાં કહ્યું, 'અરે, આ શું? માવજીભાઈએ આટલી મહેનત કરી, ને તું ખાલી દોઢસો કાઢીને ઊભી રહી ગઈ! હજી સોની એક નોટ ઉમેર.' માવજીભાઈ રાજી થતા થતા ગયા. એ જેવા ગયા કે તરત જ..

'તમેય ગજબના માણસ છો હો! તમે જ મોટે ઉપાડે મને ત્રણ-
ત્રણ વાર કીધું'તું કે 'દોઢસોથી એક રૂપિયો પણ વધારે નથી દેવાનો. આ લોકો આમ પાકા, બોલવે મીઠા. તું ભલાઈની પૂંછડી ન થતી.' ને હવે તમે જ...! 'મારા મનમાં તો અઢીસો દેવાની જ ગણતરી હતી. એણે કેટલી બધી મહેનત કરી ને આપણું કામ કેવું સરસ રીતે કરી આપ્યું? તમે બોલીને ફરી ગયા. પોતે સારા થવા ગયા ને મને એની સામે નાહક ભોંઠી પાડી, ખરાબ ચીતરી. આવું શું કામ કર્યું તમે?' પત્ની સહેજ રોષપૂર્વક પૂછી રહી.

'હીરા, તારી વાત સાચી, મેં જ તને કીધું'તું ને મેં જ ફેરવી તોળ્યું. વાંક મારો જ કહેવાય. જો હીરા, તને ભોંઠી પાડવાનો મારો જરાય ઇરાદો નહોતો, પણ...'

બીજા દિવસે રસિકભાઈ ઘરે આવી પૂછી રહ્યા. 'માવજીભાઈનું કામ કેમ બાકી? કચરો નીકળી ગ્યો ને?'

હીરાબહેને પતિ સામે જોઈને કહ્યું 'હા.'

વૃદ્ધિ

'ઓ પાતળી સોટી, હવે તું થઈ મોટી. ટિફિનમાં માત્ર ત્રણ જ રોટલી ને થોડુંક જ શાક! હવે તો થોડુંક વધુ જમવાનું લઈ જા!' પ્રેરણાને ઘરનાં બધાં અનેકવાર આવું કંઈક કહેતાં, પણ પ્રેરણા! બે વર્ષથી તેનો આ જ નિશ્ચિત ભોજનક્રમ. સરસ્વતી વિદ્યામંદિર નામની નિશાળમાં છેલ્લો અર્ધી કલાકનો પિરિયડ ભોજનનો. શિક્ષકો-વિદ્યાર્થીઓ બધાં સાથે બેસીને જમે! નવી આવેલી શિક્ષિકા અંતરાનો આ નવતર વિચાર સહુએ વધાવી લીધો હતો. આ ફરજિયાત નહોતું. પણ સમૂહમાં અલકમલકની વાતો, મજાકમસ્તી કરતાં-કરતાં જમવાની મજા કોને ન આવે? મોટા ભાગના આ નવતર પિરિયડ ભરતા ને આનંદના સાગરમાં તરતા. ભોજનના ડબ્બા સાથે સૌનું અંતર પણ ખૂલી જતું.

'હવેથી ટિફિનમાં ત્રણની બદલે સાત રોટલી મૂકજો, ને થોડુંક શાક પણ વધારે.' દસમા ધોરણમાં પ્રવેશેલી પ્રેરણાએ ઘરમાં પ્રવેશતાં જ સામેથી આમ કીધું ને ઘરનાં બધાં રાજીનાં રેડ. આ તો ભાવતું'તું ને વૈધે કીધું. 'શિયાળાની આ ઋતુમાં ભૂખ વધારે લાગે, ને પ્રેરણાની દોડાદોડી પણ પહેલાં કરતાં વધી ગઈ છે, એટલે સારું થયું..' એવા અભિપ્રાયો વહેતા થયા. આમ ને આમ ચાર મહિના વીતી ગયા. ટિફિન ને પ્રેરણા, બેયનું વજન વધ્યું હતું.

પ્રેરણા રોજ જે સાઇકલ પર નિશાળે જતી તે એક દિવસ બગડી. નયન સાતેય કામ પડતાં મૂકી સ્કૂટર લઈ નિશાળ છૂટવાના સમયે એને તેડવા ગયો. જોકે એ થોડોક વહેલો હતો. એને એમ કે દીકરીને સરપ્રાઇઝ આપું, પરંતુ...!

બીજા દિવસે નયને ઘરમાં પત્ની કોશાને તાકીદ કરી. 'આવતી કાલથી પ્રેરણાના ટિફિનમાં આઠ રોટલી મૂકજે. ને શાક પણ રોજ કરતાં વધારે. હવે મારી દીકરી બહુ મોટી થઈ ગઈ છે, શું સમજ્યાં?' પરસ્પર નજર મેળવી બાપ-દીકરી ભેટી પડ્યાં. પ્રેરણા ખિલખિલ હસતી હતી. નયનની આંખમાં આંસુ. ને પછી તો ઘરનાં બધાં જ...

પ્રેરણા હજીયે ત્રણ જ રોટલી ખાતી હતી, તોય એનું વજન વધ્યું હતું, ને એના હૃદયનું કદ પણ! એની નવી બહેનપણીનું નામ આરતી. તેના ઘરની આર્થિક સ્થિતિ બહુ સારી નહોતી!!

પાત્ર

મોટા ગજાની એકપાત્રીય અભિનયની સ્પર્ધામાં એકથી એક ચડિયાતા કલાકારો રંગમંચ પર પાત્રને જીવંત બનાવી દર્શકોની દાદ મેળવી રહ્યા. પહેલી જ વાર આવડી મોટી સ્પર્ધામાં ઝુકાવનાર ચેતનનો વારો આવ્યો ને જાણે એનો વારો નીકળી ગયો. વિશાળ અને સમજદાર ક્રીમ ઓડિયન્સ સામે...!

અગાઉના સિદ્ધહસ્ત સ્પર્ધકોના બળૂકા અભિનયથી જાણે ડઘાઈ ગયો હોય એમ ચેતન ગભરાટમાં સરી પડ્યો. રંગમંચ પર એની સમગ્ર કાયા ધ્રૂજવા લાગી. આ ધ્રૂજતું કૃત્ય નૃત્યમાં પલટાયું. એના ડગમગ પગ જાણે અભિનયના ઠગ બની ગયા. એ મથ્યો, પણ ત્રુટક-ત્રુટક શબ્દો માંડ-માંડ ઉચ્ચારી શક્યો. શબ્દોએ જાણે મૌન સાથે પ્રીત બાંધી લીધી હતી! કપાળ પર પ્રસરેલા પરસેવાના રેલાને હાથ વડે લૂછવાની એની ચેષ્ટા હાંસીપાત્ર બની. પગ ડોલે ને પ્રેક્ષકો વ્યંગમાં બોલે... મજાકમશ્કરી, ઠેકડીથી એને બરાબરનો તોલે.

પાંચ મિનિટની નિયત સમયમર્યાદામાં પાત્રને સમેટી ચેતન સ્ટેજ પરથી નીચે ઊતર્યો ને દર્શકો જાણે ટીખળના ચાળે ચડ્યા. એના સ્વજનો દર્શકગણની તાળીઓને મજાક સમજી ભોંઠપ અનુભવી રહ્યા. દરેકે પોતાની ભૂમિકા ઉચિતપણે ભજવીને પોતાનું પાત્ર આબેહૂબ ઉપસાવેલું, પણ જડ શો ચેતન...!

રંગમંચ પર 'પ્રથમ વિજેતા'નું ઇનામ લેવા ગયેલા ચેતનના ચહેરા પર ગભરાટના સ્થાને શાંતિ અને આનંદનો ભાવ રમતો હતો. એ બિલકુલ સ્વસ્થ! તાળીઓનો એકધારો ગડગડાટ એણે પાત્રને પૂરો ન્યાય આપ્યાની સાક્ષી પૂરતો હતો જે પૂરતો હતો. ઇનામ લેતી વખતે એ 'અમથું' ધ્રૂજ્યો, એ જોઈ સૌ ટીખળ કર્યાં વિના ખડખડાટ હસી પડ્યા ને શાબાશીના ઉદ્ગાર કાઢી રહ્યા.

ચેતન હતો તો અભિનયનો એક્કો, પણ એ પહેલી વાર સ્પર્ધામાં ઝુકાવી રહ્યો હતો ને એ પણ આવી પ્રતિષ્ઠિત... એટલે મનમાં થોડો ડર તો હતો જ... એટલે એણે સમજીને જ...! એણે રંગમંચ પર જે પાત્ર તાદૃશ કરવાનું હતું, જે વિષય પર ભૂમિકા ભજવવાનું નક્કી કર્યું હતું તેનું શીર્ષક હતું 'ગભરાયેલું પાત્ર!!'

ભવિષ્ય

સોળ વર્ષનો છોકરો કિરણ અડસઠ વર્ષનાં કિરણબહેનને સાઇકલ પાછળ બેસાડી એક મહત્ત્વના કામે જઈ રહ્યો હતો. એક બાજુ તરવરાટ તો બીજી બાજુ અનુભવ. યૌવનના બારણે ટકોરા મારતો કિરણ સાઇકલની ટકોરી વગાડતો આનંદ લઈ રહ્યો હતો, તો ‘સાઇકલ મારી સરરર જાય, ટ્રીન-ટ્રીન ટોકરી વગાડતી જાય...’ એ બાળગીત ગાઈ રહેલાં કિરણબહેન ‘આ ગીત અમારે ભણવામાં આવતું’ એમ કહી કિરણને પાનો ચડાવતાં હતાં. વૃદ્ધાનાં શરીર પર ક્યાંક-ક્યાંક થોડી કરચલી હતી, પણ કોઠાસૂઝ ને ઉત્સાહમાં નહિ.

કામ પૂરું થઈ ગયું. વળતાં વૃદ્ધા આગળ ને પેલો છોકરો પાછળ. કિરણ કહે, ‘ભાર લાગશે.’ તો કિરણબહેન કહે, ‘દીકરા, તારા જેવાનો ભાર મને લાગે? આ તો બોજ વિનાની મોજ.’ એ ગાવા માંડ્યાં. ‘અભી તો મૈં જવાન હું.’ એ ડ્રાઇવિંગ સીટ પર હતાં. એની ઉપર બેસતી વખતે ચહેરા પર એક અજબ ખુમારી...! હા, એક વૃદ્ધા સાઇકલ ચલાવી રહી હતી; લયબદ્ધ!

ઘરમાં જતાં પહેલાં કિરણબહેને શેરીમાં જઈ બધાને જગાડ્યાં ને ભગાડ્યાં. ‘જાવ બધા... આ તો કરવું જ જોઈએ. સુકાન એમના નહિ, આપણા હાથમાં હોય.’

‘યોગ્ય કામ સરસ થઈ ગયું’ એવા સંકેતરૂપે અંગૂઠો ઊંચો કરી પછી એમણે ડાબા હાથની પોતાની આંગળી બતાવી. એમાં એક ટપકું હતું. કિરણબહેન યોગ્ય ઉમેદવારને મત દઈ આવ્યાં હતાં!

પ્રવેશ

'અરે જ્યોતિ, જ્યોતિબહેન... તું તમે... અહીં... ઘણાં વરસે...!'

'રહેવા દે મોહિત. તારા મોઢે જ્યોતિ જ શોભે છે.' કહેતાં જ્યોતિ ઘરમાં પ્રવેશી. મોહિતે પત્ની શીલાને ઓળખાણ કરાવી. 'આ છે જ્યોતિ. કૉલેજકાળની મારી મિત્ર. તને યાદ છે મેં તને કીધું હતું કે...'

મોહિતે શીલાને કશું જ છુપાવ્યા વિના રજેરજ વાત કરી હતી. જ્યોતિ એની સહાધ્યાયી. એના ઘરની સ્થિતિ સાધારણ. કૉલેજ છોડવી પડે એવી પરિસ્થિતિ ઊભી થવાથી જ્યોતિના ભણવાની ફી એક વાર મોહિતે ભરી દીધી હતી. એ તો જ્યોતિને ત્યારે ઓળખતોય નહોતો, પણ માનવતાના નાતે... જોકે પછી નાતો બંધાયો પ્રેમનો. લગ્નના કૉલ અપાયા; પરંતુ... લાચાર જ્યોતિ... એની મોટી બહેનનું અકાળ મૃત્યુ. આછીપાતળી નોકરી કરતો એનો પતિ હવે વિધુર. તે એક સંતાનનો પિતા. એની સાથે જ્યોતિનાં લગ્ન...

'આવો જ્યોતિબહેન, ને આવ્યાં છો તો હવે જમીને જ જજો.' ખુલ્લા દિલની શીલાએ દ્વેષ કે શંકા રાખ્યા વિના એનો આદરસત્કાર તો કર્યો, પણ જ્યોતિ જમીને ગઈ એ પછીના દિવસથી જ એ...! પતિની બદલી થવાથી જ્યોતિ હવે આ જ શહેરમાં રહેવા આવી હતી. થોડા દિવસમાં તો શીલાએ જાસૂસી કરીને બધી જ માહિતી...! મોહિત એનો પરમ મિત્ર હતો ને? હવે તો બેય...!

એક દિવસ શીલાએ મોહિતનો ઊધડો લીધો. બરાબરનું સંભળાવી અંતે કહ્યું, 'ન જોયા હોય મોટા જ્યોતિના મિત્ર હ! મોટે ઉપાડે ભોળાભાવે એની સાથે પરિચય કરાવ્યો ને હવે...! તમારામાં શરમ જેવું કાંઈ છે? મને બધી જ ખબર પડી ગઈ છે. જાવ, અત્યારે ને અત્યારે જ ઘરમાંથી બહાર નીકળો, ને...'

નિરાશવદને શાળાએ ગયેલી જ્યોતિને શાળાના આચાર્યે સૂચના આપી કે...! જ્યોતિ ને એની દીકરી વિધિ બેય હવે ખુશ.

વિધિએ હવે શાળા છોડવાની નહોતી. એની ફી...

ધાર્મિક

બસમાંથી ઊતરી સીધા જ નજીકમાં આવેલા ભીડભંજન મહાદેવના પ્રખ્યાત મંદિરે પંકજભાઈ પહોંચી ગયા. દીકરા શ્યામલને પણ અંદર આવવાનું કહ્યું, પણ... 'પપ્પા, મને ભીડમાં નહિ ફાવે. તમતમારે જાવ.' કહી એ બહાર ઓટલે બેઠો. મંદિરના પરિસરના વિસ્તરણનું કામ ચાલી રહ્યું હતું. પરસેવે રેબઝેબ એક મજૂરને એનો દીકરો મીઠાઈની દુકાનમાં રહેલી જલેબી બતાવી એ લઈ દેવા વીનવી રહ્યો હતો. તેર વરસની ઉંમરના શ્યામલે આ જોયું. એ જોઈ ન શક્યો. એણે દુકાને જઈ કંદોઈ સામે પચાસની નોટ ધરી. પેલો છોકરો રાજીનો રેડ! પંકજભાઈએ ભગવાનની મૂર્તિને દંડવત્ પ્રણામ કર્યાં ને આ ક્રમ વણથંભ્યો... અંદર અસંખ્ય મૂર્તિઓ. એણે એકેયને ન છોડી. ભાવિક ભક્તજનો અહોભાવપૂર્વક આ બધું જોઈ જ રહ્યા. કેવા ધર્મનિષ્ઠ! પંકજભાઈએ મંદિરમાં રૂપિયા એકસો એક ધર્યા. પાવતી ને પ્રસાદ લઈ એ બહાર આવ્યા. થોડી જ વારમાં વતન તરફ જતી બસમાં બાપ-દીકરો બેસી ગયા.

શ્યામલ ચમક્યો! 'આ શું?' પિતાજી કહે, 'જતી વખતે પણ મેં આમ જ કર્યું હતું, પણ તારું ધ્યાન હોય તો ને? આંખ ઉઘાડી રાખીને બધું જોવાય. વહેવારુ બનતાં શીખ; મારી જેમ.' શ્યામલે પિતાજી સામે વેધક નજરે જોયું ને પછી પોતાનું ધાર્યું કરાવીને જ જંપ્યો. જતી વખતે જે થયું તેનું પુનરાવર્તન વળતી મુસાફરીમાં ન થયું. પિતાજીના જાણે બાર વાગી ગ્યા. બાર વર્ષ...!

ઘેર પહોંચતાં જ માએ પૂછ્યું 'બેટા, મજા આવી ને? ભગવાનનાં દર્શન કરી આવ્યા ને બેય?'

'મમ્મી, મેં તો કર્યાં, પણ પપ્પાએ નહિ.' કહી શ્યામલે સઘળી વાત કરી. એનું ભોળું મન એમ કહેતું હતું કે આના કરતાં એ મંદિરે ન જતા હોય તો? આમ કરો એટલે ભગવાન માની જશે ને માનતા પૂરી થઈ એમ જરાય ન માનતા.

હજી અર્ધી ટિકિટના વિચારમાં આખા દુઃખી એવા પંકજભાઈ દિગ્મૂઢ! જતી વખતે એમણે બસ કંડક્ટરને શ્યામલની ઉંમર અગિયાર વર્ષની કહીને...!

ઝડપ

માત્ર કાબેલ જ નહિ, પણ પારકી છઠ્ઠીના જાગતલ એવા ડૉક્ટર ગઢવીસાહેબ જન્મદિવસની પાર્ટી અધૂરી મૂકીને જ...! કોઈનો આજનો દિવસ મૃત્યુદિન બની જાય એ તેમને પસંદ નહોતું. ઊબડખાબડ, સૂમસામ ને કાચો રસ્તો, પણ નિર્ધાર પાકો એટલે...! એમણે કારમાં જાણે નાનકડી હૉસ્પિટલ ખડી કરી દીધી!

દુર્ભાગ્ય-સદ્ભાગ્ય એકસાથે પોતાનો રંગ બતાવી રહ્યાં. અચાનક કારમાં પંચર. સામે જ પંચર સાંધનારાની કૅબિન. એ કોઈની કાર ઠીક કરી રહ્યો હતો. હજી એકાદ કલાકનું અંતર ને ઇમરજન્સી હોઈ એ કામ અટકાવી પહેલાં પોતાનું કામ કરી દેવા ડૉક્ટરે એને વિનંતી કરી, પણ એ કારનો માલિક, તરવરિયો યુવાન વચ્ચે જ બોલી ઊઠ્યો, ‘વહેલો તે પહેલો. નિયમ એ નિયમ. એણે મારું કામ ચાલુ કરી જ દીધું છે. હવે એને આમ અધવચાળે કેમ મુકાય? ને ઉતાવળ તો મારેય છે.’

ડૉક્ટરે પરિસ્થિતિ સમજાવી એનેય વિનંતી કરી; પરંતુ... ‘તમારું કામ કરશે એમાં અર્ધી પોણી કલાક તો સાચી જ. મારું તો હવે થોડું જ કામ બાકી છે. એટલે ખોટી વાત કરો મા. ને બહુ એવી ઉતાવળ ફાટી નીકળી હોય તો પંચરવાળાને એમ કહો કે “આ ભાઈનું કામ ફટાફટ કરે એટલે મારો વારો જલદી આવી જાય, શું સમજ્યા? ને એલા એય, ઝડપ કર ને? આ ડૉક્ટરની ને મારી વાતમાં સમજ પડે છે કે નહિ?’ એ તાડૂક્યો ને મિકૅનિકે નિરુપાયે એ યુવાનની કાર સરખી કરવાનું કામ ચાલુ રાખ્યું; પણ હવે પહેલાં કરતાં જરા ઝડપથી...

....સમયસર સારવાર મળવાથી દર્દી બચી ગયો. સગાંવહાલાં સૌ ડૉક્ટરનો આભાર માની રહ્યાં એટલે ડૉક્ટરે સ્પષ્ટતા કરતાં કહ્યું ‘આ બધો જશ મને નહિ, પણ ઈશ્વરને જાય છે. આ તો ઈશ્વરની કૃપા.’

...ડૉક્ટરે ફરી પેલા પંચર સાંધનારાની કૅબિને પહોંચી એક નજર ફેંકી. પોતાની કાર હવે ઠીક થઈ ગઈ હતી. એણે જેનો વાંસો થાબડ્યો એ ઈશ્વર નામધારી તરવરિયા યુવાનની કાર ધૂળથી ભરાઈ ગઈ હતી ને આંખો ખુશીનાં આંસુથી...!

બોજ

‘જૂનાં છાપાં, પસ્તી, ભંગાર.. કંઈ દેવાનું છે?’

‘એ રવજી ઊભો રે’

રવજીએ ઊભાં ન રહેતાં કહ્યું, ‘હજી ચાર દિ’ મોર્ય જ હું તમારા ઘરેથી છાપાંની પસ્તી ને પરચૂરણ ભંગાર લઈ ગ્યો’તો, ને હવે તો તમે ઈવડું ઈ છાપુંય બંધ કરી દીધું છે. આજે રવિવાર, બોણીમાં થોડાંક ચોપડા-ચોપડી હોય એમાં કંઈ શુક્કરવાર ન વળે બા.’

‘અરે પણ તું આવીને જરા જો તો ખરા! ન્યાલ થઈ જાઈશ ન્યાલ. અમે તો થઈ ગ્યાં! તું જાણીતો થઈને આમ કાં કરે! તારા સિવાય અમે કોઈને પસ્તી આપીએ છીએ, બોલ જોઉં?’

.... રવજી તો ટેં થઈ ગયો! પરસેવે રેબઝેબ. બે ફેરા કરવાનું નક્કી કર્યું, નહિતર રેંકડીમાં પંચર પડવાની ધાસ્તી. આટલી બધી પસ્તી?

‘બા, તમે બાજુની આ તમારી જમીનનો ટુકડો કાં કાઢી નાખ્યો? એ જમીન તો લગડી હતી લગડી. ને દીકરી રાધા કેમ હમણાંની દેખાતી નથી?’ રવજીના સવાલ બે હતા, પણ તેનો જવાબ એક જ.. હા, રાધાને ખાનગી કૉલેજમાં એડમિશન મળ્યું હતું. તે એન્જિનિયરિંગની મોંઘીદાટ ડિગ્રી લેવા, ભણવા-રહેવા બહારગામ ગઈ હતી.

બારમું સાયન્સ આવ્યું-ગયું ને માબાપનું જીવતેજીવ બારમું...!

આ લોકોએ ચોપડાની દુકાન ખોલી કે શું? રવજીને આવો પ્રશ્ન પણ થયેલો; પરંતુ...! તે દિ’ બધું ઉપાડતાં એની કમર એની જિંદગીમાં પહેલી વાર બેવડ વળી ગઈ. આ લોકોની કમર પણ...! રવજી ઢગલો થઈ ગયો. ડુંગર જેવો મસમોટો ઢગલો!

બારમા ધોરણના અપેક્ષિત પ્રશ્નસંગ્રહો, ગાઇડ, પ્રેક્ટિસબુક, પુસ્તકો, નિશાળ તેમ જ ટ્યૂશનક્લાસના એસાઈન્મેન્ટ, ચોપડા વગેરે...! આ પસ્તી કાંઈ એટલી સસ્તી નહોતી!

સૌંદર્ય

ઈશા દેખાવમાં અતિ સામાન્ય. વાતચીતમાં ઢીલી. પહેરવેશના કે ચાલવાનાય બહુ ઠેકાણાં નહિ. ચાલે હવે એ તો, પણ અજય પર હુકમ ચલાવતી વખતે કોઈ વખત ઈશાનો સામાન્ય ચહેરો અસામાન્યપણે ભયંકર બની જતો. કોઈનીય સાડીબાર ન રાખે. અજયના બાર વાગી જાય, ભીડ વચાળે એને કોડીનો કરી નાખી પોતાનું જ રાજ ચલાવવામાં એને કદી લાજ ન આવતી. અજયનું ખરાબ કે ખોટું દેખાય છે કે પોતે ખોટું કરી રહી છે એવો વિચાર કે અફસોસ જ નહિ ને! એનો ક્રોધ સાતમા આસમાને, ને લોકો ધરાશાયી! ટાણું-કટાણું જોયા વિના મોઢું કટાણું કરી એ અજયને..!

ક્યારેક ઈશા અજય ઉપર હાથ પણ ઉપાડી લેતી. જોકે મોટા ભાગે તો એ હાથ ઊંચો કરી મારવાનો ખાલી ચાળો કરે એટલું જ...પણ ત્યારે ઘણી વાર લોકોને એ બહુ ભદ્દી લાગતી ને અજયને એ ભલી. બેડોળ, કઠોર ઈશા સૌથી વધુ સુંદર લાગતી. અતિ સુંદર. ઈશા માટે એની બેડોળની વ્યાખ્યા બદલી જતી. જે ખોટો ડોળ નથી કરતી એ બેડોળ!

લોકો અજયની દયા ખાઈ કશુંક કહેતાં ત્યારે... 'ખરાબીને ઉડાડી દૂર આકાશમાં ફેંકી આવતી મસ્ત પરી. મિસિસ યુનિવર્સનો અવૉર્ડ જો કોઈને આપવાનો હોય તો એ ઈશાને જ મળે, બીજા કોઈને નહિ. ભલે ને એ ગમે તેવી સામાન્ય લાગે! હું શરીરની નહિ, હૃદયની વાત કરું છું.' દર વખતે અજય આવું કાંઈક કહેતો.

'બિચારો અજય! આવું કહી સચ્ચાઈથી દૂર ભાગે છે. એ બીજું કરે પણ શું?...' લોકો આમ મશ્કરી કરી સહાનુભૂતિનો ઢોંગ કરતા.

આજે અજયની જય બોલાવાય છે. તે માણસાઈ તેમ જ દોલત.. એમ બેય રીતે મોટી જમાપૂંજી ધરાવે છે, કારણ કે...! લોકો માનતા કે 'માંગ્યાં વિના માય ન પીરસે.' અજય કહેતો, `માંગ્યાં વિના મા જ પીરસે.' તડ-તડ ફૂટતી ધાણી જેવી ઈશાની વાણી અટકતી નહીં. જોકે આવુંબધું એ ત્યારે જ કરતી જ્યારે અજય કંઈક ખોટું કરે કે કરવા જાય. કોઈને હેરાન કરી ખુશ થવાની દાનત ઈશાને ન ગમતી. અજય બગડી જાય તો એનો મિજાજ બગડતો ને દેખાવ વધુ ગગડતો.

બેડોળ ઈશા અજયને ક્યારેય કદરૂપી કે ક્રૂર નહોતી લાગી. હા, ઈશા તેની મા હતી.

નજીક

સલૂણી સંધ્યા, સૂરજની આવતીકાલના નવા દમદાર ઉદય માટે અત્યારે ભવ્ય વિદાયની તૈયારી, અફાટ સાગર...! મનોરમ દૃશ્યો હતાં, પણ થોડે દૂર રેતીમાં બેઠેલું યુગલ કોઈ નજીવી વાતે અકારણ..! દરિયાનાં મોજાં પોતે એકલાં-એકલાં જ ભીંજાતાં હતાં. પ્રકૃતિના સૌંદર્યનો ખજાનો હતો તો મજાનો ને તગડો, પણ પતિ-પત્ની વચ્ચે માહોલ હતો સજાનો ને જામ્યો તો એમની વચ્ચે નાનો ઝઘડો. બેય સાગરકિનારે આખું ને આખું ઘર ઊંચકીને આવ્યાં હતાં. ત્યાં જ, એનાથી થોડે જ દૂર કેટલાંક ભૂલકાં આવ્યાં ને બૂટ-મોજાં ઉતારી સાગરનાં મોજાંને સંગાથ દેવાં માંડ્યાં. રેતીનું ઘર બનાવવાં લાગ્યાં. ખોટેખોટું ઘર રચી સાચુકલું જીવવાનું!

રેતી ખંખેરી બેય ઊભાં થઈ ગયાં. રેતીની જેમ કંકાસ પણ ખંખેરી નાખવામાં આવે તો કેવું! પત્ની સરોષ મોં ફુલાવી ઉતાવળે આગળ ચાલી ને પતિ એની પાછળ... અચાનક, પગમાં ખડકની ધાર લાગતાં પત્ની આછેરી ચીસ સાથે બેસી પડી ને પતિ દોડ્યો.

‘શું થયું?’ આરંભે પૃચ્છા થઈ ને પછી દર્દ ઘટાડવાની ઇચ્છા. પતિએ હળવે હાથે પહેલાં તો એની દુઃખતી જગ્યાએ હાથ ફેરવ્યો ને ત્યાર બાદ એના બરડે. એ બોલ્યો, ‘ખોટો દુઃખતી નસ પર હાથ મુકાઈ ગયો હતો, નહિ?' પત્નીએ પતિ સામે જોયું. હવે થોડી રાહત વર્તાતી હતી. દર્દ દૂર જઈ રહ્યું હતું. ‘ચાલ હવે જલદી ઘરે પહોંચી જઈએ. જો તને સોજો ચડવા માંડ્યો. આ સોજાનું તો એવું કે ધ્યાન ન આપીએ તો એ વધી જાય.’

‘ના, આ તો જરા અમથું જ. મને વાગ્યું જ નથી.’ પત્નીને સોજામાં નહિ, હવે મોજાંમાં રસ હતો. તે ખોડંગાતી ચાલે પતિનો ટેકો લઈ બોલી, ‘ચાલ પાછાં સાગરકાંઠે. મારે હવે...’

સાગરકાંઠે પહોંચતાં જ.. ‘આ મોજાંનું તો એવું કે એના સિવાય બીજે ક્યાંય ધ્યાન ન રાખીએ તો આપણને.. લુચ્ચું ક્યાંનું! મારો હાથ તો પકડ! જો મોજું બહુ મોટું આવે છે.’

‘એના કરતાં એમ કહી દે ને કે એ બહાને તારે.. લુચ્ચી ક્યાંની!’

ખુશખુશાલ મોજાને મસ્તી સૂઝી. ધસમસતા એક મોટા મોજાએ બેયને...! હવે બેય ભીંજાતાં હતાં. ઘણુંબધું તણાઈ ગયું હતું! પેલાં બાળકો રેતીનું ઘર અનેકવાર હતું – ન હતું થઈ જવા છતાં વારંવાર આનંદભેર નવું ઘર સર્જી રહ્યાં હતાં.

શ્રવણ

ટેલિવિઝન સેટની આસપાસ વીંટળાયેલાં સૌ કોઈ ઝૂમી ઊઠ્યાં. તે દિવસે ઘરમાં શુભ પ્રસંગ, એટલે બહારથી આવેલા સગાંસંબંધીઓ પણ હતાં. ઘરનો ડ્રૉઇંગરૂમ આખો ભરાઈ ગયો હતો. એક પછી એક અભિપ્રાય... 'કેવું સુંદર ગાય છે? કંઠ કેવો સૂરીલો? આ જો એણે કેવી મસ્ત તાન લીધી?' દાદરા તાલમાં ગવાતું આ ગીત લગભગ ચાર મિનિટ ચાલવાનું હતું. હજી તો ગીત શરૂ થયાને એકાદ મિનિટ માંડ થઈ હશે, ત્યાં તો ધૈવત મોં બગાડી, ઝટપટ દોડી ઉપરનો દાદરો ચડી ગયો, ને એ જોઈને..

'કહેવાય સંગીતનો જાણકાર, શોખીન..પોતે પણ સારું ગાય છે; પરંતુ એ જ માણસ આમ અધવચાળે આવું મસ્ત ગીત છોડીને...? અમુક માણસ જ એવા હોય કે પોતાના કરતાં કોઈ ચડિયાતું નીકળે એ સહન કરી જ ન શકે. સંગીતનો માણસ જ સંગીતની કદર કર્યાં વિના આમ...!' થોડા આવા મત રજૂ થયા ને ફરી બધા ગીત તરફ વળ્યા. 'શું બાકી અવાજ છે! આ ગાયિકા એક દિવસ આગળ જરૂર આવશે. ગાયકી અદ્ભુત છે હો. જો અહીં એણે સ્વરને કેવો આબાદ લડાવ્યો હો. ક્યા બાત હૈ! જસ્ટ સુપર્બ! કહેવું પડે હો બાકી. આખા ગીતમાં ક્યાંય કચાશ નથી. વાહ. તમે જુઓ એના એક-એક શબ્દનો ઉચ્ચાર પણ કેવો સાચો ને ચોખ્ખો! ધૈવતે હાથે કરીને ગુમાવ્યું! સૂર, લય, તાલ, શબ્દ, ગીતની પસંદગી...બધામાં માસ્ટરી...' આખા ગીત દરમિયાન વારંવાર સૌ કોઈ એ ગાયિકાને ને ગીતને આમ વખાણી રહ્યાં. અંતે ગીત પૂરું થયું ને તાળીઓના ગડગડાટથી એ ખંડ ગુંજી ઊઠ્યો.

ગીતના અંતે તાળી તો સંગીતપ્રેમી ધૈવતે પણ પાડી હતી. તેણે ઉપરના ખંડમાં રહેલો ટી.વી. સેટ ચાલુ કરી એ ગીત ખરેખર સાંભળ્યું ને માણ્યું હતું. તે એવો તો મંત્રમુગ્ધ, લીન થઈ સાંભળતો હતો કે એક શબ્દ પણ તેણે...! ચાલુ ગીતે પ્રગાઢ મૌન તેને ઘેરી વળ્યું હતું.

જીવનરસ

'મનુની મા, કહું છું સાંભળે છે? હું તો વાજ આવી ગયો આપણા આ મનિયાના વાનરવેડાથી. ન જોયો હોય મોટો દાનેશ્વરી પરદુઃખભંજન!

'શું છે તે ક્યારના બૂમાબૂમ કરો છો?' સવારના પો'રમાં...'

'તો બીજું શું કરું? પોતે સરખું ખાતો નથી ને દાનેશ્વરી કર્ણનો અવતાર હોય એમ બીજાને આપી દે છે. પેલા છગનાને 'બિચારો ગરીબ' કહીને આખેઆખી કેરી એમનેમ આપી દીધી. ને કાલે કેસરની છ ચીરમાંથી ત્રણ જ ખાધી. બાકીની ગૌરી ગાયને ખવડાવી દીધી! મફત આવે છે?'

'પણ બાપુજી, ગાય ભાંભરતી'તી. એને ભૂખ ન લાગે?'

'લ્યો આ આવી ગયો આપણો જીવનદયાપ્રેમી દીકરો. ખબરદાર હવે દોઢડાહ્યો થયો છે તો. આજે મારી હારે જ જમવા બેસ હુંય જોઉં છું કે તું કેમ હવે એને ચીર આપે છે?'

... મનુએ આજે બે-ત્રણ ચીર વધુ માંગી, પણ આજે એણે કમને બાપુજી હારે જ જમવું પડ્યું. કેરીની બધી ચીર ચૂસી જવી પડી, બાપુજીની નજર સામે જ...!

ગૌરી ગાય સામે જોતાં-જોતાં પિતાજી વિજેતાની અદાથી મલક્યા ને મનુ પણ...! રસકસ વગરની સાવ છોતરાં જેવી છાલ, એ તો જાણે રોજનું હતું, પણ સાવ ઘસીઘસીને ન ખવાઈ હોય એવી જાડી-જાડી ચીર આજે પહેલી જ વાર ગૌરી ગાયને ખાવા મળી હતી.

આરોહણ

અરુણ જતાં-જતાં નભમાં અવનવા રંગો પાથરી સંધ્યાને ભાતીગળ બનાવી રહ્યો હતો ત્યારે અરુણા હૉસ્પિટલમાંથી પોતાના ઘરે આવી રહી હતી. પિતાજીનું હેતાળ હૈયું સ્વયંને પૂછી રહ્યું હતું કે જે દીકરીને આટલી બધી શારીરિક ને માનસિક પીડા વેઠવી પડી એને આઘાતમાંથી બહાર કેમ લાવવી? અરુણાએ બેઠા થવાનો પ્રયાસ કર્યો, પણ...! ... `બહુ ખોટું થયું. તારી આ લાચાર સ્થિતિ અમે જોઈ નથી શકતા. તું ચાલી નહીં શકે એની કલ્પના કરતાંય અમને કંપારી છૂટે છે. હે ભગવાન, તેં આની સાથે આવું કેમ કર્યું?' દર્દીને ઘેરો વળીને ઊભાં રહી ગયેલાં સ્વજનો ચિંતા અને નિરાશામાં આવુંબધું કહી રહ્યા હતાં, એ જોઈ ગૌરીબહેને વાત બદલી. 'બેટા, તું ચિંતા ન કરતી. સૌ સારાં વાનાં થશે.'

શંકરભાઈ કહે, 'હા દીકરી, તું હિંમત ન હારતી હો! હું તારા પગ બનીશ.' અરુણા બધા સામે જોઈને બોલી, 'આ બેય બારી બંધ કાં રાખી? એ તો ખોલો! મારે અંધારામાં ચમકતા તારા જોવા છે ને સવારે ફરી ઊગતો સૂરજ પણ...! પપ્પા, મને તો એમાંથી પર્વત પણ દેખાશે હો! મારા પગ કપાઈ ગયા એવું કોણે કીધું? કાલે હૉસ્પિટલમાં ભારે દવાને લીધે બપોરે હું સૂઈ ગઈ હતી ને, ત્યારે મને સપનું આવ્યું'તું કે હું પરી બનીને ઊડું છું, દવા ભારે ને હું હળવીફૂલ! મારી પાંખો મારા પગ બનીને...' નરાધમોએ જેને ચાલુ ટ્રેનમાંથી બહાર ફેંકી દીધી હતી એ નારીએ નકારાત્મકતાને બહાર ફેંકી દીધી હતી.

બારી ખૂલી ને અરુણાએ પોતાના હૃદય પર ડાબો હાથ મૂકીને કહ્યું ' પપ્પા, તમે મારા પગ નહીં, મારા વિશ્વાસનો રંગ બનજો. હું જ મારા પગ બનીશ. પપ્પા, તમારું નામ શંકર ને મમ્મીનું નામ ગૌરી. મારે તો ગૌરીશંકર શિખર એટલે કે હિમાલયનું શિખર માઉન્ટ એવરેસ્ટ સર કરવું છે.' પિતાજીએ અરુણાના મસ્તકે બંને હાથ મૂકી કહ્યું 'દીકરી, વિજયી ભવ.'

આશીર્વાદ ફળ્યા હતા ને તપશ્ચર્યા પણ...!

(ગૌરીશંકર શિખર સર કરનાર નારીરત્ન
શ્રી અરુણિમા સિન્હાની રચનાત્મકતાથી પ્રેરિત કૃતિ)

ચિત્ર

નાનકડો શ્યામ ચિત્ર દોરવામાં આટલો બધો નિપુણ બની જશે એની તો કોઈને કલ્પના પણ નહોતી! એ પોતાની કલ્પનાસૃષ્ટિમાં લીન થઈ કોયલ, કાબર, ગાય, રંગોળી.. એ બધું એવું તો સરસ દોરે કે ભલભલા મોટા ચિત્રકારોનેય એ પાછળ રાખી દે. એની આંગળીઓની આ કમાલ જોઈ સૌ મોંમાં આંગળા નાખી જતા! ચિત્ર દોરીને એ હોંશભેર ઘરમાં બતાવે, શેરીમાં દોડી જાય ને બધાની વાહવાહ મેળવે. બાર વર્ષની ઉંમરમાં તો એનાં ચિત્રો પ્રખ્યાત સામયિકો, સમાચારપત્રો, વગેરેમાં પ્રસિદ્ધ થવાં માંડ્યાં.

પણ હવે તો શ્યામ ચિત્રકળામાં ચાર ચાસણી ચડ્યો. એણે પિતાજી મનોજનું ચિત્ર એવું તો આબેહૂબ દોર્યું કે... 'ખુરશીમાં બેઠેલા પિતાજી, એનો નાકનકશો, એના હાવભાવ. બેસવાની સ્ટાઈલ, વાળેલા પગ...' જાણે અસલ મનોજ જ જોઈ લ્યો. કાર્બન કૉપી. અદ્ભુત સ્કેચ! એણે હોંશભેર આ ચિત્ર ઘરમાં બતાવ્યું. માબાપ પરસ્પર જોઈ જ રહ્યાં. હા, અત્યાર સુધી તો શ્યામ ચિત્રો જ દોરતો હતો, પણ હવે તો એને માણસનો ચહેરો જોઈ અદ્દલ એવો ચહેરો ચીતરતા પણ આવડી ગયું હતું! એમાંય ચિત્ર દોરવા માટે માણસ સામે ને સામે સતત બેઠો રહે એવુંય નહીં. શ્યામ એક વાર ધ્યાનથી જોઈ લે એટલે પૂરું. એ માણસની હાજરી વિના આબેહૂબ એવું જ ચિત્ર એ દોરી બતાવે!

શ્યામ જેવો શેરીમાં જવા ગયો કે પિતાએ એક ભૂલનો ઉલ્લેખ કરી એને અટકાવ્યો. પત્ની વીણા કહે, 'અરે, એણે તો તમે જેમ બેઠા'તા એ મુજબ જ તમારું ચિત્ર અસલ બનાવ્યું છે. કૅમેરામાં તમારો ફોટોગ્રાફ પાડ્યો હોય એમાં હજી કદાચ ભૂલ હોય, પણ શ્યામે દોરેલા આ ચિત્રમાં જરાય ભૂલ નથી જણાતી, તો પછી તમે કેમ...!'

'વીણા, ભૂલ એની નથી, મારી હતી એટલે આ ચિત્ર ચિત્રવિચિત્ર લાગે છે.'

બે દિવસ પછી શ્યામે પિતાજીનું બીજું ચિત્ર દોર્યું, ને એ જોઈ હવે પિતાજીએ ઉન્નત મસ્તકે સંતોષ વ્યક્ત કરી શ્યામની પીઠ થાબડી. હવે એનું મસ્તક નીચે ઝૂક્યું નહોતું. પેલી ભૂલ સદાને માટે નીકળી ગઈ હતી.

આ બીજું ચિત્ર આમ તો સરખું જ હતું, ખાલી એક જ ફરક હતો. એમાં હવે હાથમાં સિગારેટ નહોતી.

હિસાબ

સ્વાદશોખીનોના મોઢે એક જ નામ. 'પાણીપૂરી તો રવજીની જ...' એની પાણીપૂરી આખા ગામમાં પ્રખ્યાત. રવજી થોડોક આખાબોલો ને તોછડો ખરો, પણ હાથનો ચોખ્ખો ને એના હાથમાં જાદુ. અત્યારે પણ એની રેંકડીએ ઘરાકી જામી હતી.

અચાનક ભીડને ચીરતી એક છોકરી રવજીની સામે પ્લેટ ધરીને ઊભી રહી ગઈ. રવજી એને જોતાં જ... `આ ભીડ તને દેખાતી નથી તે વચ્ચે આમ ઘૂસ મારે છે? અત્યારે પૈસા કમાવાનો ટાઇમ છે. મને ખોટી કર મા. જા ભાગ અહીંથી. જાય છે કે પછી દઉં એકાદ ધોલમાં? ખબરદાર જો...' તે છોકરી વીલા મોઢે, ઢીલા પગલે પાછળ હટી ગઈ.

એ છોકરીને ભૂખ લાગી હતી ને પાણીપૂરી ખાવાનું મન પણ હતું એટલે ઉતાવળમાં થોડી લઘરવઘર વેશે આવી હતી. પપ્પાએ આપેલી રૂપિયા દસની ચોળાયેલી નોટ સામે એ જોઈ રહી. માણસ લઘરવઘર હોય એટલે એને ભૂખ ન લાગે એવું થોડું છે? એય માણસ છે.

લોકો પાણીપૂરી ઉપર તૂટી જ પડ્યા હતા. 'આમ ને આમ પાણીપૂરી પૂરી થઈ જશે' વિચારી પેલી છોકરી ધક્કો મારતી-મારતી ફરી સૌથી આગળ આવીને ઊભી રહી ગઈ.

રવજીએ પહેલાં તો ગુસ્સાભરી નજર એની સામે કરી, ને પછી એ નજર નીચી થઈ ગઈ. એણે એ છોકરીની પ્લેટમાં ફટાફટ ત્રણ પાણીપૂરી મૂકી દીધી. દસની નોટ રવજી સામે ધરતા એ છોકરીએ આજીજીપૂર્વક કહ્યું હતું. 'હવે તો મને પાણીપૂરી આપશો ને પપ્પા?'

રૂપાંતર

'છૂક-છૂક' ચાલી જતી ટ્રેન 'વાંસજાળિયા' સ્ટેશન આવતાં જ એક તીણી વ્હિસલ સાથે અટકી ગઈ. આ ટ્રેનનું આ છેલ્લું સ્ટેશન. જોતજોતામાં ટ્રેન ખાલીખમ. આમાંથી જેમને આગળ જવાનું હતું એ રાજકોટથી વિરમગામ સુધીના મુસાફરો પ્લૅટફૉર્મ પર બીજી ટ્રેનની રાહ જોઈ રહ્યા. નાનકડો હર્ષ રાજનને પૂછી રહ્યો, 'હેં પપ્પા, આ ગાડી જ્યાંથી આવી હતી ત્યાં એટલે કે પોરબંદર પાછી ચાલી જવાની. આ જ ગાડી રાજકોટ સુધી કેમ ન જાય? આપણે ગાડી બદલવી, સામાન ફેરવવો... એ બધી ઝંઝટ જ નહીં ને!'

'બેટા, આ ગાડી મીટરગેજની છે, ને રાજકોટ જવા જેમાં બેસશું એ ગાડી બ્રોડગેજની.'

'પપ્પા, મીટરગેજ ને બ્રોડગેજ એટલે? એમાં ફરક શું? ને આ ગાડી રાજકોટ સુધી કેમ ન જાય?'

' જો બેટા, આ પાટા જો. આ મીટરગેજના. એ નાના ને સાંકડા છે ને? ને હવે પેલા પાટા જો. એ મોટા ને પહોળા. આપણે જેમાં આવ્યા એ ગાડી આ મોટા પાટા પર ન ચાલી શકે. એ થોડી નાની, ઝાઝા પેસેન્જર્સ એમાં બેસી ન શકે. એની ગતિય ધીમી. તું બેઠો'તો ત્યારે ગાડી હાલકડોલક પણ થતી હતી ને? પણ આ બ્રોડગેજના મોટા પાટા પર જે ગાડી આવશે એની ગતિ આ મીટરગેજની ટ્રેન કરતાં ઘણી વધારે ને એમાં ડબ્બાય ઝાઝા, મુસાફરો બેસાડવાની એની ક્ષમતા પણ વધારે ને એ ચાલશે ત્યારે આમથી તેમ હલતી નહીં હોય. હા, પણ જો, નવી ગાડીમાં અજાણ્યા સાથે ઝાઝી વાતું ન કરતો. આપણે આપણા કામથી મતલબ. પહેલાંની જેમ જ.. શું સમજ્યો?'

'પણ પપ્પા, આમાં તો એવુંય થાય ને કે આ ટ્રેનમાં જે આપણી બાજુમાં બેઠાં'તા તે લોકો આ નવી ટ્રેનમાં આપણી બાજુમાં ફરી ન પણ આવે. બધા દોડીદોડીને જે ખાલી હોય એ ડબ્બામાં બેસી જાય ને?'

જોકે એવું ન બન્યું. બીજી ટ્રેનના કમ્પાર્ટમેન્ટમાં પણ એ જ જૂના મુસાફરો રાજનને...! રાજને મોં બગાડ્યું. પોતાનો સામાન ગોઠવી પછી સુધીરે રાજનને કહ્યું, 'તમારો સામાન આમ તમારા પગ અડે એમ કાં રાખ્યો? નીચે આટલી બધી જગ્યા છે ત્યાં રાખી ધો! લ્યો હું મારો મોટો થેલો ઉપર રાખી દઉં એટલે તમારો સામાન સરખો રહી જાય ને તમને બેસવુંય ફાવે.' રાજનની સૂટકેસ વજનદાર. પહેલી વખત માંડમાંડ એણે...! સપરિવાર યાત્રા કરી રહેલા સુધીરે એ સૂટકેસ ઉપર ચડાવી રાજનનું કામ પણ કરી દીધું.

લીલી ઝંડી મળતાં જ ગાડી પાટે ચડી ગઈ, સડસડાટ! થોડીવાર પછી, રાજને થેલામાંથી નાસ્તો કાઢ્યો ને કહ્યું, 'સુધીરભાઈ, નાસ્તો લ્યો. તમારી ના-બા નહીં ચાલે. લેવો જ પડશે. ને તમે બધા આમ સાંકડમુકડ કાં બેઠાં? મારી બાજુમાં આટલી બધી જગ્યા છે. આવો...' એ થોડું હટ્યો, ઝાઝું હસ્યો ને બધા નિરાંતે બેઠા.

હર્ષ કહે, 'પપ્પા, આ ટ્રેન કેવી મોટી! આમાં પડી જવાનીય બીક નહીં. પેલું તમે શું કીધું'તું... બ્રોડગેજ...?'

જગ્યા તો મીટરગેજ ટ્રેનમાં પણ હતી ને નાસ્તો પણ; પરંતુ ત્યારે રાજને...!

સમદૃષ્ટિ

સુજાતાએ નજર દોડાવી, થોડી રાહ પણ જોઈ; પરંતુ એકેય રિક્ષા નજરે ન પડી. કાયમ ત્રણ કિલોમીટર કૉલેજે ચાલીને જતી સુજાતાને ચારેક કિલોમીટર જેટલું અંતર વધુ ન લાગ્યું. એણે ઝડપભેર ચાલવા માંડ્યું. ચાલીને જવું એ તેની ટેવ ને એનો શોખ બંને. પપ્પાનો આવતીકાલે જન્મદિવસ હોઈ ભેટ લેવા એક દિવસ વહેલી ગયેલી સુજાતાએ વસ્તુની પસંદગીમાં ઘણો સમય લેતા મોડું થઈ ગયું હતું. સાંજ પોતાનાં વાઘાં સમેટીને રાતને 'આવજો' કહી આવવાનું ઈજન ક્યારનુંય આપી ચૂકી હતી. થોડી વાર પછી આવતા વળાંક બાદ રસ્તો સાવ સૂમસામ...

સુજાતા જેવી વળાંક આગળથી પસાર થઈ એટલે ત્યાં એક ઝાડના ઓટે બેઠેલા જગુની નજર એના પર પડી. એ ઊભો થઈ એની પાછળ-પાછળ ચાલવા માંડ્યો. લોલુપ નજર અને ઉતાવળા પગ બેય જાણે સંપીને ચાલતાં હતાં. 'આ તો આકડે મધ ને એય માખો વગરનું..' વિચારતા એ ખંધુ હસ્યો. સુજાતાએ પાછળ ફરીને જોયું. એની ચકોર આંખો પળવારમાં બધું પામી ગઈ. એણે ચાલવાની ગતિ વધારી, પણ કર્મની ગતિ ન્યારી છે ને? જગુ દોડવા માંડ્યો હતો. આ જોઈ સુજાતાએ પણ દોટ મૂકી, પણ થોડી વારમાં તો એ હાંફી ગઈ. જગુ એની લગોલગ આવી પહોંચ્યો હતો. એણે હોઠ પર જીભ ફેરવી, ને સુજાતા પોતાની જીભથી એને આજીજી કરી રહી, 'ભગવાનને ખાતર મને જવા દો, મને છોડી દો.' પણ જગુએ કશું બોલ્યા વિના એને ચૂપ કરી દીધી. છરી નાનકડી પણ ધારદાર હતી.

થોડીવાર પછી જગુએ એક ફોન કરી હાશકારો અનુભવ્યો ને પછી એ ઉગ્રતાભેર સુજાતાને કહી રહ્યો, 'આવી સૂમસામ જગ્યાએ અટાણે આમ એકલું જવાય? ને એય ચાલીને? તારી અક્કલ ઘાસ ચરવા ગઈ'તી કે શું? ચાલ, હું તને તારા ઘર લગી મૂકી જાઉં. ડર મા મારી બહેન, મારા પર ભરોસો રાખ. આ છરી જોઈ છે? અટાણે ઘણા બદમાશો મારી જેમ આ બાજુ રખડતા હોય, પણ આ છરી કોઈની સગી નહીં થાય. હું એનોય બાપ છું, શું સમજી?'

'તું ક્યાં છે? પાંચને બદલે સાડા સાત થવા આવ્યા. આટલું બધું મોડું કોઈ દી'...! તું જરાક તપાસ તો કર. પાછો ફોનેય નથી લાગતો...' માનો ફોન આવ્યો હતો ને જગુએ છરી પહેરણમાં મૂકી દીધી હતી.

જગુની બહેન હંસા હજી ઘરે નહોતી આવી.